ગુજરાતી

# બાલભારતી

## ધોરણ-આઠમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

## ગુજરાતી

# બાલભારતી

## ધોરણ-આઠમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.

8C5HZV

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા | | **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ** |
| સમિતિ સદસ્ય | : | ડૉ. મધુ સંપટ |
| | | શ્રીમતી ભગવતી પંડ્યા |
| | | શ્રીમતી પ્રતિમા પંડ્યા |
| ગુજરાતી | : | સુશ્રી ઇલા શુક્લ |
| અભ્યાસ જૂથ | : | શ્રીમતી સ્મિતા દવે |
| | | શ્રીમતી જ્યોતિ ખખ્ખર |
| નિમંત્રિત | : | શ્રી પ્રફુલ આર. શાહ |
| | | શ્રીમતી જનક દાવડા |
| | | શ્રીમતી હીના લિલાણી |
| | | શ્રીમતી વંદના પંચાલ |
| | | શ્રીમતી જિજ્ઞા કાપડિઆ |
| | | શ્રીમતી મંજરી ગુમાસ્તે |
| | | શ્રીમતી ઊર્મિલા શાહ |
| | | શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી |
| | | શ્રી. ધીરેન મનસુખલાલ દોશી |
| સદસ્ય-સંયોજક | : | શ્રીમતી કેતકી નિતેશ જાની |
| સંયોજન પ્રમુખ | : | **શ્રીમતી કેતકી નિતેશ જાની**<br>વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪. |
| ચિત્ર | : | શ્રી. સંજય પટેલ |
| નિર્મિતિ | : | **શ્રી. સચ્ચિદાનંદ આફળે**<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>**શ્રી. સચિન મહેતા**<br>નિર્મિતિ અધિકારી<br>**શ્રી. નીતિન વાણી**<br>સહાયક નિર્મિતિ અધિકારી |
| અક્ષરાંકન | : | સમર્થ ગ્રાફિક્સ,<br>૫૨૨, નારાયણ પેઠ, પુણે-૩૦. |
| કાગળ | : | 70 GSM Creamwove |
| મુદ્રણાદેશ | : | N/PB/2022-23/1,500 |
| મુદ્રક | : | M/S. S GRAPHIX (INDIA) PVT. LTD., THANE |
| પ્રકાશક | : | **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ – ૨૫. |

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

આપ સૌનું આઠમા ધોરણમાં સ્વાગત છે. ધોરણ આઠનું આ પુસ્તક આપનાં હાથમાં મૂકતા અમને અતિશય આનંદ થાય છે.

મિત્રો, આ પાઠ્યપુસ્તકમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક, કૃતિઓ સાથે રાષ્ટ્રીયતાને પોષક, મૂલ્યનિષ્ઠ, રોચક અને લાગણીસભર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પાઠ્ય પુસ્તકમાં આપેલ પાઠ અને કવિતા વાંચીને તમારામાં સર્વધર્મ સમભાવ, સ્ત્રી-પુરુષ સમાનતા, નૈતિકતા, સંવેદનશીલતા, બહાદુરી, રમૂજ-વૃત્તિ તેમજ આધુનિક તંત્રજ્ઞાન વિકસશે.

પુસ્તકમાં આવતાં નવાં-નવાં શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતો થકી તમારી ભાષા સમૃદ્ધિ વધશે, તેવી અપેક્ષા છે.

પુસ્તકમાં આપેલ ભાષિક સમજ, વિવિધ સ્વાધ્યાય તમારી મૌલિકતાને ગતિ આપશે.

આ પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસશે, તેવી ખાતરી છે.

વિદ્યાર્થીઓને અવાર-નવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો-ભણવાનો અવસર મળે અને અધ્યયન પ્રક્રિયામાં મદદરૂપ બને એવું પાઠ્યપુસ્તક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ગુજરાતી ભાષા શીખતી વખતે નૈતિક મૂલ્યો આત્મસાત કરવા, સામાજિક સમસ્યાનું સમાધાન કરવા માટે આ પુસ્તક માર્ગદર્શક બની રહેશે.

'ઍપ'ના માધ્યમથી ક્યૂ. આર. કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત વધુ માહિતી માટે આપને દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થશે.

આશા છે કે આ પાઠ્યપુસ્તકના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

આ પાઠ્ય પુસ્તક ક્ષતિરહિત બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે છતાં પણ કોઈ બાબતે ક્ષતિ જણાય તો તે માટેના સૂચનો આવકાર્ય છે.

આપ સર્વેને શુભેચ્છા !

પુણે

તા. : ૧૮ એપ્રિલ ૨૦૧૮, અખાત્રીજ

ભારતીય સૌર દિનાંક :
૨૮ ચૈત્ર, ૧૯૪૦

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો,

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ

આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી

અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## ધોરણ આઠમું - ગુજરાતી અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ વિદ્યાર્થીઓ સહિત) વ્યક્તિગત અથવા સામૂહિક સ્વરૂપે નીચેની બાબતો માટે પ્રોત્સાહિત કરવા.**<br>• પોતાની ભાષામાં બોલવાની તેમજ ચર્ચા તથા વિશ્લેષણ કરવાની તક આપવી.<br>• ભાષાના સૌંદર્ય અને સૂક્ષ્મ પાસાઓ વિશે ચર્ચા કરવાની તક આપવી.<br>• જૂથમાં કાર્ય કરતી વખતે એકબીજાના કામોની ચર્ચા કરવી, મત લેવો-આપવો, પ્રશ્ન પૂછવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• ગુજરાતીની સાથે પોતાની ભાષાનું સાહિત્ય વાંચવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• પોતાના પરિવાર અને સમાજ સાથે સંબંધિત વિવિધ સાહિત્યનું વાંચન અને તેના વિશે ચર્ચા કરવાની તક આપવી.<br>• પોતાની ભાષા વાંચતી વખતે લખવાના સંદર્ભમાં કૃતિઓ આયોજિત કરવી. જેમ કે- શબ્દરમત, કવિતા, ગીત, પત્ર વગેરે.<br>• સક્રિય અને જાગૃત બનાવવા માટે તૈયાર કરવામાં આવતું સાહિત્ય (જેમ કે - વર્તમાનપત્ર, પત્રિકા, ચલચિત્ર, દશ્યશ્રાવ્ય સાહિત્ય વગેરે) જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની તક આપવી.<br>• કલ્પના શક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ કરનારી ક્રિયા, સર્જનાત્મક લેખ, વિવિધ પરિસ્થિતિઓમાં સંવાદ વગેરેનું આયોજન કરવું અને તેની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય તથા અહેવાલ લેખનની તક આપવી. | **વિદ્યાર્થીઓ**<br>08.05.01. વિવિધ વિષયો પર આધારિત વિવિધ પ્રકારનું સાહિત્ય વાંચીને ચર્ચા કરે છે. દા.ત. પાઠ્યપુસ્તકમાં એકાદ પક્ષી વિશે માહિતી મેળવીને પક્ષી વિશે લખાયેલ પુસ્તક વાંચે છે અને ચર્ચા કરે છે.<br>08.05.02. ગુજરાતી ભાષાનું વિવિધ પ્રકારનું સાહિત્ય (વર્તમાનપત્રો, માસિકો, વાર્તા, ઇન્ટરનેટ પર પ્રસિદ્ધ થતું સાહિત્ય) સમજીને વાંચે છે. તે વિશે મૌખિક, લેખિત, સાંકેતિક ભાષામાં પ્રતિક્રિયા આપે છે.<br>08.05.03. વાંચેલા સાહિત્યનું ચિંતન કરીને વધુ આકલન માટે પ્રશ્ન પૂછે છે.<br>08.05.04. પોતાના પરિસરમાંની લોકકથા અને લોકગીતો વિશે માહિતી આપે છે.<br>08.05.05. અપરિચિત ઘટના અને પરિસ્થિતિની કલ્પના કરે છે અને તેના વિશે મૌખિક પ્રતિક્રિયા આપે છે.<br>08.05.06. વિવિધ સંવેદનશીલ મુદ્દા (દા.ત.જાતિ, ધર્મ, લિંગ, વર્ણ, રીતરિવાજ) વિશે પોતાના મિત્ર, શિક્ષક અને કુટુંબના સભ્યોને પ્રશ્ન પૂછે છે. દા.ત.પોતાના પરિસરની વ્યક્તિઓની ઉત્સવ-તહેવાર ઉજવવાની પદ્ધતિ વિશે ચર્ચા કરે છે.<br>08.05.07. કોઈ સાહિત્ય વાંચીને તેના સાહિત્યિક, સામાજિક મૂલ્યો વિશે ચર્ચા કરે છે, તેના કારણો જાણવાનો પ્રયત્ન કરે છે. દા.ત.રામૂકાકાની છોકરી શાળાએ શા માટે જતી નથી ?<br>08.05.08. વિવિધ પ્રકારનું સાહિત્ય દા.ત.વાર્તા, કવિતા, લેખ, અહેવાલ, વૃત્તાંત, નિબંધ વગેરેનું ઝીણવટપૂર્વક વાંચન કરીને તેના વિશે અનુમાન કરે છે. તેનું વિશ્લેષણ કરે છે, તેમાંના મુખ્ય મુદ્દા શોધે છે.<br>08.05.09. વાંચેલા સાહિત્યમાંના નવા શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતોનો અર્થ સમજીને તેનો આસ્વાદ લે છે.<br>08.05.10. કવિતા, વાર્તા વાંચીને લેખનના વિવિધ પ્રકાર અને શૈલી ઓળખે છે. દા.ત. વર્ણનાત્મક, વિવેચનાત્મક, ભાવાત્મક, નિસર્ગ વર્ણનાત્મક વગેરે.<br>08.05.11. વિવિધ રચનાઓ વાંચીને તેનો આસ્વાદ લે છે અને પોતાના સ્તર અનુસાર મૌખિક લેખિત રૂપમાં પોતાના વિચારો રજૂ કરે છે.<br>08.05.12. પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતી વખતે આકલન માટે આવશ્યકતા અનુસાર મિત્ર/શિક્ષકની સહાયતાથી ઉપયુક્ત સંદર્ભ સાહિત્ય (શબ્દકોશ, વિશ્વકોશ, ઇન્ટરનેટ વગેરે) અને અન્ય પુસ્તકોની મદદ લે છે.<br>08.05.13. વાચન અને લેખનના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને પોતાનો મત પ્રભાવી રીતે રજૂ કરે છે.<br>08.05.14. ભાષાની સૂક્ષ્મતા, નિયમનો લેખનમાં ઉપયોગ કરે છે. દા.ત. કવિતાના શબ્દો બદલીને અર્થ અને લય સમજે છે.<br>08.05.15. વિવિધ પ્રસંગે અથવા સંદર્ભમાં બીજાએ કહેલી વાતોને પોતાની ભાષામાં લખે છે. દા.ત.શાળાના કોઈ કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરવાનો પ્રયત્ન કરે છે.<br>08.05.16. પોતાના અનુભવ પોતાની ભાષાશૈલીમાં લખે છે. લેખનના વિવિધ પ્રકાર અને શૈલીનો ઉપયોગ કરીને પોતાના અનુભવો લખે છે. દા.ત. વાર્તા, કવિતા, નિબંધ વગેરે.<br>08.05.17. દૈનિક જીવન કરતાં જુદી ઘટનાઓ, અનુભવો વિશે સર્જનાત્મક લેખન કરે છે. દા.ત. સોશ્યલ મિડિયા પર લખે, સંપાદકને પત્ર લખે વગેરે<br>08.05.18. વિવિધ કલા જેમ કે- હસ્તકલા, વાસ્તુકલા, કૃષિકલા, નૃત્યકલા અને કલામાં વપરાતી ભાષાનો સર્જનાત્મક ઉપયોગ કરે છે. દા.ત. મનમોહક નૃત્યમુદ્રા, નવરસોની અનુભૂતિ વગેરે. |

## અનુક્રમણિકા


| ક્રમ | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | સખી નહિ બોલું | દયારામ | ૧ | ૬ |
| | કાનુડો ન જાણે મારી પ્રીત | મીરાબાઈ | ૪ | ૨ |
| ૨. | સેલ્ફી | યોસેફ મૅકવાન | ૫ | ૮ |
| | વૉટસએપને છોડ | દિલીપ રાવલ | ૧૧ | ૨ |
| ★ | વિભક્તિ | વ્યાકરણ | ૧૨ | ૩ |
| ૩. | સીમ અને ઘર | ઉમાશંકર જોશી | ૧૪ | ૬ |
| | કૃષિ-વિકાસ | સંકલિત | ૧૭ | ૨ |
| ૪. | ઋણાનુંબંધ | કલ્પના જીતેન્દ્ર | ૧૮ | ૮ |
| | સપૂત | શામળ | ૨૫ | ૨ |
| ★ | સંધિ | વ્યાકરણ | ૨૭ | ૬ |
| ૫. | ગુજારે જે શિરે... | બાલાશંકર કંથારિયા | ૨૮ | ૬ |
| | લાવી છું | દેવિકા ધ્રુવ | ૩૧ | ૨ |
| ૬. | હીરાદ્વાર | દુર્ગેશ શુક્લ | ૩૨ | ૮ |
| | પહાડી ચિત્રકળા | સંકલન : રાજેશ્રી પ્રશાંત દાણી | ૪૧ | ૨ |
| ★ | સમાસ | વ્યાકરણ | ૪૩ | ૬ |
| ૭. | હાઈકુ | હરિભાઈ કોઠારી | ૪૫ | ૬ |
| | મુક્તક | હર્ષદ ત્રિવેદી, રમણભાઈ | ૪૭ | ૨ |
| ૮. | આવ, ભાણા આવ ! | શાહબુદ્દીન રાઠોડ | ૪૮ | ૮ |
| | તેનાલીરામ | સંકલિત | ૫૫ | ૨ |
| ૯. | નથી રે જુદાઈ | બાલમુકુંદ દવે | ૫૬ | ૬ |
| | પ્રભુ એટલું આપજો | સંકલિત | ૬૦ | ૨ |
| ૧૦. | રાયચંદભાઈ | મહાત્મા ગાંધીજી | ૬૧ | ૮ |
| | ગાયકની માનવતા | સંત પુનિત | ૬૬ | ૨ |
| ૧૧. | ચારણકન્યા | ઝવેરચંદ મેઘાણી | ૬૭ | ૬ |
| | દીકરી | હર્ષદ ચંદારાણા | ૭૧ | ૨ |
| ૧૨. | લવિન આર્મ્સ | શિશિર રામાવત | ૭૨ | ૮ |
| | મારા અનાથ મિત્રો | જિમ કોર્બેટ | ૭૮ | ૨ |
| ૧૩. | ચાલ મન | વિપિન પરીખ | ૭૯ | ૬ |
| | થાય છે | જયા મહેતા | ૮૨ | ૨ |
| ૧૪. | હું આવી કેમ ? | શરીફા વીજળીવાળા | ૮૩ | ૮ |
| | માની શીખ | ઇલા પાઠક | ૯૨ | ૨ |
| ★ | છંદ | વ્યાકરણ | ૯૩ | ૮ |
| ૧૫. | વાદળજી વાયડાઈ મેલો | નેહા પુરોહિત | ૯૫ | ૬ |
| | વાદળની રેલગાડી | કૃષ્ણ દવે | ૯૮ | ૨ |
| ૧૬. | સાચું ઘી | ગિરીશ ગણાત્રા | ૧૦૦ | ૮ |
| | તો પણ | જોસેફ મૅકવાન | ૧૦૪ | ૨ |
| ★ | પુસ્તક સમીક્ષા | | ૧૦૬ | ૩ |
| | | | કુલ | ૧૭૦ |

# ૧. સખી નહિ બોલું

**દયારામ**

૧૬ ઑગસ્ટ, ૧૭૭૭ના રોજ નર્મદા નદીને કિનારે આવેલા ચાણોદમાં તેમનો જન્મ થયો હતો. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા શ્રેષ્ઠ કવિ નાગર બ્રાહ્મણ હતાં. અલ્પમાત્રામાં શિક્ષણ લીધું હતું. તેઓ શાસ્ત્રીય હવેલી સંગીતના જાણકાર હતાં. પ્રેમલક્ષણા ભક્તિનાં કાવ્યો તેમણે રચ્યાં છે. તેમણે રચેલી 'ગરબી'ઓએ તેમને ગુજરાતી સાહિત્યમાં અનેરું સ્થાન અપાવ્યું છે. ગરબી શૈલીમાં ગીતો રચનારા પ્રથમ મધ્યકાલીન ગુજરાતી કવિ હતા. તેમની કેટલીક જાણીતી કૃતિમાં 'શ્યામ રંગ સમીપે ન જાવું', 'હવે સખી નહિ બોલું', 'ઓ વ્રજનારી' વગેરેનો સમાવેશ થાય છે. ઇ.સ. ૧૮૫૩માં તેઓ અવસાન પામ્યા હતાં.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ગરબીમાં કવિએ રાધા-કૃષ્ણના મીઠા ઝઘડાની વાત કરી છે. રાધા પોતાની સખીને ફરિયાદ કરતાં કહે છે કે, 'કૃષ્ણ મને 'શશીવદની' કહીને ચીડવે છે તે જરાપણ ગમતું નથી. કારણ કે ચંદ્રની કળા તો વધતી-ઘટતી રહે છે. તે હંમેશાં પૂર્ણ રીતે પ્રકાશતો નથી. વળી ચંદ્રમાં ડાઘ છે. તેને દર છ મહિને રાહુ ગ્રહ ગળી જાય છે. માટે મારા મુખને ચંદ્ર સાથે સરખાવે ત્યારે મારા હૃદયને ઠેસ લાગે છે. માટે હું હવેથી ક્યારેય તેની સાથે બોલવાની નથી. આમ રીસાયેલી રાધાના મનોભાવને કવિ પોતાની પ્રેમલક્ષણા ભક્તિના માધ્યમ દ્વારા ગોપીભાવે પ્રકટ કરે છે.

હવે સખી નહિ બોલું, નહિ બોલું, નહિ બોલું રે...
હવે સખી નહિ બોલું, નહિ બોલું, નહિ બોલું રે...

કદાપિ નંદકુંવરની સંગે
હો મુને શશીવદની કહી છેડે
ત્યારની દાઝ લાગી છે રે મારે હૈયે

હવે સખી નહિ બોલું, નહિ બોલું...

ચંદ્રબિંબમાં લાંછન છે વળી રાહુ ગળે ખટ્ માસે રે
પક્ષે વધે ને પક્ષે ઘટે કળા
પક્ષે વધે ને પક્ષે ઘટે કળા નિત્ય ન પૂર્ણ પ્રકાશે રે

હવે સખી નહિ બોલું, નહિ બોલું...
દયાના પ્રીતમને કહે સખી જેવું શશીમુખ સરખું સુખ પાશે

કોટિ પ્રકારે હું નહિ આવું
કોટિ પ્રકારે હું નહિ આવું એવા પુરુષથી અડાશે રે

હવે સખી નહિ બોલું, નહિ બોલું...
નહિ બોલું નહિ બોલું, નહિ બોલું રે...

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં 'ગરબા-ગરબી' વચ્ચેનો ભેદ સંક્ષિપ્તમાં સમજાવવો. રાધા-કૃષ્ણના અન્ય ગીતો કે કાવ્યોના ઉદાહરણ આપીને પ્રસ્તુત કાવ્યની સ્પષ્ટતા કરવી. કૃષ્ણની બાળલીલાના જુદાજુદા પ્રસંગોની ચર્ચા કરવી. સાથે સાથે રાધા-કૃષ્ણના નિસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમની સમજ આપવી. બધી ગોપીઓ માટે કૃષ્ણના હૃદયમાં પ્રેમ હતો તેનાથી વિશેષ રાધા માટે હતો તે સ્પષ્ટતા કર્યા પછી 'કૃષ્ણ-રાધા' નહિ પણ 'રાધા-કૃષ્ણ' કહેવાય છે તેની માહિતી આપવી. આપણા ધાર્મિક વારસાનું જતન કરવાનો પરોક્ષ પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) સાહેલી (૨) સમાન (૩) કરોડ (૪) મહિનો
(૫) પખવાડિયું (૬) ડાઘ (૭) છ (૮) દરરોજ

**સ. ૨. કાવ્યમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) સો લાખની સંખ્યા -
(૨) અધૂરું કે ઓછું નહિ એવું -
(૩) દર પંદર દિવસે ચંદ્રની વધતી-ઘટતી કળા -
(૪) ચંદ્ર જેવા મુખવાળી વ્યક્તિ -
(૫) પંદર દિવસનો સમૂહ -

**સ. ૩. મોટા શબ્દના અક્ષર લઈને નાના ચાર-ચાર શબ્દ બનાવો :**

(૧) શશીવદની (૨) શશીમુખ

**સ. ૪. 'નંદકુંવર' માટે આવડે તેટલા બીજા નામ લખો.**

**સ. ૫. 'વધ-ઘટ' જેવા બીજા પાંચ જોડશબ્દો લખો.**

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) ક્યારેય ____________ સાથે નહિ બોલવાની વાત છે.
(અ) નંદકુંવર (આ) સખી (ઇ) ગોપી

(૨) 'સખી નહિ બોલું' એમ કહે છે ____________ .
(અ) ગોપી (આ) રાધા (ઇ) યશોદા

(૩) રાધાને ગુસ્સો આવ્યો છે કારણ કે _________________________ .

(અ) નંદકુંવર તેને ચીડવે છે (આ) નંદકુંવર તેની સાથે બોલતો નથી

(ઇ) નંદકુંવર તેને 'શશીવદની' કહીને ચીડવે છે

(૪) રાધાને 'શશીવદની' શબ્દ ગમતો નથી, કારણ કે _________________________ .

(અ) અમાસને દિવસે ચંદ્ર હોતો નથી (આ) પૂનમને દિવસે જ ચંદ્ર પૂર્ણ હોય છે

(ઇ) ચંદ્રની કળામાં રોજ વધ-ઘટ થાય છે અને તેમાં ડાઘ છે

**સ. ૭. કાવ્યપંક્તિને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) કોટિ પ્રકારે હું નહિ આવું (૨) કદાપિ નંદકુંવરની સંગે

(૩) દયાના પ્રીતમને કહે સખી (૪) પક્ષે વધે ને પક્ષે ઘટે કળા

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) ચંદ્રમાં ડાઘ છે અને રાહુ તેને છ મહિને ગળી જાય છે. (૨) કૃષ્ણ મને શશીવદની કહીને ચીડવે છે.

(૩) મારા હૃદયમાં બહુ દુઃખ થાય છે. (૪) અનેક પ્રકારે વિનવવા છતાં હું નહિ જ આવું.

**સ. ૯. કૌંસમાં આપેલા પ્રશ્નવાચક શબ્દને ધ્યાનમાં રાખી લખો :**

(૧) આ કાવ્યના કવિ (કોણ) (૨) ડાઘ-લાંછન છે (શેમાં)

(૩) રાધા કૃષ્ણ સાથે નહિ બોલવાની વાત કરે છે (કોને) (૪) કૃષ્ણએ રાધાને કહી છે (કેવી)

(૫) ચંદ્રને ગળી જાય છે (કોણ) (૬) બંને પક્ષમાં વધે-ઘટે છે (શું)

**સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.**

**સંભાષણ ★** વિદ્યાર્થીઓના જૂથ બનાવી કૃષ્ણની બાળલીલાના બેથી ત્રણ પ્રસંગો પસંદ કરી સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ ★** સુદ બીજ, સુદ આઠમ, પૂનમ, વદ બીજ, વદ આઠમ, અમાસની ચંદ્રકળા દર્શાવતી આકૃતિ દોરો અને નીચે તેનું સ્પષ્ટીકરણ લખો.

**ઉપક્રમ ★** દયારામની અન્ય કોઈપણ બે ગરબીઓ શોધો.

## ભાષિક સમજ

★ **'કદાપિ' એટલે 'ક્યારે પણ' તેમ નીચેના અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો :**

દા.ત. : કોઈની સાથે <u>કદાપિ</u> ઝઘડા નહિ કરું.

(૧) કદીય (૨) ક્યારેય (૩) તોય (૪) છતાંય

★ બહુવચનમાં રૂપાંતર કરો :

(૧) હું શ્યામ સાથે નહિ બોલું.

(૨) હું સુખ પામું છું.

(૩) હું કોઈપણ રીતે નહિ આવું.

(૪) મને દયારામની ગરબી ગમે છે.

★ કાવ્યના આધારે યોગ્ય ક્રિયાપદ લખી વાક્ય પૂર્ણ કરો.

(૧) મારા હૈયે દાઝ _____.

(૨) ચંદ્રબિંબમાં ______.

(૩) પક્ષે-પક્ષે ચંદ્રકળા ________.

(૪) શ્યામ મને શશીવદની કહીને _______.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### કાનુડો ન જાણે મારી પ્રીત

(રાગ : આશાગોડી, તાલ- લાવણી)

કાનુડો ન જાણે મારી પ્રીત,
બાઈ અમે બાળકુંવારાં રે (ટેક)

જળ રે જમુનાનાં, હું તો ભરવાને ગઈ'તી રે,
કાનુડે ઉડાડ્યાં આછાં નીર...
ઊડ્યા ફ ર ર ર ર ર ર રે કાનુડો.

જમુનાને કાંઠે વ્હાલે, રાસ રચ્યો છે રે,
સોળસે ગોપીનાં ઝાલ્યાં ચીર....
ફાટ્યાં ચ ર ર ર ર ર ર રે કાનુડો.

હું રે વરણાગી કાના ! તારા રે નામની રે,
કાનુડે તાણી માર્યા તીર...
વાગ્યા અ ર ર ર ર ર ર રે કાનુડો.

બાઈ મીરાં કહે ગિરધરના ગુણ વ્હાલા,
કાનુડે બાળી કીધાં ખાક....
ઊડી ફ ર ર ર ર ર ર રે કાનુડો.

– મીરાબાઈ

8CEJ2I

ન બોલે તેને સામેથી બોલાવવા – એ જ સાચો વિવેક.

# ૨. સેલ્ફી

**યોસેફ મૅકવાન**

૨૦ ડિસેમ્બર, ૧૯૪૦ના રોજ અમદાવાદમાં તેમનો જન્મ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ., બી.એડ. કરીને શિક્ષક તરીકે કાર્યરત રહ્યાં હતાં, 'સ્વાગત', 'સૂરજનો હાથ', 'અલખના અસવાર', 'અવાજના એક્સ-રે' તેના કાવ્યસંગ્રહો છે. 'તોફાન', 'ડિંગ-ડૉન્ગ-ડિંગ' તેમના બાળ કાવ્ય સંગ્રહો છે. તો 'વાહ રે વાર્તા વાહ' બાળવાર્તા સંગ્રહ છે. આ ઉપરાંત તેમણે નિબંધ સંગ્રહ અને અનુવાદના પુસ્તકો પણ આપ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી જયંત પાઠક એવૉર્ડ તથા ગુજરાત સરકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના વિવિધ પુરસ્કારો દ્વારા તેઓ સન્માનિત થયાં છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ટૂંકી વાર્તામાં આધુનિક તંત્રજ્ઞાનની વાત કરતા લેખક આજના યુવાવર્ગમાં સેલ્ફી લેવાની ઘેલછા પ્રવર્તી રહી છે તેના તરફ આપણું ધ્યાન દોરે છે.

સેલ્ફીની શરૂઆત ક્યારે અને કેવી રીતે થઈ તેની પણ અહીં વાત કરવામાં આવી છે.


શબનમને તેના અબ્બા મોબાઈલની ગિફ્ટ આપે છે ત્યારે તેના ચાચા સાબાન અલી એક ગ્રીક વાર્તા દ્વારા સમજાવે છે કે મોબાઈલથી સતત સેલ્ફી લેવી તે માનસિક રોગ છે. ગ્રીકનો સુંદર યુવાન નાર્સિસિસ પોતાના જ રૂપ પર મોહિત થઈને પોતાના મૃત્યુનું કારણ બને છે.

વાર્તાના અંતમાં કટાક્ષ દર્શાવતા વાક્યના માધ્યમથી લેખક સંકેત આપે છે કે ઉપદેશ આપતાં પહેલાં પોતે તેનું પાલન કરવું અનિવાર્ય છે. અહીં ચોક્કસ પ્રશ્ન ઉદ્‌ભવે કે આધુનિક તંત્રજ્ઞાન વરદાન કે અભિશાપ તે આપણે તેનો કેવો ઉપયોગ કરીએ છીએ તેના પર આધારિત છે.

## સેલ્ફી ....... એટલે નાર્સિસિકા !

શબનમ જાગી. પથારીમાં ચત્તીપાટ પડી રહી. તેની નજર વૉલક્લોક પર પડી. પોતે રોજ કરતાં થોડી મોડી ઊઠી, તેની ખબર પડી. ગઈકાલની સાંજ તેનું સંભારણું બની ગઈ હતી. તેનું અંજન તેની આંખોમાં ધબકતું હતું. તેવું તેણે અનુભવ્યું.

તેની ઉંમર પંદર વર્ષની હતી. રાજ્યકક્ષાની એથલેટિક્સની સ્પર્ધામાં તેણે ભાગ લીધો હતો. તેમાં તે પ્રથમ આવેલી. તેથી તેના અબ્બાજાન રમજાનઅલીએ અને અમ્મીજાન નૂરબાનુએ ઘરના પ્રાંગણમાં નાનકડી પાર્ટી રાખેલી. અંગત જેવા પંદર-વીસ લોકોને આમંત્ર્યા હતા. કોઈએ શબનમને પુસ્તકની ગિફ્ટ આપી હતી. કોઈએ મઘમઘતો બૂકે આપ્યો હતો. આવી નાનકડી પાર્ટી પ્રેરણાનાં બીજ રોપી જતી હોય છે. શબનમને અને ઘરના સૌને ખૂબ મજા પડી. સૌને સારું લાગ્યું હતું.



શબનમ પથારીમાં બેઠી થઈ. મોટું બગાસું ખાધું. પછી પ્રાતઃક્રિયા પતાવી ફ્રેશ થઈ હળવેથી ડાઇનિંગ ટેબલ પર બધાંની વચ્ચે આવી.

અમ્મીજાને ચાની ચૂસકી લીધી. પછી ત્રાંસી નજરે શબનમ સામે જોયું. કહ્યું, 'વેલકમ બેટા શબનમ ! ગઈ સાંજનો થાક ઊતર્યો ને !' અબ્બાજાન પણ તરત બોલ્યા, 'યુ લૂક ફ્રેશ ! હેવ એ નાઇસ ડે !'

'થૅન્ક્યૂ અબ્બાજાન !' બોલતાં શબનમ નાનાભાઈ રઝાક પાસે બેઠી, રઝાકની બીજી તરફ બેઠેલાં સકીના બુઆ શબનમ તરફ મોં ફેરવતાં બોલ્યાં. 'બેટા શબનમ ! તારી ઉમ્મરે તારા અબ્બા પણ દોડમાં પહેલા આવેલા. આજે મને એ યાદ આવે છે !'

'હેં અબ્બાજાન, ખરેખર ?' શબનમે આશ્ચર્યથી પૂછ્યું.

રમજાનઅલી હસી પડ્યા. 'બેટા હમારા વો એક સમય થા. હમ બહોત આગે જા સકતે થે... પણ હવે એ બધું તો ધંધાના કામમાં ગયું. એમાં રચ્યોપચ્યો રહેત તો... આજે આ બધું ન હોત !'

વાતાવરણમાં થોડીવાર મૌનની શીતળતા પ્રસરી રહી.

ત્યાં તેમણે એક ગિફ્ટ બૉક્સ કાઢ્યું. શબનમ સામે ધરતાં કહ્યું, 'બેટા શબનમ, હમ સબકી ઓરસે યે ગિફ્ટ !'

અમ્મીજાન નૂરબાનુ તરત બોલ્યાં, 'તો પછી કાલે સાંજે જ આ ગિફ્ટ આપવી'તીને બધાં વચ્ચે ! યે ક્યા બાત હુઈ !'

અને બધાં હસી પડ્યાં.

શબનમ તો ગિફ્ટ પૅકેટ ખોલવા લાગી. બધાં ઉત્સુક નજરે જોઈ રહ્યાં. તેનાથી બબડી જવાયું... 'આ કેવું પેક કર્યું છે... જાણે કદી ખોલવાનું જ ના હોય !'

પાછું બધાં વચ્ચે હાસ્યનું હળવું મોજું ફરી વળ્યું. ત્યાં પૅકેટ ખૂલી પણ ગયું. શબનમ તો જોતાં જ બોલી પડી, 'વાવ ! ક્યા બાત હૈ, અબ્બુજાન, આટલો સરસ મોબાઈલ. થૅન્ક યૂ વેરિમચ !' અને એ મોબાઈલ આમતેમ ફેરવી જોવા લાગી આંખોમાં અદ્‌ભુત ચમક આવી ગઈ. તે જોઈ રમજાનઅલીના અને નૂરબીબીના ચહેરા પર ભીતરનો આનંદ ઝળહળી રહ્યો.

'અબ્બા, તમે તો કહ્યા કરો છો કે બાળકોએ મોબાઈલ ન વાપરવો જોઈએ... ને આજે તમે જ મને.'

'હવે તું સમજદાર થઈ ને એટલે...' અબ્બાજાને વચ્ચેથી જ ઉત્તર વાળ્યો ને ઉમેર્યું, 'મોબાઈલ વાપરતા પહેલાં સમજદાર થવું પડે !'

આમ વાતો થતી હતી, ત્યાં તેના સાબાનઅલી ચાચા અને ખુરશીદ ચાચી આવી પહોંચ્યાં.

શબનમે તેમની સામે મોબાઈલ ધર્યો બોલી, 'દેખો ચાચાજી, અબ્બાને યે મોબાઈલ દિયા ગિફ્ટ મેં, તમે કાલે સાંજે પેનનો સેટ આપ્યો, આજે અબ્બુએ... આ !'

ત્યાં તો નાનો ભાઈ રઝાક બોલ્યો, 'સબ ફોનમે સેફલી લેતે હૈં... અબ તું ભી અપની લેના... મેરે સાથ.'

એનું બોલવું સાંભળી બધાં ખડખડાટ હસી પડ્યાં. શબનમે રઝાકનો ખભો પકડ્યો તેને હલબલાવ્યો ને હસીને બોલી, 'મેરે છોટે ભાઈ રઝાક સેફલી નહીં...પણ સેલ્ફી... સેલ્ફી કહેવાય ! બોલ... તો... સેલ્ફી !'

રઝાક ભૂલ સુધારતા બોલ્યો, 'સેલ્ફી !'

અને તરત શબનમ બોલી, 'હવે હુંય મારી સેલ્ફી લઈશ.'

'ના... ના... નો બેટા શબનમ' ચાચા સાબાનઅલી તરત આવેશમાં આવી બોલ્યા, 'જો તારે સેલ્ફી લેવી હોય તો... બડે ભાઈજાન, મોબાઈલ વાપસ લે લો. સાચું કહું છું... એ માનસિક રોગ છે. વાતે વાતે આ જુવાનિયા સેલ્ફી લેતા હોય છે... બસ એમ પોતાને જ જોવાની ટેવ પડી જાય છે... એમનો માનસિક વિકાસ અટકી જાય છે...!'

'હા બેટા શબનમ, સાબાનઅલી સાચું કહે છે.' ચિંતા વ્યક્ત કરતાં અમ્મીજાન બોલ્યાં, 'કેટલાં બધાં લોકોએ સેલ્ફી લેવા જતાં જાન ખોયા છે. છાપામાં આપણે નથી વાંચતાં ?' પછી ભાર દઈને ઉમેર્યું. 'આ તારા પ્રોફેસર ચાચા તો પહેલેથી જ એનો વિરોધ કરે છે.'

સાબાનઅલી બોલ્યા, 'આવી માનસિકતા માણસને સેલ્ફ સેન્ટર્ડ' બનાવે છે.

'એટલે શું ચાચાજી ?' શબનમે પ્રશ્ન કર્યો.

'જો બેટા, વાત આખી કહું તો બે પિરિયડ જાય.' સાબાનઅલી ખુરશીમાં સ્વસ્થ થતાં બોલ્યા. બધાં સાંભળવા આતુર બન્યાં. સાબાનઅલીએ આગળ ચલાવ્યું. 'વર્ષો પહેલાંની આ એક ગ્રીક કથા છે. એ દેશમાં એક ખૂબ રૂપાળો બાળક જનમ્યો . મોટો થતો ગયો તેમ વધુ ને વધુ ફુટડો બન્યો. તેને જે જુએ તે તેના તરફ ખેંચાય. તેને ભેટી લેવાનું મન થાય ! તેની માતાને તેની ચિંતા થવા લાગી. આ છોકરાનું શું થશે ? તેને પોતાના દીકરાનું ભવિષ્ય જાણવાની તીવ્ર ઇચ્છા થઈ. તે પુત્રને લઈ ભવિષ્યવેત્તા પાસે ગઈ. તેને કહ્યું, 'આ મારા દીકરા નાર્સિસિસનું ભવિષ્ય કહોને... મારે જાણવું છે. તેના જીવન વિશે...'

ભવિષ્યવેત્તાએ નાર્સિસિસની ટિપ્પણી બનાવી, ગ્રહો જોયા, ગણતરી કરી, પછી વિચાર કરતાં તે બોલ્યો, 'તારા દીકરાનું ભવિષ્ય થોડું ચિંતાજનક છે.'

'હેં, કેવી રીતે ? એવું શું છે ?' મા બોલી.

ભવિષ્યવેત્તાએ કહ્યું, 'આ છોકરો જો પોતાના રૂપ પર મોહી નહીં પડે તો સારું જીવશે...સારી રીતે જીવશે.

'એટલે ? મને સમજાવો...' માએ ચિંતાતુર અવાજે કહ્યું.

'જો બેટા', ભવિષ્યવેત્તાએ તેને સમજાવતાં કહ્યું, 'તારો દીકરો ખૂબ સ્વરૂપવાન છે. હજી વધુ થશે. એ જો પોતાનો ચહેરો જોશે ને તેના મોહમાં નહીં પડે તો... લાંબુ જીવશે. પણ જો...'

'પણ શું ?' મા જાણવા માટે અધીરી બની ગઈ.

'એટલે કે જો તે પોતાના રૂપ પર મોહી પડશે... ને વારંવાર તે રૂપ વિશે વિચારતો થઈ જશે... ને એમાંથી બહાર નહીં નીકળે તો ખલાસ... !'

'એવું કહ્યું પેલા ભવિષ્યવેત્તાએ ?' સાંભળીને સકીના બૂઆથી રહેવાયું નહિ. તે બોલી પડચાં. 'ક્યા બાદ મેં ઐસા હોતા હૈ ભાઈજાન !'

રસભંગ થતા નૂરબાનુ બોલ્યા, 'બૂઆ, બીચમેં મત બોલો, સૂનો.' પછી સાબાનઅલી તરફ જોતાં બોલ્યાં, 'પછી શું થયું ?'

સાબાનઅલીએ આગળ ચલાવતાં કહ્યું, 'પછી શું ?' નાર્સિસિસને લઈ તેની મા ઘેર પાછી ફરી. તે દિવસ-રાત તેની ચિંતામાં રહેવા લાગી. નાર્સિસિસ જેમ મોટો થતો ગયો તેમ પોતાનાં રૂપ પાછળ ગાંડો બન્યો. તે કોઈને ગણકારતો નહીં. બધાંને હડધૂત કરતો. આમ તે એક દિવસ જંગલમાં પહોંચ્યો. ત્યા ઝરણા તટે પડી રહ્યો. પાણી પીવા ઝરણા પાસે ગયો... પાણી તરફ ઝૂક્યો... ને પોતાનું પ્રતિબિંબ જોયું. જોતો જ રહી ગયો ને.... પોતાના પ્રેમમાં પડી ગયો. રાતદિવસ આમ તે જોવામાં જ રચ્યોપચ્યો રહ્યો...'

આમ બોલી સાબાનઅલી અટક્યા. બધાંની સામે જોયું.

'અરે અટકો નહીં.... ભાઈજાન આગળ શું થયું ?' સકીના બૂઆએ ઈંતેજારી બતાવી.

'ચાલો છોડો બાકી કી કહાની કલ બતાઉંગા...' સાબાનઅલીએ હસીને કહ્યું.

'નહીં ચાચાજી, વાત પૂરી કરો.' શબનમે ભારપૂર્વક કહ્યું : રઝાક બોલ્યો, 'ચાચાજી, હોં.... હું તમારું કોઈ કામ નહીં કરું. કહી દઉં છું.'

સાબાનઅલી હસીને બોલ્યા, 'પછી એક દિવસ નાર્સિસિસ આમ પોતાનું પ્રતિબિંબ જોતાં... પાણીની સપાટી પર ઝૂકી પોતાને જ ચુંબન કરવા ગયો... તે પડચો પાણીમાં ડૂબ્યો... ગરકાવ થઈ ગયો !'

'હાય અલ્લાહ !' સકીના બૂઆથી બોલાઈ ગયું, 'જો ખુદ કે પ્યાર મેં જીતે હૈ ઉસકા યહી હાલ હોતા હૈ, વિના મોતે જ મરે ને !'

સાબાનઅલીએ કહ્યું, 'નાર્સિસિસની આ વાત આ સેલ્ફીના સંબંધે ઘણીવાર મારા સ્ટુડન્ટસને કહી છે. નાર્સિસિસ સેલ્ફસેન્ટર્ડ થઈ ગયેલો. આ સેલ્ફી એનું જ આધુનિક નામ છે. એટલે સેલ્ફીનો અર્થ થાય નાર્સિસિકા !'

'સેલ્ફી લેવા જતા કેટલાય નાર્સિસિસની જેમ નથી મર્યા !' છેવટે રમજાનઅલી પણ બોલ્યા ને ઉમેર્યુ, 'બેટા શબનમ, જો તું નાર્સિસિકાનો - આઇ મીન સેલ્ફીનો મોહ ન રાખવાની હોય તો જ મોબાઈલ આપું... ' શબનમ બોલી, 'ના અબ્બાજાન ! હું મોબાઈલનો આવો ઉપયોગ નહીં જ કરું. સેલ્ફી તો... એટલે કે નાર્સિસિકા તો નહીં જ ખેંચું. બસ પ્રોમિસ !'

સાબાનઅલી ચાચાએ વધુ સ્પષ્ટ કર્યું. કહ્યું, 'આ આત્મરતિ એટલે નિજાનંદ. જે આમાં પડે છે તે સમાજને ભૂલે છે, પોતાનાને વીસરે છે...' થોડું અટકીને ઉમેર્યું. આ પોતાની આઇડેન્ટીટી ગુમાવવાનું એક ઘાતક શસ્ત્ર છે.'

ખુરશીદ ચાચી બોલ્યાં, 'આત્મરતિમાં રચ્યાંપચ્યાં લોકો જ આ તરફ જાય. બેટા શબનમ, યાદ રાખજે.'

'જી ચાચી...!'

'લો, આ વાત પર બધાં આમાંથી જલેબી ખાવ.' બોલતાં નૂરબાનુએ જલેબીનો થાળ ટેબલ પર મૂક્યો... બોલ્યાં. 'ચાચાજીએ કરેલી આ વાત બધા જલેબીની જેમ મનમાં ગાંઠે બાંધજો.'

અને બધાંને એ સ્વીકાર્ય હોય એમ દરેકના હાથ જલેબી તરફ લંબાયા...!

અને સાબાનઅલી ચાચાએ પોતાના મોબાઈલમાં પોતાની સાથે બધાં જલેબી ખાતાં હોય એવો સેલ્ફી... એટલે કે નાર્સિસિકા ખેંચી લીધો !

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા આધુનિક તંત્રજ્ઞાન અને આધુનિક ઉપકરણો વિશે વર્ગમાં ખુલ્લા મને ચર્ચા કરવી. મોબાઈલના વિવિધ ઉપયોગો વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવી. જરૂર જણાય તે માહિતી આપવી. આધુનિકતા કે પરિવર્તન હંમેશાં આવકાર્ય છે પણ તેનો ઉપયોગ જો વિવેકબુદ્ધિથી કરવામાં આવે તો જ તેનો ફાયદો થાય. તે મુદ્દાને સરળ અને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવો. વિવેકબુદ્ધિ વગર તેનો આડેધડ ઉપયોગ કરવાથી થતાં નુકસાનનું ઉદાહરણ આપી સ્પષ્ટ કરવું. આ કૃતિ દ્વારા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો યોગ્ય દિશામાં વિકાસ કરવો. પ્રાચીન સાધનો અને આધુનિક સાધનોનો ઉચિત સમન્વય સાધીને પ્રગતિની કેડી કંડારી શકાય છે તેનો ખ્યાલ આપવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) યાદગીરી (૨) ઉત્કટ (૩) આંગણું (૪) યુવાન
(૫) આતુર (૬) પ્રતિકાર (૭) તિરસ્કાર (૮) પડછાયો

**સ. ૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) ભવિષ્યના બનાવની અગાઉથી જાણ કરી શકે તે – (૨) મનને લગતો રોગ –
(૩) પોતાના જ અંતરનો આંનદ – (૪) મોત નીપજાવે તેવું –

**સ. ૩. રૂઢિપ્રયોગના અર્થ શબ્દકોશનો ઉપયોગ કરીને લખો :**

(૧) રસભંગ થવો (૨) હડધૂત કરવું (૩) અધીરા બનવું
(૪) રચ્યાપચ્યા રહેવું (૫) હાસ્યનું મોજું ફરી વળવું (૬) મનમાં ગાંઠ બાંધવી

**સ. ૪. અક્ષરો ઉલટાવીને બનતો નવો શબ્દ લખો. પછી તે નવા શબ્દનો અર્થ લખો :**

દા.ત. વાદ **નવો શબ્દ** – દવા **અર્થ** = ઔષધ

(૧) જરા (૨) મીન (૩) દીન (૪) રૂપ (૫) તારા

સ. ૫. **અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો :**

(૧) વનની દેવી આપણી રક્ષક છે.

(૨) બ્રિટિશ વસાહતમાં બધે અસલામતી છે.

(૩) મુરલીધર સંજોગોથી નિરાશાવાદી થયો નહિ.

(૪) પર્યટકો આપણા દેશથી પરિચિત નહોતા.

સ. ૬. **પાઠના આધારે ખાલી જગ્યા પૂરો :**

(૧) પોતાના દીકરાનું _________________ જાણવાની તીવ્ર ઇચ્છા થઈ.

(૨) નાર્સિસિસ જેમ મોટો થતો ગયો તેમ પોતાનાં _________________પાછળ ગાંડો બન્યો.

(૩) _________________ રચ્યાંપચ્યાં લોકો જ આ તરફ જાય.

(૪) આવી નાનકડી પાર્ટી _________________બીજ રોપી જતી હોય છે.

(૫) મોબાઈલ વાપરતાં પહેલાં _________________ થવું પડે.

સ. ૭. **(અ) લખો : શબનમને મળેલી ભેટ :**___________,___________,___________,__________

**(બ) શબનમના પરિવારનો કોઠો પૂર્ણ કરો :**

| ક્રમ | સંબંધ | નામ | ક્રમ | સંબંધ | નામ |
|---|---|---|---|---|---|
| ૧. | | સાબાનઅલી | ૨. | | રઝાક |
| ૩. | પિતા | | ૪. | ફઈ | |
| ૫. | | નૂરબાનુ | ૬. | | ખુરશીદ |

સ. ૮. **સમજીને લખો :**

(૧) શબનમે ભાગ લીધો હતો...

(૨) નાર્સિસિસ આ દેશમાં જનમ્યો...

(૩) શબનમના ચાચા છે...

(૪) શબનમના પિતા પહેલાં આવ્યા હતા...

સ. ૯. **(અ) જવાબ અંકમાં લખો :**

(૧) શબનમને પારિતોષિક મળ્યું – (૨) પાર્ટીમાં આમંત્રિત મહેમાનો – (૩) શબનમની ઉંમર –

**(બ) નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) સાબાનઅલીએ સેલ્ફીના ગેરલાભ સમજાવ્યા.

(૨) શબનમને અબ્બાએ મોબાઈલ ભેટ આપ્યો.

(૩) શબનમ રાજ્યકક્ષાની એથલેટિક્સની સ્પર્ધામાં પ્રથમ આવી.

(૪) રમજાનઅલીએ નાનકડી પાર્ટી રાખી.

સ. ૧૦. **આ પાઠ શીખ્યા પછી તમારા વિચારોમાં જે પરિવર્તન આવ્યું હોય તે તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ ‘આજકાલ થતાં મોબાઈલના સદુપયોગ અને દુરુપયોગ’ વિશે વર્ગમાં બે જૂથ બનાવી ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ વૉટસએપના લાભાલાભનું વર્ણન કરતું એક ભીંતપત્રક બનાવો.

**ઉપક્રમ** ★ ઇન્ટરનેટનો ઉપયોગ કરીને ‘મોબાઈલની શોધ’ વિશે વિસ્તૃત માહિતી મેળવો.

## ભાષિક સમજ

★ **યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્યો ફરીથી લખો :**

(૧) બેટા શબનમ તારી ઉમ્મરે તારા અબ્બા પણ દોડમાં પહેલા આવેલા

(૨) હેં કેવી રીતે એવું શું છે મા બોલી

(૩) એટલે મને સમજાવો માએ ચિંતાતુર અવાજે કહ્યું

(૪) આ સેલ્ફી એનું જ આધુનિક નામ છે એટલે સેલ્ફીનો અર્થ થાય નાર્સિસિકા

★ **નાર્સિસિસ માટે પાઠમાં વપરાયેલા વિશેષણો લખો.**

★ **નીચેના વાક્યોનું બહુવચનમાં રૂપાંતર કરો :**

(૧) બાળક ઘણું રૂપાળું હતું.

(૨) પ્રેરણાનું બી બાળકમાં રોપવું જોઈએ.

(૩) તારો દીકરો હોંશિયાર છે.

(૪) નાનો ભાઈ મોબાઈલ માટે જિદ્દે ચડ્યો.

### હું વાંચું ......... તમે પણ વાંચો.

#### વૉટસએપને છોડ

વૉટસએપને છોડ અને
ફેસબુકને મૂક હવે તડકે,
ભીંજાવા માંડ ચાલ,
ચોમાસું હાથમાંથી સરકે.
આકાશે વાદળની પોસ્ટ એક મોકલી છે,
એને પણ લાઈક્સ એક આપને,
ટેક્નોની દુનિયાથી બહાર સ્હેજ નીકળ,
ને લાગણીનો પંથ હવે કાપને...
સ્માઈલીને છોડ અલ્યા,
સાચુકલાં હોઠ અહીં મલકે,
ચોમાસું હાથમાંથી સરકે !
છબછબને જાણ જરા, ફોરાંને માણ જરા
લથબથ થવાની મોજ માણને
છત્રીને રેઈનકોટ આઘા મેલીને જરા
નીતરતાં નીતરતાં ચાલને
વીજળી યે કે' છે કે
ડાબી આ આંખ મારી ફરકે
ચોમાસું હાથમાંથી સરકે !

– દિલીપ રાવલ

8CNF46

આત્મશ્લાઘા નહિ–આત્મવિશ્વાસુ બનો.

## વિભક્તિ

★ **નીચેનું વાક્ય વાંચો :**

મા દીકરી શિખામણ આપ.

તમે જોશો કે અહીં માત્ર શબ્દો છે. તેથી વાક્યનો બોધ થતો નથી. કારણ કે તેમાં એક પદને બીજા પદની સાથે જોડનારી કડી ખૂટે છે. જેમ કે,

મા<u>એ</u> દીકરી<u>ને</u> શિખામણ આપી.

'એ' અને 'ને' બે પદ વચ્ચેનો સંબંધ નક્કી કરે છે. આવા ઘટકને 'વિભક્તિ પ્રત્યય' કહેવાય છે. તે વાક્યમાં કર્તા, કર્મ, ક્રિયાપદ સાથે જોડાઈને અર્થ નિશ્ચિત કરે છે.

વિભક્તિ પ્રત્યયો (અનુગો)નો કોઠો.

| ક્રમ | વિભક્તિનું નામ | પ્રત્યય (અનુગ) | ઉદાહરણ |
|---|---|---|---|
| પ્રથમા | કર્તા વિભક્તિ | '૦', 'ને', 'એ' | (૧) ગીતા સરસ ગાય છે.<br>(૨) ગીતાને આજે ભજન ગાવું છે. |
| દ્વિતીય | કર્મ વિભક્તિ | '૦', 'ને' | (૧) શિરીષ પ્રદર્શનમાં ચિત્રો જુએ છે.<br>(૨) ભરત વિદ્યાર્થીઓને શીખવે છે. |
| તૃતીયા | કરણ વિભક્તિ | 'થી', 'એ' | (૧) સુથાર કરવતથી લાકડાં કાપે છે.<br>(૨) તેને માથે ટોપી છે. |
| ચતુર્થ | સંપ્રદાન વિભક્તિ | 'ને' | (૧) બા બ્રાહ્મણને દાન આપે છે.<br>(૨) ડૉક્ટર દર્દીને દવા આપે છે. |
| પંચમી | અપાદાન વિભક્તિ | 'થી' | (૧) હું ઘરેથી વહેલો નીકળ્યો.<br>(૨) તે ઠંડીથી ધ્રૂજે છે. |
| ષષ્ઠી | સંબંધ વિભક્તિ | 'નો, ના, ની, નું, નાં' | (૧) તેને ગણિતનો દાખલો આવડતો હતો.<br>(૨) ભાઈની દીકરી હોંશિયાર છે. |
| સપ્તમી | અધિકરણ વિભક્તિ | 'માં', 'એ' | (૧) મુંબઈમાં મેટ્રો ટ્રેન છે.<br>(૨) એણે માથે સાફો બાંધ્યો છે. |
| | સંબોધન વિભક્તિ | 'એ' | (૧) એ ક્યાં જાય છે ? |

**નોંધ :-**
- જેટલી વિભક્તિ છે તેટલાં પ્રત્યયો નથી.
- ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો 'નું' ના પરિવર્તનીય રૂપ છે જે નામનાં લિંગ, વચન અનુસાર બદલાય છે.

★ યાદ રાખો :

| અ.ક્ર. | વિભક્તિ | પ્રત્યય | ઉદાહરણ |
| --- | --- | --- | --- |
| (૧) | કર્મ, સંપ્રદાન | 'ને' | ભાઈ કૂતરાને ખવડાવે છે.<br>દાદાજી બાળકોને વાર્તા કહે છે. |
| (૨) | કરણ, અપાદાન | 'થી' | બાપુજી સૂડીથી સોપારીના ટુકડા કરે છે.<br>હું ઘરેથી ઑફિસે જવા નીકળ્યો. |
| (૩) | કરણ, અધિકરણ | 'એ' | શિક્ષકે વિદ્યાર્થીઓને દાખલા ગણાવ્યા.<br>તળાવને કાંઠે ઘટાદાર ઝાડ હતું. |

નોંધ :-
- 'કર્તા' વિભક્તિને '૦' પ્રત્યય છે. ક્યારેક 'ને' પ્રત્યય લાગે.
- સંબોધન વિભક્તિને પણ '૦' પ્રત્યય છે. ક્યારેક 'એ' પ્રત્યય લાગે.

## સ્વાધ્યાય

★ **વિભક્તિ પ્રત્યય લગાડીને વાક્યને અર્થપૂર્ણ બનાવો :**

(૧) ગાડી સ્ટેશન____ સમયસર છૂટી.
(૨) વિદ્યાર્થીઓ મોટે____ વાતો કરે છે.
(૩) છોકરા____ પાઠ મોટેથી વાંચ્યો.
(૪) શિક્ષકે વિદ્યાર્થી____ શાબાશી આપી.
(૫) તેના ઘર____ કોઈ નથી.
(૬) મોહન____ કમ્પ્યુટર શીખવું છે.
(૭) ભાઈ____ બંગલો ઘણો મોટો છે.
(૮) પુસ્તકાલય____ પુસ્તકો સંભાળીને રાખો.

★ **વિભક્તિને તેના નામ સાથે જોડો.**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
| --- | --- |
| (૧) દ્વિતીયા વિભક્તિ | (અ) અધિકરણ વિભક્તિ |
| (૨) ચતુર્થી વિભક્તિ | (આ) અપાદાન વિભક્તિ |
| (૩) પંચમી વિભક્તિ | (ઇ) કરણ વિભક્તિ |
| (૪) સપ્તમી વિભક્તિ | (ઈ) સંપ્રદાન વિભક્તિ |
| (૫) તૃતીયા વિભક્તિ | (ઉ) કર્મ વિભક્તિ |

★ **ઓળખીને વિભક્તિનું નામ લખો :**

(૧) નામના લિંગ, વચન અનુસાર પ્રત્યય બદલાય તે વિભક્તિ - __________________
(૨) શૂન્ય પ્રત્યય લાગે તેવી પ્રથમા વિભક્તિ - __________________
(૩) શૂન્ય પ્રત્યય લાગે તેવી છેલ્લી વિભક્તિ - __________________

# ૩. સીમ અને ઘર

### ઉમાશંકર જોશી

આ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કવિનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૧૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના બામણા ગામે થયો હતો. શાળાકીય શિક્ષણ બામણામાં અને કૉલેજનું શિક્ષણ અમદાવાદ તથા મુંબઈમાં લીધું. મુંબઈની શાળા તથા કૉલેજમાં થોડો સમય અધ્યાપન કાર્ય કર્યા પછી અમદાવાદમાં નિવાસ કર્યો. તેઓ ગુજરાત યુનિવર્સિટી તથા કોલકત્તાની 'વિશ્વભારતી'ના કુલપતિ તરીકે રહી ચૂક્યા છે.

'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ' વગેરે કાવ્યસંગ્રહો, 'સાપના ભારા' અને 'હવેલી' એકાંકી, 'શ્રાવણી મેળો' વાર્તાસંગ્રહ, 'ઉઘાડી બારી' નિબંધસંગ્રહ જેવા પુસ્તકો તેમની પાસેથી ગુજરાતી સાહિત્ય જગતને સાંપડ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તથા સાહિત્ય અકાદમીના પ્રમુખસ્થાને પણ તેઓ રહી ચૂક્યા છે. 'રણજિતરામ' સુવર્ણચંદ્રક, 'નર્મદ' સુવર્ણચંદ્રક, સોવિયેત લેન્ડ નહેરુ એવૉર્ડ જેવા સન્માનોથી તેઓ વિભૂષિત થયા છે. ૧૯ ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત સોનેટ કાવ્યમાં કવિએ સીમ અને ઘર વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરી છે, આખો દિવસ ચરીને સંધ્યા સમયે પશુઓ પોતાના ઘરની દિશામાં પાછા વળતાં દેખાય છે. પશુઓ પેટ ભરીને ચર્યા હોવા છતાં સીમ તો લીલીછમ જ લાગે છે.

બપોરે વડના ઝાડ નીચે બેસીને વાગોળતાં વાગોળતાં તેઓ એકાદ ઝોંકુ પણ ખાઈ લેતા હોય છે, સીમની શાંતિ જાણે તેમની રગેરગમાં વણાઈ જાય છે. તેઓ જાણતા હોય છે કે ગમાણમાં તો ખૂંટીએ બંધાવાનું જ છે, બગાઈઓના આક્રમણનો સામનો કરવાનો છે અને અંધારામાં ઘૂંટાવાનું જ છે તો સીમમાં આનંદ માણી લેવાનો.

છેલ્લી બે પંક્તિઓમાં કાવ્યનો ભાવ બદલાઈ જાય છે. ઘરની ગમાણમાં પ્રવેશતાં જ પોતાના વાછરડાં/ બચ્ચાં તેમને દૂધ પીવા વળગે છે ત્યારે જે આનંદ અને સંતોષ અનુભવાય છે તે સીમના આનંદ કરતાં પણ અનેકગણો વધારે છે. સાચે જ જ્યાં વાત્સલ્ય છે ત્યાં આનંદ છે – પ્રેમ છે અને શાંતિ તેમજ સંતોષ પણ છે.

હજીય લીલીછમ સીમ બાકી,
કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.
અલોપ થાશે હમણાં નિશામાં,
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.

બપોરવેળા વડલા તળે ત્યાં
વાગોળતાં, ઝોકુંય ખાઈ લેતાં,

અસીમ શી શાંતિ હસી રહી હતી,
નસે નસે સીમ ધસી રહી હતી.

ઘરે ગમાણે બમણે બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખો મહીં મેશ ઘૂંટે
બંધાઈ, જૈને ઘડી માંહી ખૂંટે.

જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,
સારીય તે સીમનું હીર ત્યાં દડે.

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યનો પ્રકાર સોનેટ છે. અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં 'સોનેટ' કાવ્યપ્રકાર વિશે ટૂંકમાં સમજાવવું. સીમની સંકલ્પના દઢ કરાવવા ચાર્ટ-ચિત્રનો ઉપયોગ કરવો. સીમના દશ્યનું અક્ષરશઃ વર્ણન કહી સંભળાવવું. ત્યાં થતી પ્રવૃત્તિઓની માહિતી આપવી, કાવ્યના વિષયવસ્તુને તુલનાત્મક પદ્ધતિથી સમજાવવું. બાળકોના પૂર્વજ્ઞાન પ્રમાણે પ્રશ્નો પૂછીને તેમને સક્રિય રાખવાનો પ્રયત્ન કરવો. પ્રાણીઓના હૃદયની ભાવનાને તાદશ કરવા યથોચિત પ્રયત્ન કરી જીવદયા અને પ્રાણીદયા માટે પ્રેરિત કરવા. પશુઓના હૃદયમાં માતાની મમતા અને પિતાનું વાત્સલ્ય છલકાતું હોય છે તે સ્પષ્ટ કરવું. અર્થાત્ પ્રાણીઓ પણ સંવેદના અનુભવે છે તેની પ્રતિતિ કરાવવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) રાત (૨) ખીણ (૩) કાજળ (૪) વાછરડું
(૫) ગૃહ (૬) અદશ્ય (૭) અમન (૮) રગ

**સ. ૨. નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) લીલીછમ (૨) અલોપ (૩) ભરપેટ (૪) ઝોંકુ (૫) અંધારું

**સ. ૩. નીચેના શબ્દો માટે વપરાતા અન્ય ત્રણ-ત્રણ નામ લખો :**

(૧) સીમ – પાદર, સીમા, સીમાડો (૨) શાંતિ
(૩) અંધારું (૪) નીશા

**સ. ૪. સમૂહવાચક શબ્દો લખો : દા.ત. :** ગાયોનું – ધણ

(૧) ચાવીનો (૨) ફૂલોનો (૩) કપડાંની (૪) લાકડાંનો
(૫) માણસોનું (૬) સૈનિકોનું (૭) યાત્રાળુનો (૮) વહાણનો
(૯) બાવાની (૧૦) વણઝારાની (૧૧) કેળાંની (૧૨) ઘાસની

**સ. ૫. કૌંસમાંના શબ્દનો ઉપયોગ કરી શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (બગાઈ, વાગોળવું, અલોપ, ગમાણ)

(૧) ઘાસના મોટા ટુકડાઓ ગળીને પછી નિરાંતે એક જગ્યાએ બેસી તેને ફરી મોઢામાં લાવીને ચાવવાની ક્રિયા –

(૨) રાતે સીમ દેખાતી નથી એટલે કે શાંત થઈ જવું –

(૩) ગાયને રહેવાની જગ્યા –

(૪) પશુઓને હેરાન કરતું માખી જેવું જંતુ –

**સ. ૬. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) હજીય લીલીછમ _______.

(૨) ______ હમણાં નિશામાં.

(૩) અસીમ શી શાંતિ _______.

(૪) જ્યાં આંચળોમાં મુખ ______.

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો :**

(૧) સીમ હજી પણ _______________ છે.

(અ) સૂકી (આ) લીલીછમ (ઇ) ભીની

(૨) પશુઓના ધણ _______________ દિશામાં જાય છે.

(અ) ઘરની (આ) સીમની (ઇ) ગમાણની

(૩) પશુઓ _______________ વડ નીચે બેસી વાગોળતાં હતાં.

(અ) સવારે (આ) બપોરે (ઇ) સાંજે

(૪) પશુઓ વડ નીચે _______________ ખાઈ લેતાં.

(અ) નાસ્તો (આ) ભાણું (ઇ) ઝોકું

(૫) આંખોમાં _______________ મેશ બની ઘૂંટી રહ્યું છે.

(અ) ઊંઘ (આ) અંધારું (ઇ) થાક

**સ. ૮. નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ.

(૨) અલોપ થાશે હમણાં નિશામાં.

(૩) વાગોળતાં, ઝોકુંય ખાઈ લેતાં.

(૪) સારીય તે સીમનું હીર ત્યાં દડે.

**સ. ૯. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) બપોરે પશુઓ શાંતિથી આરામ કરતાં કરતાં વાગોળતાં.

(૨) અંધારું થતાં જ પશુઓના ધણ ઘર તરફ જશે.

(૩) ગમાણમાં બગાઈઓ પશુઓને હેરાન કરે છે.

**સ. ૧૦. ગામડાંની સીમના દૃશ્યનું વર્ણન તમારા શબ્દમાં કરો.**

**સંભાષણ** ★ 'પ્રાણીઓનાં દૂધ પર તેનાં બચ્ચાંનો હક છે.' વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ પુસ્તકાલયમાંથી ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'માંથી એક પ્રકૃતિકાવ્ય અને એક સોનેટ પસંદ કરો. બંને કાર્ડપેપરમાં લખો. વર્ગમાં ચોંટાડો.

**ઉપક્રમ** ★ **કૌંસમાં આપેલા પ્રશ્નવાચક શબ્દની મદદથી પ્રશ્ન બનાવો.**

દા.ત. : સીમ લીલીછમ છે. (કેવી) : સીમ કેવી છે ?

(૧) ધણ ઘરની દિશામાં જાય છે. (ક્યાં)

(૨) ગમાણમાં બગાઈઓ ઘણી છે. (ક્યાં)

(૩) પશુઓ બપોરે વડ નીચે ઝોંકુ ખાઈ લે છે. (ક્યારે)

(૪) વાછરડાંને દૂધ પીવડાવતાં પશુઓને સીમમાં થયો હતો તેવો જ આનંદ થયો. (કોને)

## ભાષિક સમજ

★ **વાક્યોનું ભૂતકાળમાં રૂપાંતર કરો :**

(૧) સીમ લીલીછમ છે.
(૨) ગમાણમાં અંધારું છે.
(૩) વાછરડાં ગાયના આંચળે વળગે છે.
(૪) પશુઓ ઝાડ નીચે બેસી વાગોળે છે.

★ **જાતિ બદલો :**

(૧) ગાય (૨) સિંહ (૩) પોપટ (૪) ચકલી (૫) સાંઢણી

★ **યોગ્ય વિરામચિહ્ન મૂકો :**

(૧) અધધ કેટલું મોટું તરબૂચ
(૨) તમને વાંચનનો શોખ છે ખરો
(૩) ગોવાળો ગાય ભેંસ બકરી ઘેટાંને ચરાવવા લઈ જાય છે
(૪) ગાયની આપણે પૂજા કરીએ છીએ

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### કૃષિ-વિકાસ

આધુનિક સમયમાં કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિનો આરંભ થયો. ખેતી માટે સૌથી મહત્ત્વનું અને ઉપયોગી સાધન તરીકે ટ્રેક્ટર પુરવાર થયું છે.

ટ્રેક્ટર સાથે વિવિધ ઉપકરણો જોડી ખેતીને લગતાં વિવિધ કામો કરી શકાય છે. જેવા કે ખેડ કરવી, ભૂમિ સરખી કરવી, બી વાવવા, ખાતર નાંખવું, દવા છાંટવી, લણણી કરવી વગેરે.

ડૂંડાં કે શિંગોમાંથી અનાજ અથવા બીજ છૂટા પાડવા માટે ટ્રેક્ટર સાથે થ્રેશરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેનો ઉપયોગ પાણી પાવામાં પણ થાય છે. પાકની હેરફેર કરવા માટે ટ્રોલી સાથેના ટ્રેક્ટરનો ઉપયોગ થાય છે. યંત્રોની મદદથી ખેતી કરવામાં ખૂબ ઝડપ અને સરળતા પણ રહે છે.

બી સુધારણા, પોષક દ્રવ્યો, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ વગેરેની સાથે દવા છાંટવાના તથા ખાતર વાપરવાનાં સાધનોનો વિકાસ થયો. કૂવામાંથી પાણી ખેંચવા માટે પંપો શોધાયા. પશ્ચિમના દેશોમાં નાના વિમાનો તથા હેલિકોપ્ટરો દ્વારા પણ દવાનો છંટકાવ થાય છે. આજના સમયમાં ખેતીની સાધન સામગ્રીનો વૈજ્ઞાનિક રીતે વિકાસ થતાં અનાજ ઉત્પાદનમાં વધારો કરવાનું શક્ય બન્યું છે. હજી પણ સંશોધનો ચાલ્યાં જ કરે છે.

કૃષિક્ષેત્રે ઘણાં વૈજ્ઞાનિક સંશોધનો, રાસાયણિક ખાતરો, જંતુનાશક અને રોગનાશક દવાઓનો તથા જૈવ-ખાતરો (bio-fertiligers) નો ઉપયોગ થવા માંડ્યો છે.

ફુવારા પદ્ધતિ, ટપક સિંચાઈ પદ્ધતિના અમલ પછી પાણીના પ્રશ્નનું નિરાકરણ થઈ શક્યું છે. કૃષિ જૈવ તકનીક(agri-biotechnology)ના વિકાસથી ભારતમાં કૃષિક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો થઈ રહ્યાં છે.

– સંકલિત

8CXB5T

પશુઓ પણ માણસ જેવી જ સંવેદના અનુભવે છે.

# ૪. ઋણાનુબંધ

**કલ્પના જીતેન્દ્ર**

૧ નવેમ્બર, ૧૯૫૦ના રોજ કલ્પના જીતેન્દ્ર વ્યાસનો જન્મ ગુજરાતના ધોરાજીમાં થયો હતો. એમ.એ. સુધીનો અભ્યાસ તેમણે ભાવનગર અને અમદાવાદમાં કર્યો. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘અપને પરાયે’ ૨૦૦૭માં પ્રકાશિત થયો હતો. તેમની વાર્તાઓ વિવિધ પ્રતિષ્ઠિત સામયિકોમાં છપાઈ છે. તેઓ વિવિધ દૈનિક વર્તમાનપત્રોમાં કટાર લેખન પણ કરે છે. તેમની વિવિધ વાર્તાઓને પારિજાત એવૉર્ડ, શબ્દલોક પુરસ્કાર, દલિત ચેતના પારિતોષિક જેવા સન્માનોથી વિભૂષિત કરવામાં આવી છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં લોહીની સગાઈ કરતાં પણ લોહી વિનાની સગાઈને સવાઈ બતાવી છે. પિતા યશવંતભાઈની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું અનિવાર્ય બને છે ત્યારે પિતાને કિડની કોણ આપે ? તેવો પ્રશ્ન ઉદ્ભવે છે. પિતાને નાના પુત્ર ઉપર ભરોસો છે. પરંતુ નાનો પુત્ર વાસ્તવમાં મતલબી નીકળે છે. તે કિડની મેચ થાય છે કે નહિ તેની ટેસ્ટ કરાવવા પણ પરાણે તૈયાર થાય છે અને મેચ થઈ જવાથી પોતાના ભવિષ્યની વાત કરીને સ્પષ્ટ નકાર ભણી દે છે. જ્યારે મોટો દીકરો ટેસ્ટ કરાવ્યા પછી કિડની મેચ થાય છે ત્યારે પિતૃઋણ ચૂકવવાનો અવસર સમજીને કિડની આપવા ઉત્સુક બને છે. તેને પોતાના ભવિષ્યની ચિંતા કરતાં પણ પિતાને કિડની આપવાનું વધુ યોગ્ય લાગે છે, અને તે આપે પણ છે. ખરી ચરમસીમા તો એ છે કે મોટો પુત્ર દત્તક લીધેલો છે અને નાનો પુત્ર તેમનો પોતાનો છે. સંબંધોમાં સ્વાર્થ ભળે ત્યારે નબળા બને છે આ હકીકત આ વાર્તા દ્વારા પ્રગટ થાય છે. કુટુંબીજનોને હંમેશા મદદરૂપ થવાનો સંદેશ આપતી આ કૃતિ દ્વારા લેખિકા આપણને સમાજનો અરીસો બતાવે છે.

યશવંતભાઈએ આંખ ખોલી, વળી પાછી બિડાઈ ગઇ. હજુ મેજર એનેસ્થેસિયાની અસર છે. કિડની ટ્રાન્સપ્લાન્ટનું મેજર તથા ક્રિટિકલ ઓપરેશન પૂરું થયું. અર્ધ-બેભાનાવસ્થા ને ઘેનની અસરમાં પૂરા પાંચ દિવસ આઇ.સી.યુ.માં વીતાવ્યા.

પાંચ દિવસ પછી આજે ક્રિટિકલ પિરિયડ પૂરો થતાં આઇ.સી.યુ.માંથી સ્પેશ્યલ રુમમાં આવ્યા પછી કોઈ કોમ્પ્લીકેશન ઊભા થવાની શક્યતા ઓછી છે. છતાંય માથું ફાટે છે ને પોપચાં પર એકદમ ભાર ! ખૂલતાંની સાથે જ ઢળી પડે છે.

સુમનબહેને માથે હાથ ફેરવ્યો. ‘કેમ છે તમને ? હવે સારું લાગે છે ને ?’

યશવંતભાઈના કાનમાં શબ્દો તો પહોંચ્યા. માંડ માંડ નજર સ્થિર કરીને ક્ષીણ અવાજે કહ્યું, ‘હા, ઠીક છે.’ હાશ! ગળામાંથી અવાજ તો નીકળ્યો ! કદાચ બોલી પણ નહિ શકાય એવું લાગતું હતું.

યશવંતભાઈને પૂરા ભાનમાં આવવાની રાહ જોઈને ઊભેલાં સગાસંબંધીને હાશ થઈ ! એમનાં તણાયેલાં ચહેરા પર મલકાટ આવ્યો. તંગ રેખાઓ હળવી બની. શબ્દોની જગ્યાએ હાથ અને આંખની સંજ્ઞાથી જ કેમ છો ? સારું છે ને? પૂછી લીધું.

યશવંતભાઈની નજર અહીંતહીં ફરી વળી ધીમાં અવાજે કહ્યું, ‘કેમ છે હવે નાનાને ?’

‘નાનાને ?’ એમનો પિતરાઈ જરા ચમક્યો. ત્યાં તો સુમનબહેને ઝડપથી જવાબ આપી દીધો. ‘સારું છે.’ ને સાથે જ પિતરાઈને આંખની સંજ્ઞા કરી મૌન રહેવા કહ્યું.

‘મારે જવું છે એની પાસે.’

‘ન જવાય. તમારે કમ્પ્લીટ બેડરેસ્ટ લેવાનો છે.’

‘તો સ્ટ્રેચરમાં સુવરાવીને લઈ જાવ ! દીકરાનું મોં નહીં જોઉં ત્યાં સુધી મને ચેન નહિ પડે. ગમે તે કરો ! મને લઇ જાવ !’ બોલતાં બોલતાં એ હાંફી ગયા.

‘યશવંતભાઈ ! હવે સૂઈ જાવ ! શું નાના છોકરાની જેમ રઢ લઈને બેઠા છો ?’ પિતરાઈએ જરા મોટા અવાજે કહ્યું.

સહેજ ઝંખવાઈ જઈ, અચકાતા સૂરે બબડ્યા, ‘મારો છોકરો ઘરડા બાપને બચાવવા કિડની આપે ને બાપ એની ખબર કાઢવા ન જાય ? ક્યાં રાખ્યો છે એને ? ડૉક્ટરને પૂછીને અહીંયા જ રુમમાં રાખોને ! બાપ દીકરો બેય સામ-સામે.’

‘કહું છું. હમણાં ડૉક્ટરને વાત કરું છું. તમે ચૂપચાપ આરામ કરો. આટલા મેજર ઓપરેશન પછી તમારે બિલકુલ ટેન્શન લેવાનું નથી.’


સુમનબહેને સહેજ ધમકાવતા સૂરે કહ્યું ને યશવંતભાઈને પણ થાક લાગ્યો હતો. એટલે આંખ બંધ કરી પડ્યા રહ્યા.

નર્સ આવી, બી.પી.માપ્યું. થોડી ટેબ્લેટ્સ ને ઇન્જેક્શન આપ્યાં, યશવંતભાઈ ફરી ઊંઘમાં સરી પડ્યા.

સુમનબહેને યશવંતભાઈને હા એ હા કરી, એ તો એનું મન મનાવવા, વાસ્તવમાં એ શક્ય જ નહોતું.

શક્ય એટલા માટે નહોતું કે યશવંતભાઈ તદ્દન અંધારામાં જ હતા. એમને સાચી પરિસ્થિતિની જાણ કરવામાં આવી નહોતી. એ માનતા હતા કે કિડની નાના દીકરાએ આપી છે. મનમાં ઇચ્છા પણ એવી હતી કે નાનાની જ અપાય. છેલ્લે કિડની ટ્રાન્સપ્લાન્ટનો નિર્ણય લેવાયો ત્યારે એમની તબિયત અત્યંત નાજુક હતી. એમની સાથે ચર્ચા કરવાનો કોઈ અવકાશ જ નહોતો. અર્ધભાનાવસ્થામાં ને દવાઓના ઘેનમાં એમના કાને જે સાંભળ્યું તે એ કે દીકરાની કિડની આપવાના છે ને એમણે નાનાની જ મેચ થઈ શકે એવું માની લીધું હતું. આટલા મેજર ઓપરેશન પછી હજુ શારીરિક-માનસિક સ્થિતિ એટલી સ્વસ્થ નથી. ડૉક્ટરની સૂચના છે કે મગજ પર તાણ પહોંચે એવી કોઈ વાતચીત તેમની સાથે કરવી નહિ.

આમ તો ઘણાં સમયથી એ યાતનામાંથી પસાર થતા રહ્યા છે. વર્ષોથી ડાયાબિટીસની તકલીફ, સાતેક વર્ષથી બ્લડપ્રેશર પણ હાઈ રહેવા માંડ્યું. આની સીધી અસર કિડની પર પડી. પહેલાં એક કિડની ફેઈલ થઈ ને ધીરે ધીરે બીજી પણ !



પરિવારજનો માટે આકરી પરીક્ષાના દિવસો હતા. કિડની ટ્રાન્સપ્લાનટ એ એક માત્ર રસ્તો હતો. નજીકના સગાની જ મેચ થાય ને લેવાય તો વધુ સારું એવો ડૉક્ટરનો અભિપ્રાય હતો. નજીકના સગામાં તો પત્ની સુમન બહેન, બે દીકરા હેમંત અને શિશિર. નામ તો સરસ મજાનાં રાખેલાં પણ ઓળખાય મોટા અને નાનાથી. પણ સુમનબહેનની કિડની મેચ ન થઈ અને સુખદ આશ્ચર્ય કે બન્ને દીકરાની મેચ થઈ ગઈ.

વાસ્તવમાં કિડની મેચ થવાની કે આપવાની વાત તો દૂર રહી, નાનો તો કોઈ પણ જાતના ટેસ્ટ આપવા તૈયાર નહોતો. પરાણે પરાણે ટેસ્ટ આપ્યા પછી કિડની મેચ થઈ ત્યારે તેને આનંદ થવાને બદલે દુઃખ થયું. પપ્પાને સહર્ષ કિડની આપવાનું સ્વીકારવાને બદલે દલીલ કરી :

'મમ્મી ! પપ્પાને આપવાનો કશો જ વાંધો નથી. મારી ફરજ પણ છે. હજુ મારા લગ્ન નથી થયાં. એક કિડની વાળા યુવાનને પરણવા કઈ છોકરી તૈયાર થશે ?'

સુમન બહેન જરા વિચારમાં તો પડી ગયાં, વાત તો સાચી ! પચીસ વર્ષનો ફુટડો યુવાન, એનાં માગા પણ આવે છે. એ સાથે જ એકદમ સુઝ્યું ! માગાં તો મોટાના પણ આવે છે. એના મનમાં તો આવો કોઈ પ્રશ્ન ન આવ્યો . એણે તો બધા ટેસ્ટ સહર્ષ કરાવી લીધા. એને પોતાના સ્વાર્થનો કોઈ વિચાર ન આવ્યો, ન એણે કોઈ ચર્ચા કરી કે ન તો કશું વિચારવાનો સમય લાગ્યો. કિડની મેચ થઈ તો એ ખુશ થયો ને આપવા માટે તો અત્યંત આતુર ! અઠચાવીસ વર્ષનો હજુ અપરિણિત છે. એના લગ્ન સમયે કોઈ પ્રશ્ન નહીં ઊભો થાય ? બે-ત્રણ વર્ષથી એ પોતે જ લગ્નનું આગળ ઠેલ્યાં કરે છે. પપ્પાની તબિયત બગડતાં બિઝનેસની જવાબદારી એને માથે આવી. એણે વિચાર્યુ કે બિઝનેસ બરાબર જામી જશે પછી લગ્નનું વિચારીશું. નાનો રમતિયાળ, અતિશય લાડમાં ઊછેર્યો, મમ્મી એને બિઝનેસમાં જોડાવાનું કહે તો કહેશે, 'અભ્યાસ પૂરો થયા પછી વિચારીશ.' મોટાભાઈ પણ કહેશે ભલે, 'એ એનો અભ્યાસ પૂરો કરે પછી તો એ બધું સંભાળવાનો જ છે ને? આમ બિઝનેસ અને ઘરની જવાબદારીના કારણે જ એ હજુ અપરિણિત રહ્યો છે.

અત્યારે નાનાની વાત સાંભળી સુમનબહેન ચમક્યાં. માનું હૃદય છે ને ? નાનો ભલે લાડકો છે. એ જન્મ્યા પછી પતિ એને વિશેષ લાડ કરતાં. જો કે મોટો ઘણો સમજુ ને ડાહ્યો ! કોઈ દિવસ એના મનમાં ઓછપ ન આવી. ઊલટો એ પણ નાનાને લાડ કરતો. જે દલીલ નાનાએ સુમનબહેનને કરી એ જ વાત સુમન બહેને સામેથી મોટાને કરી, 'બેટા ! તું કિડની આપવા ભલે તૈયાર થયો પણ તારે હજુ ભવિષ્યનો વિચાર કરવાનો છે, તને પરણાવવાનો છે. મારે એ બધું વિચારવાનું તો ખરુંને ?'

'મમ્મી ! ભવિષ્યની વાત ભવિષ્યમાં, એક કિડનીથી પણ જીવી શકાય છે. એટલે મારા માટે તો કોઈ પ્રશ્ન જ નથી. પપ્પાને બીજા કોની કિડની મેચ થાય ? મારા માટે તો સદભાગ્યની વાત છે. તું બીજી કોઈ ચિંતા ન કર.'

'પણ બેટા ! મારી ફરજ ખરી કે નહિ ? તારું સારું નરસું વિચારવાનું...'

'તું ચિંતા ન કરીશ, મમ્મી !' મોટાએ વાત અધવચ્ચે જ ઉપાડી લીધી, 'મને કશું જ નથી થવાનું. કિડની કાઢવાનું ઓપરેશન એટલું જોખમી નથી. એક કિડની વાળાને કન્યા આપતાં કોઈ વિચાર કરે એવું વિચારવાને બદલે એવું વિચાર કે કોઇ એવું પણ વિચારશે કે 'આ યુવાન કેટલો સારો છે. પોતાની સામે આખી જિંદગી પડી છે તોય એણે પિતાને કિડની આપી. એવું પણ બને કે આવા સદકાર્યથી આકર્ષાઈ કોઈ કન્યા સામેથી જ આવશે ...!' આ સદકાર્ય કરું છું કે આવો શબ્દપ્રયોગ કરું છું એ તો તમારું મન રાખવા જ. બાકી મારા મનમાં એવો કોઈ ભાર નથી. બિલકુલ નથી. આ તો મારી ફરજ છે. એક પુત્રનું પિતા પ્રત્યેનું કર્તવ્ય છે. પિતૃઋણ અદા કરવાનો માંડ મને અવસર સાંપડ્યો છે, મમ્મી !'

'બેટા !' સુમનબહેન ગળગળાં થઈ ગયાં, 'હાશ ! મારા દીકરા ! મને પોરસ ચડે છે. પણ પિતૃઋણ તો નાનો પણ અદા કરી શકે છે. એની કિડની પણ મેચ થાય છે.'

'મમ્મી ! અમે બન્ને દીકરા સદ્‌ભાગી છીએ... પણ તું તો 'ધાર્મિક પ્રકૃતિની ને શાસ્ત્રની જાણકાર. આપણાં શાસ્ત્રોમાં પણ પહેલો અધિકાર મોટા પુત્રને જ અપાયો છે. કિડની આપવાનો અધિકાર મારો છે. પપ્પાને હું જ આપીશ.'

'પણ ... બેટા...'

'પણ ને બણ ! એક વાત કર મમ્મી, હું તારો મોટો ને પહેલો પુત્ર ખરો કે નહિ ? બીજું કશું જ નહિ. મારે માત્ર એક વાતનો જવાબ જોઈએ છે, હું તારો મોટો પુત્ર ખરો કે નહિ ?'

'હા ખરો ! સાડી સાત વાર ખરો.' સુમનબહેન દીકરાને બાથમાં લઈ રડી પડ્યા. રુંધાતા સ્વરે જ કહ્યું, 'તારા પપ્પાને કિડની તું જ આપજે. બસ !'

અંતે કિડની મોટાએ જ આપી. નાનાની આપવાની ઇચ્છા જ નહોતી ને મોટાએ સહર્ષ પોતાનું સદ્‌ભાગ્ય ગણીને આપી.

પણ યશવંતભાઈ નાનાએ આપી છે એવા જ ભ્રમમાં છે ને એને મળવાની રટણા લઈ બેઠા છે.

પાંચ સાત દિવસ એમ ને એમ જવા દીધા. હવે એ બિલકુલ સ્વસ્થ થયાં ને વળી નાનાના ગુણ ગાવા માંડ્યા કે સુમનબહેનથી રહેવાયું નહિ. કહી દીધું. તમને કિડની મોટાએ આપી છે નાનાએ નહિ.'

એ સહેજ ચમક્યા... 'એ...મ ? મોટાએ આપી છે ? ઠીક, નાનાની મેચ નહિ થઈ હોય.'

હવે એ સાંભળી ન શક્યાં, 'નાનાની મેચ તો થતી હતી... પણ એણે આપવાની ના પડી.'

'ના પાડી ! શું કહે છે તું ? નાનાએ મને કિડની આપવાની ના પાડી?'

'હા ! અને મોટાએ ધરાર આપી. હું મોટો છું ને મારો પહેલો અધિકાર છે. પિતૃઋણ અદા કરવાનો અવસર માંડમાંડ સાંપડ્યો છે કહીને આપી.'

'એ તો છે જ !' ધીમા અવાજે કહી પાછા બોલવા માંડ્યા 'એ તો નાનાને બીજું કંઈક કારણ હશે...!' કંઈક હશે ! મને કહેશે પાછળથી... તું જો જે ને...?'

'શું જોવાનું ? ધૂળ ને ઢેફા !' સુમનબહેન બરાબર ખીજવાયાં. 'આપવાની વાત તો પછી, એ તો કોઈ પણ જાતના ટેસ્ટ કરાવવા તૈયાર નહોતો. રખેને કદાચ મેચ થઈ જાય તો ! અને થયું પણ એવું જ. મેચ થઈ તો તેણે આપવાની ના પાડી દીધી. બોલો, હવે શું કહેવું છે તમારે ?'

એ મૂંગામંતર થઈ ગયા. કશું બોલાય એવું હતું જ ક્યાં?

'ચાલો, હવે જૂની વાત ઉખેળવાથી શું ફાયદો... પણ સાચું કહેજો હો ! નાનાના જન્મ પછી મોટો તમને પરાયો થઈ ગયો હતો ને ? તમે કેવું ઓરમાયું વર્તન રાખતા હતા ? એવું ન માનશો કે તે કશું સમજતો નહોતો. બધી વાત એને સમજાતી હતી ને નાનપણથી એ જાણે જ છે કે પોતે દત્તક લીધેલો પુત્ર છે, એને લીધા પછી નાનાનો જન્મ થયો.'

'એ..મ? ને તોય એણે...?' હવે ચોંકવાનો વારો યશવંતભાઈનો હતો. કેટલીય વાર પૂતળાની માફક સ્થિર બેસી રહ્યા. ધીરેથી શબ્દ નીકળી પડ્યાં, 'કાશ ! નાનાનો જન્મ જ ન થયો હોત !'

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં સમૂહમાં 'મા-બાપને ભૂલશો નહિ' ગીત ગવડાવવું. તેની ચર્ચા પણ કરવી. ઉદાહરણ આપીને માતૃઋણ અને પિતૃઋણની સમજ આપવી. શ્રવણની વાર્તાનો ઉલ્લેખ કરી તે બાબત વિદ્યાર્થીઓને જૂથમાં સક્રિય ચર્ચા કરાવવી. લઘુપ્રશ્નો પૂછીને સમગ્ર કૃતિનું અધ્યાપન કરવું. ત્યારપછી આ વાર્તા વિદ્યાર્થીઓ પાસે તેમના શબ્દોમાં કહેવાની પ્રેરણા આપવી. 'બાગબાન' અને 'અવતાર' ફિલ્મ વિશે ચર્ચા કરી જે વિદ્યાર્થીઓએ આ ફિલ્મો ન જોઈ હોય તો જોવા માટે પ્રેરિત કરવા. ગત વર્ષે શીખી ગયેલા 'લોહી વિનાની સગાઈ' પાઠનું સ્મરણ કરાવીને પરિવર્તન પામતા જતાં સમાજનું દર્શન કરાવી, માતા-પિતા પ્રત્યે અહોભાવ પ્રગટાવવા પ્રેરિત કરવા.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધીને લખો :**

(૧) નબળું (૨) ઈશારો (૩) પીડા (૪) મત


(૫) કરજ (૬) સાવકું (૭) ફરજ (૮) ચૂપ

**સ. ૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) પગથી માથા સુધી - (૨) જેમાં દોષ નથી તે -

(૩) જેનામાં સ્વાર્થ ન હોય તેવી વ્યક્તિ - (૪) પિતૃઓ પ્રત્યેનું કરજ-

સ. ૩. આકૃતિમાં યોગ્ય જોડી બનાવો.




સ. ૪. રેખાંકિત શબ્દ પરથી બીજો યોગ્ય શબ્દ બનાવી ખાલી જગ્યા પૂરો.

(મોંઘવારી, જાણકાર, જોરાવર, નાનપણ, ભણતર)

(૧) સુમનબહેન શાસ્ત્ર જાણે છે તેઓ સારા _______________ છે.

(૨) નાનો દીકરો _______________ થી જ રમતિયાળ છે.

(૩) તમારો દીકરો ભણ્યો છે. તે _______________ ને શોભાવે છે.

(૪) તેનામાં ઘણું જોર છે. એટલે કે તે _______________ છે.

(૫) વસ્તુઓ મોંઘી છે. તેથી _______________ માં બચત થતી નથી.

સ. ૫. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો :

(૧) મન મનાવવું (૨) હા એ હા કરવી (૩) ગળગળું થવું

(૪) પોરસ ચડવો (૫) માગાં આવવા (૬) ધરાર આપવું

સ. ૬. કોણ તે ઓળખો :

(૧) કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરાવનાર – (૨) પિતાને કિડની આપનાર –

(૩) કિડની ન આપવા માટે દલીલ કરનાર – (૪) યશવંતભાઈની આંખ પરથી પડદો હટાવનાર –

સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :

(૧) યશવંતભાઈના સગાંસંબંધીને હાશ થઈ. કારણ કે...

(અ) ઓપરેશન સફળ થતાં યશવંતભાઈ ભાનમાં આવ્યા

(આ) યશવંતભાઈ પાંચ દિવસ સુધી આઇ.સી.યુ.માં હતાં

(ઇ) ભાનમાં આવતાં યશવંતભાઈ બોલી શક્યા

(૨) મોટા કરતાં નાનો દીકરો...

(અ) કુટડો અને અભિમાની હતો

(આ) મા-બાપને વધુ માનતો હતો

(ઇ) રમતિયાળ, બેજવાબદાર અને સ્વાર્થી હતો

(૩) કિડની આપવા મોટા દીકરાએ માતાને કહ્યું કે...

(અ) મારા લગ્ન જલ્દી થઈ જશે

(આ) પિતૃઋણ અદા કરવાની મને સુંદર તક મળી છે

(ઇ) સમાજમાં બધાં મારી વાહવાહ કરશે

(૪) યશવંતભાઈ મૂંગામંતર થઈ ગયા. કારણ કે...

(અ) નાના દીકરાએ કિડની આપવાની ના પાડી દીધી

(આ) મોટા દીકરાએ કિડની આપી તેમનો જીવ બચાવ્યો

(ઇ) પોતે ઓરમાયું વર્તન રાખ્યું છતાં મોટા દીકરાએ તેનું કર્તવ્ય બજાવ્યું હતું

**સ. ૮. (અ) નીચેના પાત્રોની વિશેષતા લખો :** (૧) સુમનબહેન (૨) હેમંત (૩) શિશિર

**(બ) સમજી વિચારીને લખો :**

(૧) ઘણા સમયથી યશવંતભાઈ જે યાતનાથી પીડાતા હતાં તે યાતના –

(૨) ડૉક્ટરે આપેલી સૂચના –

(૩) કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે ડૉક્ટરનો અભિપ્રાય –

(૪) કિડની ન આપવા નાના દીકરાએ આપેલું કારણ –

**સ. ૯. (અ) કોને તે લખો :**

(૧) શાસ્ત્રોમાં પહેલો અધિકાર આપેલો છે –

(૨) સુમનબહેને સંજ્ઞાથી મૌન રહેવા કહ્યું –

(૩) નર્સે બી.પી.માપીને ઈન્જેકશન આપ્યું–

(૪) યશવંતભાઈ મળવાની રટણા લઈને બેઠા–

**(બ) અંકમાં જવાબ લખો :**

(૧) યશવંતભાઈને દીકરા હતાં –

(૨) હેમંતની ઉંમર હતી –

(૩) યશવંતભાઈ આઇ.સી.યુ.માં રહ્યા –

(૪) શિશિરની ઉંમર હતી –

**સ. ૧૦. નીચેના વાક્યોને ક્રમમાં ગોઠવો :**

(૧) મોટા પુત્રએ પિતૃઋણ અદા કરવાનો મોકો ઝડપી લીધો.

(૨) યશવંતભાઈને પશ્ચાતાપ થયો.

(૩) નાના પુત્રએ ટેસ્ટ પરાણે કરાવ્યા.

(૪) યશવંતભાઈની બંને કિડની ફેલ થઈ ગઈ.

**સ. ૧૧. હેમંત અને શિશિર બંનેમાંથી તમે જેની સાથે સહમત હો તે સકારણ લખો.**

**સંભાષણ** ★ સાતમા ધોરણમાં ભણી ગયેલા 'લોહી વિનાની સગાઈ' પાઠ વિશે સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ જેમ કિડની ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે તેમ શરીરના બીજા કયા કયા અવયવોનું પ્રત્યારોપણ થઈ શકે તેની માહિતી ઇન્ટરનેટ પરથી મેળવીને એક ચાર્ટ બનાવો.

**ઉપક્રમ** ★ 'રક્તદાન શિબિર'ની એક જાહેરખબર તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **નીચેનાં વાક્યોને વર્તમાનકાળમાં બદલો :**

દા.ત. : નાના દીકરાએ કિડની આપી નથી. જવાબ : નાનો દીકરો કિડની આપતો નથી.

(૧) મોટા દીકરાએ કિડની આપીને પિતૃઋણ ચૂકવ્યું. (૨) મેં ડૉક્ટરને વાત કરી હતી.

(૩) પાંચ-સાત દિવસ એમને એમ જવા દીધાં. (૪) તમે તો ઓરમાયું વર્તન રાખ્યું હતું.

★ **સંધિવિગ્રહ કરો :**

(૧) બેભાનાવસ્થા (૨) સદ્કાર્ય (૩) મનોહર

(૪) પરીક્ષા (૫) મહેશ (૬) સિંધૂર્મિ

★ **નમૂનાપ્રમાણે '......... વાનું' નો ઉપયોગ કરીને વાક્ય બનાવો :**

દા.ત. : તું ધંધો સંભાળે છે. જવાબ : તારે ધંધો <u>સંભાળવાનો</u> છે.

(૧) હું તારું સારું - નરસું વિચારું છું. (૨) આમાં કોમ્પ્લીકેશન ઊભા થાય છે.

(૩) હું તને પરણાવું છું. (૪) તું બિઝનેસમાં જોડાય છે.

(૫) નાનો દીકરો કિડની આપતો નથી.

## હું વાંચું ......... તમે પણ વાંચો.


### સપૂત

સપૂત તેહ કહેવાય, જે સીધે મારગ ચાલે;
સપૂત તેહ કહેવાય, અધર્મને જે ટાળે;
સપૂત તેહ કહેવાય, જે સ્વજનને સુખ આપે;
સપૂત તેહ કહેવાય, દીનનાં દુ:ખડાં કાપે;
વળી સપૂત તેનું નામ છે, જેણે પ્રભુને પ્રીતે અરચિયા;
શામળ કહે સપૂત નરે, દામ પરમારથ ખરચિયા.
સપૂત તેહ કહેવાય, પુણ્ય કરે હરિ અર્થ;
સપૂત તેહ કહેવાય, વેપારથી જોડે ગર્થ;

સપૂત તેહ કહેવાય, ચોરીચાડી નવ કરતો;
સપૂત તેહ કહેવાય, અપયશથી રહે ડરતો;
સપૂતને સુખ છે સ્વર્ગમાં, જોતાં સદ્ગુણ અતિ ઘણા;
શામળ કહે આ અવનિમાં, ધન્ય અવતાર છે સપૂત તણા !

– શામળ

★ નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરી તમારા મનોભાવ વર્ણવો.



8D777G

દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણને અદા કરવું એ આપણી નૈતિક ફરજ છે.

# સંધિ

## ★ સ્વરસંધિ :

- અ + અ = આ, અ + આ = આ, આ + અ = આ

ઉદા. સમ + અંતર = સમાંતર

(૧) એક + અન્ત = ____________ (૨) સહ + અનુભૂતિ = ____________

(૩) વિવેક + આનંદ = ____________ (૪) જલ + આશય = ____________

(૫) વિદ્યા + અભ્યાસ = ____________ (૬) કદા + અપિ = ____________

- અ/આ + ઇ/ઈ = એ

ઉદા. હર + ઇન્દ્ર = હરેન્દ્ર મહા + ઈશ = મહેશ

(૧) કર્મ + ઇન્દ્ર = ____________ (૨) રામ + ઈશ્વર = ____________

(૩) યોગ + ઇન્દ્ર = ____________ (૪) રમા + ઈશ = ____________

- ઇ + ઇ/ઈ = ઈ, ઈ + ઈ = ઈ

ઉદા. રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર રજની + ઈશ = રજનીશ

(૧) કવિ + ઈશ્વર = ____________ (૨) નારી + ઈશ્વર = ____________

(૩) હરિ + ઇન્દ્ર = ____________ (૪) યોગી + ઈશ્વર = ____________

- અ/આ + ઉ/ઊ=ઓ

ઉદા. પર + ઉપકાર = પરોપકાર મહા + ઉદય = મહોદય

(૧) પુરુષ + ઉત્તમ = ____________ (૨) વિદ્યા + ઉપાસના = ____________

(૩) પ્રણય + ઊર્મિ = ____________ (૪) મહા + ઊર્મિ = ____________

- ઉ + ઉ = ઊ ઉ + ઊ = ઊ

ઉદા. સુ + ઉક્તિ = સૂક્તિ સિન્ધુ + ઊર્મિ = સિન્ધૂર્મિ

(૧) ભાનુ + ઉદય = ____________ (૨) મધુ + ઊર્મિ = ____________

(૩) ગુરુ + ઉત્તમ = ____________ (૪) લઘુ + ઊર્મિ = ____________

- અ/આ + એ = ઐ

ઉદા. હિત + એષી = હિતૈષી તથા + એવ = તથૈવ

(૧) એક + એકતા = ____________ (૨) સદા + એવ = ____________

(૩) પુત્ર + એષણા = ____________ (૪) મહા + એષણા = ____________

- અ/આ + ઓ = ઔ

ઉદા. જલ + ઓઘ = જલૌઘ

(૧) અધર + ઓષ્ઠ = ____________ (૨) મહા + ઓઘ = ____________

- ઇ/ઈ + વિજાતીય સ્વર = ય્

ઉદા. અતિ + અન્ત = અત્યન્ત

(૧) પ્રતિ + ઘાત = ____________ (૨) પ્રતિ + ઉત્તર = ____________

- ઉ/ઊ + વિજાતીય સ્વર = વ

ઉદા. મનુ + અન્તર = મન્વન્તર

(૧) હેતુ + અર્થ = ____________ (૨) અનુ + એષણ = ____________

# ૫. ગુજારે જે શિરે

**બાલાશંકર કંથારિયા**

૧૭ મે, ૧૮૫૮ના રોજ નડિયાદમાં નાગરકુળમાં તેમનો જન્મ થયો હતો. કૉલેજના પહેલા વર્ષ સુધી અભ્યાસ કરનાર આ કવિ ફારસી, અરબી, સંસ્કૃત, વ્રજ તથા હિંદી ભાષાના જાણકાર હતાં. અર્વાચીન કવિતા અને ગઝલના તેઓ મુખ્ય પ્રણેતા ગણાય છે. 'કલાન્ત કવિ', 'બાલ' જેવા ઉપનામથી તેઓ પોતાનું સાહિત્ય સર્જન કરતાં, તેમણે 'કલાન્ત કવિ', 'હરિપ્રેમ', 'પંચદશી' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. તો 'કર્પૂરમંજરી', 'મૃચ્છકટિક', સૂફી ગઝલોના અનુવાદ કર્યા છે. પ્રસ્તુત કૃતિ તેમની અત્યંત લોકપ્રિય બનેલી ગઝલ છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ગઝલમાં કવિ જીવનને ઉત્તમ રીતે જીવવાની ગુરુચાવી આપે છે, જીવનમાં આવતી મુશ્કેલીને પ્રેમપૂર્વક સ્વીકારી તેનો સામનો કરીને પણ આનંદમાં રહેવાની કવિ શીખ આપે છે. કોઈના અસત્યથી થતાં દુઃખને લીધે પણ પોતાના અંતરના આનંદમાં કદી ઓટ આવવા દેવી નહિ તેવી કવિ ભલામણ કરે છે. શાંતિપૂર્વક, નિર્મળ ચિત્તે હંમેશા સંતોષી રહેવું. પોતાના સુખ કે દુઃખની વાત કોઈને ન કરવાનું કવિ કહે છે.

ક્રોધ આપણો સૌથી મોટો દુશ્મન છે તેનાથી થતા નુકસાનને લાલબત્તી ગણાવી કવિ તેને ત્યજી દેવાનું કહે છે. આપણાથી કોઈ ભલાઈનું કાર્ય થાય તે જ આપણી સાચી મૂડી છે-લક્ષ્મી છે-મહાલક્ષ્મી છે.

બીજાના કડવા વચન સાંભળવા છતાં આપણે મીઠા વચનો જ બોલવા જોઈએ. બીજાની મૂર્ખતા માટે પણ આપણે આપણા મુખેથી કડવું ક્યારેય બોલવું નહિ.

નસીબના વિશ્વાસે રહેવાની કવિ સ્પષ્ટ ના પાડે છે. કારણ કે તે કદી હાથમાં આવતું નથી. કવિ ખુમારી બતાવતા કહે છે કે, તેઓ નિજાનંદમાં મસ્ત રહે છે. આપણે પણ નિજાનંદમાં જ મસ્ત રહેવું જોઈએ.

**(ગઝલ)**

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.
દુનિયાની જૂઠી વાણી વિશે જો દુઃખ વાસે છે,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.
રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહિ કહેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.

કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.
કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ ?
નિજાનંદે હંમેશાં 'બાલ' મસ્તીમાં મઝા લેજે.

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા 'ગઝલ'ના સ્વરૂપ વિશે સંક્ષિપ્તમાં માહિતી આપવી. જીવન જીવવાના સકારાત્મક અભિગમ માટે ઉદાહરણો આપવા અથવા કોઈ મહાન વિભૂતિના જીવનનો એકાદ પ્રસંગ કહેવો.

ગઝલના દરેક શેરની ભાષા અત્યંત સરળ છે તેથી પ્રશ્નો પૂછીને દરેક શેરની સમજૂતી વિદ્યાર્થીઓ પાસેથી પણ કરાવી શકાશે. જરૂર પડે ત્યાં માર્ગદર્શકની ભૂમિકા જરૂર બજાવવી. કાવ્યમાં ઉલ્લેખ થયો છે તેવા શબ્દો ક્રોધરૂપી દુશ્મન, કડવી અને મીઠી વાણી, પ્રારબ્ધ, આનંદ, સંતોષ, શાંતિ, નિર્મળ ચિત્ત વગેરે બાબત સમૂહમાં ચર્ચા કરી વિસ્તૃત રીતે સમજાવવી.

## સ્વાધ્યાય

**સ.૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) મસ્તક (૨) ભરોસો (૩) દુ:ખ (૪) નસીબ
(૫) દિલ (૬) દુશ્મન (૭) સ્વચ્છ (૮) વિષ

**સ. ૨. અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો :**

(૧) મનને નિર્મળ રાખો
(૨) બીજાની બુરાઈ કરો નહિ
(૩) કડવી વાણી કોઈને ગમતી નથી
(૪) જીવનમાં સંતોષ રાખવો જોઈએ.
(૫) ખરી વસ્તુનો હંમેશા આગ્રહ રાખો
(૬) જૂઠું કદી બોલવું નહિ.

**સ. ૩. 'આઈ' પ્રત્યય લગાડી શબ્દ બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો :**

દા.ત. : ભલું – ભલાઈ જવાબ : ભલાઈ કરવી એ શ્રેષ્ઠ માનવ ધર્મ છે.

(૧) ઠાવકું (૨) બૂરું (૩) જુદું (૪) મોટું

**સ. ૪. જુદા પડતાં શબ્દ ફરતે ગોળ કરો :**

દા.ત. નાથ – સ્વામી (જગત) પતિ

(૧) પીડા – દુ:ખ વિઘ્ન યાતના
(૨) પાત્ર – વાસણ યોગ્ય પડદા
(૩) ખુલ્લું – ભોળું ઉઘાડું જાહેર
(૪) ગુરુ – મોટું શિક્ષક લાંબું
(૫) જગત – ધરતી દુનિયા સૃષ્ટિ
(૬) અંતર – મન દિલ ડિલ

**સ. ૫. નીચેના શબ્દોને વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો :**

સંતોષ, આનંદ, ભલાઈ, મહાલક્ષ્મી, વાણી, પ્રારબ્ધ, વિશ્વાસ, નિજાનંદ, દુનિયા, મૂર્ખતા

**સ. ૬. યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો :**

(૧) જો કોઈ મુસીબત આવી પડે તો... : (અ) હસતા મુખે સામનો કરી આગળ વધવું (આ) ગભરાઈને શાંત બેસી રહેવું (ઇ) બધાંની પાસે રોદણા રોવા

(૨) દુનિયાની ખોટી વાતો સાંભળી... (અ) ખૂબ દુઃખી થવું (આ) આનંદ ઓછો થવા દેવો નહિ (ઇ) હસીને વાત ઉડાવી દેવી

(૩) પોતાના સુખ-દુઃખની વાત.... : (અ) બધાંને જણાવવી જોઈએ (આ) કોઈને કહેવી નહિ – મનમાં જ રાખવી (ઇ) બીજાને કહી તેને પોતાના ભાગીદાર બનાવવા

(૪) કટુ વાણી સાંભળીને પણ.... (અ) ગુસ્સો કરવો (આ) ચૂપ બેસી રહેવું (ઇ) મીઠી વાણી જ બોલવી

(૫) કવિ આપણને બોધ આપે છે કે.... (અ) નિજાનંદમાં મસ્ત રહેવું (આ) દુનિયાની પીડા માથા પર ન લેવી (ઇ) પોતાના ભવને સુધારવો

**સ. ૭. નીચેના અર્થને સાર્થક કરતી પંક્તિ લખો :**

(૧) ખોટી વાતો સાંભળવા છતાં શાંતિ રાખી આનંદમાં રહેવું.

(૨) ક્રોધ તજી દઈને બીજા માટે ભલાઈ દાખવવી.

(૩) નસીબના ભરોસે ક્યારેય ન રહેવું કારણકે તે હાથમાં આવતું નથી.

**સ. ૮. ઓળખો :**

(૧) કવિ મનમાં રહેલા જે દુશ્મનને ત્યજી દેવા કહે છે તે–

(૨) ભલાઈની ઘડીને કવિએ ગણાવી છે –

(૩) કવિ વિશ્વાસે ન રહેવા કહે છે –

(૪) કવિ હંમેશા મજા લેવાનું કહે છે –

**સ. ૯. યોગ્ય રીતે જોડો.**

| વિભાગ ‘અ’ | વિભાગ ‘બ’ |
|---|---|
| (૧) ગણ્યું જે પ્યારું પ્યારાએ | (અ) પછી પીડા તને કાંઈ ? |
| (૨) રહેજે શાંતિ સંતોષે | (આ) ન વિશ્વાસે કદી રહેજે |
| (૩) કવિરાજા થયો શી છે | (ઇ) મુખે ના ઝેર તું લેજે |
| (૪) ન માગે દોડતું આવે | (ઈ) અતિ પ્યારું ગણી લેજે |
| (૫) પરાઈ મૂર્ખતા કાજે | (ઉ) સદાયે નિર્મળે ચિત્તે |

**સ. ૧૦. પ્રસ્તુત ગઝલનો તમને ગમતો કોઈપણ એક શેર લખો અને તેને તમારા શબ્દમાં સમજાવો.**

**સંભાષણ ★** ‘સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય’ આ ઊક્તિને સ્પષ્ટ કરવા સમૂહમાં ચર્ચા કરો.

**પ્રકલ્પ ★** કૈલાસ પંડિત તેમજ મનોજ ખંડેરિયાની એક એક ગઝલ પુસ્તકાલયમાંથી અથવા ઇન્ટરનેટની મદદથી મેળવીને કાર્ડપેપર ઉપર લખો.

**ઉપક્રમ** ★ પ્રારબ્ધ અને પુરુષાર્થને લગતા સ્લોગનો તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **કાવ્યના આધારે યોગ્ય વિશેષણ લખો :**

(૧) _______પ્યારું (૨) _______વાણી (૩) _______ચિત્ત

(૪) _______મૂર્ખતા (૫) _______પ્રારબ્ધ (૬) _______ઘડી

★ **વિશેષણ ઉપરથી ભાવવાચક નામ બનાવો.**

(૧) મૂર્ખ (૨) સુંદર (૩) મધુર (૪) કટુ (૫) એક

★ **સંધિવિગ્રહ કરો :**

(૧) સંતોષ (૨) નિર્મળ (૩) નિજાનંદ (૪) સ્વાનંદ

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### લાવી છું.

સોનેરી એક સાંજની આ વાત લાવી છું.
તારા મઢેલી રાતનું આકાશ લાવી છું.
સૂરો નથી, કે સાજ ને સરગમ નથી છતાં,
ઝુલે હવા લળી લળી એ રાગ લાવી છું.
હો પાનખર બધે, ને છો સૂકી હવા વને,
ફરફરતું એક લીલું પાન લાવી છું.
પુષ્પો છે શબ્દ કેરા ને પાંખડી છે પ્રેમની,
સાથે અહીં હું લાગણીના હાર લાવી છું
ના માનશો નયન થકી આંસુ વહી ગયું,
સત્કારવાને ભાવભીની આંખ લાવી છું.
મન છે, નમન છે, હોઠ તો બસ બંધ છે અહીં,
પણ ગાન મખમલી પ્રભુ સો વાર લાવી છું....

– દેવિકા ધ્રુવ

8DG394

પુરુષાર્થ એ જ પારસમણી

# ૬. હીરાદ્વાર

## દુર્ગેશ શુક્લ

૯ સપ્ટેમ્બર, ૧૯૧૧ના રોજ સૌરાષ્ટ્રના રાણપુરમાં તેમનો જન્મ થયો હતો. તેમનો ઉછેર પાલનપુરમાં થયો. ભાવનગરમાં બી.એ.સુધીનું શિક્ષણ લીધા પછી શિક્ષક તરીકે મુંબઈમાં કામ કર્યું. તે દરમ્યાન શાળામાં ભજવવા માટે નાટકો લખ્યા. તે 'ઉત્સવિકા' નામે પુસ્તકમાં છપાયાં છે. તે ઉપરાંત 'પૂજાના ફૂલ', 'છાયા', 'પલ્લવ' વગેરે એમના વાર્તાસંગ્રહો છે. 'ઉર્વશી અને યાત્રી' તથા 'ઝંકૃતિ' તેમના કાવ્યસંગ્રહો છે. 'સુંદરવન', 'પલ્લવી પરણી ગઈ', 'રૂપે રંગે રાણી', 'અંતે ઘરભણી' જેવા નાટકોનું સર્જન પણ તેમણે કર્યું છે. તેઓ માનવહૃદયના મૃદુભાવો સારી રીતે નિરૂપે છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં હીરાધર શિલ્પીના સ્થાપત્ય કળાના ઉત્તમ નમૂનાનું સાચું સૌંદર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે. નાટિકાના સ્વરૂપમાં ગુલામ પ્રજાની માનસિકતા કેવી હચમચી જાય છે. તેનું વેધક શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેઓ કલાની સમજ તો ખોઈ બેસે છે જ પરંતુ પોતાની સંસ્કૃતિનું ગૌરવ પણ ભૂલી જાય છે. પોતાના જ પૂર્વજોના ઉત્તમોત્તમ કલાવારસાનું તેમને મન કોઈ જ મહત્ત્વ રહેતું નથી.

મહાજનમંડળ જે કલાકૃતિઓને પથરા ગણીને તેના નિકાલ માટે સંમતિ આપે છે તે ખરેખર તો સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના છે. આ કલાના સાચા પારખુ તરીકે અહીં બે જણને બતાવ્યા છે – એક અંગ્રેજ અધિકારી ફૉર્બ્સ અને બીજા સોમેશ્વર શાસ્ત્રી.

અંતમાં નાનકડા મોહનનું પાત્ર આવે છે જે ભવિષ્યનો શિલ્પી અને હીરાધરનો વંશજ પણ છે. શાસ્ત્રીજી ફૉર્બ્સસાહેબને કલાના નમૂના લઈ જવાની છૂટ આપે છે પણ કલાના ઘડવૈયાને નહિ. તેમની આ ભાવના ફૉર્બ્સસાહેબ પણ સારી રીતે સમજે છે.

## પાત્રો

ફૉર્બ્સ  સોમેશ્વર શાસ્ત્રી  મોહન  નોકર અને દયાળ  મહાજનના ચાર શેઠ

(ફૉર્બ્સસાહેબ હીરાદ્વાર પર કોતરેલી યક્ષકન્યાઓનાં શિલ્પ જોઈ રહ્યા છે.)

**ફૉર્બ્સ** : (પ્રશંસાપૂર્વક) કેવી સુંદર કમાન ! કેવી કોતરણી ! પથ્થર ઘડ્યા છે, તે જાણે હાથીદાંત ન ઘડ્યા હોય ! શિલ્પી હીરાધર ! તારી કલાથી તેં ડભોઈને અમર કર્યું છે. ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. તું યુરોપની ભૂમિ પર જનમ્યો હોત, તો આ જગતના શ્રેષ્ઠ કલાકાર તરીકે પૂજાયો હોત. આ હતભાગ્ય દેશમાં, આજે તું વીસરાઈ ગયો છે. તારી કોઈને કદર રહી નથી. કેવી દશા !

(આંટા મારે છે.)

ને મારે હવે ડભોઈ છોડવું પડશે. કિલ્લાની કૂંચીઓ સોંપી દેવાનો કંપની સરકારનો હુકમ આવી ગયો છે. પણ કોણ જાણે કેમ આ, જગા છોડી જતાં જીવ ચાલતો નથી ! આ જમીન સાથે હૃદય જડાઈ રહ્યું હોય એમ લાગ્યા કરે છે. આ ભૂમિ પર કુદરત અને કલા બન્નેની સરખી કૃપા ઊતરી છે. પેલાં સુંદર તળાવો, પવનની લહેરીઓમાં ઝૂલતાં કમળો, લીલીછમ ટેકરીઓ, કેવી કુદરતની મહેર વરસી છે ! ને આ કમાનો, આ સ્તંભો, આ મૂર્તિઓ ! કેવી કોતરણી ! પ્રશંસા કરવા શબ્દો પણ જડતા નથી ! હીરાધર ! તારી પાસે માથું ઝૂકી જાય છે.

**નોકર** : (પ્રવેશ કરી) નામદાર, ડભોઈનું મહાજનમંડળ આપને મળવા અહીં આવ્યું છે.

**ફૉર્બ્સ** : શું ? મહાજનમંડળ આવ્યું છે ? કેમ ?

**નોકર** : સાહેબ હવે ડભોઈ છોડી જવાના છે. તેથી સલામે આવ્યું છે.

**ફૉર્બ્સ** : ભલે, ભલે, આવવા દે મહાજનમંડળને (મહાજનમંડળ પ્રવેશે છે.)

**ફૉર્બ્સ** : પધારો ગૃહસ્થો, બોલો શો હુકમ છે ?

**પહેલો શેઠ** : અમારો તે હુકમ હોય સાહેબ, હુકમ તમારો. અમે તો તમારા દાસ છીએ.

**બીજો શેઠ** : અમે સાહેબની સલામે આવ્યા છીએ.

**ત્રીજો શેઠ** : આપ તો હવે જવાના છો તેથી અમારી કંઈ યાદગીરી આપવા આવ્યા છીએ.

**ચોથો શેઠ** : આપે અમારી બહુ કાળજી રાખી.

**ફૉર્બ્સ** : એ તો મારી ફરજ છે.

**પહેલો** : તમે અમને ભારે સુખશાંતિ આપી. પહેલાં તો બહારવટિયાનાં ધાડાં ચોથ ઉઘરાવવા આવતાં, ને બધું લૂંટી જતાં. નિરાંતે જંપીને બેસવા દેતાં નહિ.

**બીજો** : હા સાહેબ, તમે આવ્યા ને શાંતિ ફેલાઈ. વેપાર રોજગાર વધ્યા.

**ત્રીજો** : એ ઉપકારનો બદલો તો વાળી શકાય તેમ નથી. પણ અમારું આટલું નજરાણું સ્વીકારો.

**ચોથો** : હા સાહેબ, એટલી કિરપા કરો.

**પહેલો** : અલ્યા દયાળ, લાવ થાળી, મેલ સાહેબના મોઢા આગળ. (દયાળ થાળી લાવી સાહેબના પગ પાસે મૂકે છે.)

**ફૉર્બ્સ** : (હસીને) અહોહો ! કાંઈ અમદાવાદી અતલસ, ને સૂરતી ગજી, કાંઈ ઘાટદાર ઘરેણાં ! તમે તો મને ઉપકાર તળે જ દાટી દીધો, શેઠિયાઓ !

**પહેલો** : એમાં ઉપકાર શાનો સાહેબ ?

**બીજો** : તમે ક્યાં ઓછા ઉપકાર કર્યા છે ! કીમ બોલ્યા નહિ શેઠ ?

**ત્રીજો** : એ હા, બાપા હા, આ તો કાંઈ નથી.

**ચોથો** : અમારી ગરીબ ભેટ સ્વીકારો એટલે બસ.

**ફૉર્બ્સ** : (હસીને) ન સ્વીકારું તો ?

**પહેલો** : અરર, એ શું બોલ્યા મારા સા'બ.

**બીજો** : એ તે કંઈ ચાલે ?

ત્રીજો : લેવું જ પડે.

ચોથો : એટલી અમારી યાદ તો લેતા જાઓ.

ફૉર્બ્સ : પણ શેઠિયા, મારે મન આની કશી કિંમત નથી.

પહેલો : હેં ! શું બોલ્યા ?

બીજો : આ તો ફૂલની પાંખડી છે, મારા સાહેબ.

ત્રીજો : યથાશક્તિ છે.

ફૉર્બ્સ : એ માટે હું નથી સ્વીકારતો એમ નહિ.

પહેલો : ત્યારે ?

બીજો : કારણ તો હશે ના કંઈ ?

ત્રીજો : પાંચ-પચીસ હજારનો વધારો કરી દઈએ.

ફૉર્બ્સ : પાંચ-પચીસ હજારનો સવાલ નથી. મહાજનો, મારું કહેવું જુદું છે. મને આ નજરાણું ન જોઈએ. મારે જોઈએ...

પહેલો : બોલો બોલો, મારા સાહેબ !

ફૉર્બ્સ : નહિ આપી શકો.

પહેલો : ન શું અપાય ? આ બધુંય તમારું છે.

બીજો : ના સાહેબ, મોંમાંથી વચન કાઢો ઈ ભેગું આપી દઇએ.

ફૉર્બ્સ : તમારા ધર્મમાં વાંધો ન આવે તો...

ત્રીજો : પહેલાં કહો તો ખબર પડે.

ફૉર્બ્સ : મને.... આ હીરાદ્વાર છે ને...

ત્રણે : હા.

ફૉર્બ્સ : એની કોતરણીના તૂટી ગયેલા ટુકડાઓ જોઈએ.

પહેલો : અરરર ! એમાં તે શું માંગ્યું !

બીજો : વાહ રે ! આ કાંઈ માગણી છે, મારા સાહેબ !

ત્રીજો : બે પૈનીયે કિંમત નઈ !

ફૉર્બ્સ : ને તમારા હીરાધર શિલ્પીએ ઘડેલી કોઈ મૂર્તિઓ હાથ લાગે તો મેળવી આપો.

પહેલો : ભાઈ, આ તો અજબ વાત કરી !

બીજો : પણ મારા સાહેબ, આવું મામૂલી માંગો તે કંઈ અપાય ?

ત્રીજો : આવા તો કૈંક ટુકડા રખડે છે. જેટલા જોઈએ એટલા આલીશું. પણ એની કિંમત કેટલી ?

ફૉર્બ્સ : મહાજનો, તમારે મન જેની કશી કિંમત નથી તે મારે મન અમૂલ્ય છે. આપવું હોય, તો મેં કહ્યું તે આપો. બીજું મારે કશું જ ન જોઈએ.

પહેલો : પણ સાહેબ !

ફૉર્બ્સ : ના શેઠિયા, આટલું જ. બીજું કશું નહિ. આપી શકો તો આપો, નહિ તો કંઈ નહિ.



પહેલો : ભલે સાહેબ, જેવી તમારી ઇચ્છા.

બીજો : (વિચાર કરી) અમે જરા સોમેશ્વર શાસ્ત્રીને પૂછી જોઈએ.

ત્રીજો : હા સાહેબ, ધરમની વાત કહેવાય.

ચોથો : ખંડિત દેવતાની મૂર્તિ રહી, તે પૂછવું જોઈએ.

ફૉર્બ્સ : જરૂર પૂછી જુઓ. કહો તો સોમેશ્વર શાસ્ત્રીને બોલાવીએ.

પહેલો : હા સાહેબ, બહુ વિદ્વાન છે.

બીજો : ઇ બોલે ઇ શાસ્તર વચન.

ત્રીજો : સોળ આના ને બે પાઈ. બોલ મિથ્યા થાય નહિ.

ફૉર્બ્સ : ભલે ત્યારે . શાસ્ત્રીજીને બોલાવો ને પૂછી જુઓ. હું એટલી વારમાં બહાર જઈ આવું (જાય છે.)

પહેલો : એલા દયાળ, શાસ્ત્રીજીને 'જરા બોલાવી લાવ.' (દયાળ જાય છે.)માગીમાગીને આ શું માંગ્યું !

બીજો : પથરામાં જીવ ઘાલ્યો !

ત્રીજો : મારી ભેંસની ગમાણમાં આમાંની કેટલીય મૂર્તિઓ છે. આ પથરા પડ્યા છે તે, ગાયો ચારતા ગોવાળો અહીં બેસી મજા કરે છે.

ચોથો : ને ઢોરો ઉપર છાણ કરે છે.

પહેલો : એવા પથરા શું જોઈને માગ્યા હશે ?

બીજો : ભાઈ, ગોરાની વાતો ન સમજાઈ.

ત્રીજો : લ્યો આવ્યા સોમેશ્વર શાસ્ત્રી. એ આવો આવો શાસ્ત્રીજી ! (શાસ્ત્રીજી આવે છે. સૌ હાથ જોડે છે.)

શાસ્ત્રી : કેમ બોલાવવો પડ્યો, મહાજન ?

પહેલો : મોટું કામ પડ્યું છે, મહારાજ ! શાસ્તરની વાત નીકળી તે તમને પૂછવા પર રાખવું પડ્યું. આપણા ફારબસસાહેબ વિલાયત જાય છે. એમને નજરાણું દેવા આવ્યા, પણ સાહેબ કહે, નજરાણું ન જોઈએ. પણ તમે રાજી હો, અને ધરમ આડો ન આવે, તો માગું તે આપો.

શાસ્ત્રી : શું માગ્યું ગોરાએ ?

બીજો : હીરાદ્વારના કોતરણીવાળા પથરા, ને ખંડિત મૂર્તિઓ.

શાસ્ત્રી : અરે !

ત્રીજો : તે અમે કહ્યું શાસ્ત્રીજીને પૂછીએ. ધરમમાં બાધ નહિ આવે તો આપી દઈશું. હવે તમારો શો મત પડે છે?

ચોથો : તમે કહેતા હો તો આલીએ. અહીં એની કિંમત શી છે ? જ્યાં ત્યાં પગે અથડાય છે. છો લઈને રાજી થતા.

પહેલો : ધરમમાં વાંધો ન હોય તો.

બીજો : હા ધરમ પહેલો.

શાસ્ત્રી : (દુ:ખથી) તમારે હીરાધર શિલ્પીની ખંડિત મૂર્તિઓ આપી દેવી છે ? ઠીક (નિ:શ્વાસ નાખી) ભાઈ હીરાધર, આ વાત સાંભળતો હોય, તો કાનમાં આંગળીઓ ખોસી દેજે. તારાં મધુર સ્વપ્નોને પથ્થરમાં ઉતારી, ડભોઈની પ્રજાને સૌંદર્યનું પાન કરાવી જવાની તારી આશા નકામી હતી, એ ભાન થતાં તને ઘણું દુ:ખ થશે.

પહેલો : ઇ શું બોલ્યા, શાસ્ત્રીજી ?

શાસ્ત્રી : કશું જ નહિ. આ હીરાદ્વાર ! શિલ્પી હીરાધરની અમૂલ્ય કલાકૃતિ ! આ યક્ષકન્યાઓ, હીરાધરની સ્વપ્નસુંદરીઓ, કેવો સૌંદર્યનો ભંડાર આટલાં વર્ષો સુધી ડભોઈમાં ભર્યો હતો ! આજે તે ભંડાર લૂંટાઈ રહ્યો છે. પ્રજાની દૃષ્ટિ સૌંદર્યની પારખુ નથી રહી. સંસ્કાર અને સંસ્કૃતિના આવા અમૂલ્ય અવશેષોની એને કશી જ કિંમત નથી. એમને મન આ પથરા છે ! હીરાધરની શિલ્પમૂર્તિઓ રબારીના વાડામાં, લુહારની કોઢમાં, ઉકરડાના ઢગલામાં રઝળતી દેખાય છે. આ પ્રજાને એની કશી જ કિંમત રહી નથી. શિવ શિવ !

બીજો : તો ત્યારે તમારો શો મત પડે છે ?

શાસ્ત્રી : મારો મત ? હા, એક સરસ હીરામંદિર બંધાવો. રખડતા ખંડિત ટુકડાઓ, રઝળતી મૂર્તિઓ ભેગી કરો. એને એ મંદિરમાં સાચવી રાખો. નહિ તો, ભવિષ્યની પ્રજા આ અણમૂલ વારસાને વેડફી દેવા બદલ તમને ધિક્કારશે.

બધા : હેં !

શાસ્ત્રી : હા, ભવિષ્યની પ્રજા આ ખંડિત મૂર્તિઓને ગુજરાતની સાચી સંસ્કારલક્ષ્મી માની સત્કારશે; તમારા ધનના ઢગલાને નહિ પૂજે.

પહેલો : શું બોલો છો, શાસ્ત્રીજી ? કંઈ સમજાતું નથી.

બીજો : ઝટ હા કે ના કહી દ્યો ને. ગોરાને કંઈ ખાલી કઢાશે ? માંગ્યું છે તે આલવું તો જોઈએ ને ?

ત્રીજો : હા શાસ્ત્રીજી, આલી દઈએ. ગોરાને સારું લાગશે. ને આ પથરા અહીં તહીં અથડાતા રહેશે.

શાસ્ત્રી : (નિરાશાથી) ભલે, આપવા બેઠા છો તો આપી દો.

ચોથો : પણ ધરમ કે'તો હોય તો –

શાસ્ત્રી : તમારો ધરમ કીડીઓને લોટ નાંખવામાં સમાઈ ગયો છે, પ્રજાની સંસ્કૃતિ સાચવવામાં કે એનું ગૌરવ વધારવામાં નથી રહ્યો.

પહેલો : સંસ્કૃતિ ને ગૌરવ, કંઈ સમજાય એવું તો બોલો, મહારાજ,

બીજો : આપણને ઇ ન સમજાય, ધરમની વાત કરો.

શાસ્ત્રી : એમ કરો. તમારા ગોરાસાહેબની સાથે હું વાત કરું છું એને પૂછી જોઉં ને પછી નિર્ણય આપું.

ત્રીજો : હા, હા, શાસ્ત્રીજી, એ ઠીક બોલ્યા, સારામાં સારો માર્ગ. સાહેબ હમણાં અહીં આવશે. તમે જરા રોકાવ, ને મોઢામોઢ જવાબ આલીને જ જાવ. (સોમેશ્વર જરા દૂર હીરાદ્વાર નજીક જાય છે.)

પહેલો : આ ઠીક થયું.

બીજો : હાસ્તો. આલવાની વાત એમને મોઢેથી નીકળશે.

ત્રીજો : ને પાપપૂન એમને ચોપડે ચડશે. આપણે ન લેવા ન દેવા.

શાસ્ત્રી : ગુજરાત, તારી ધરતીમાં કૈંક રત્નો પાક્યાં છે, પણ તને એની કિંમત રહી નથી. હીરાધર જેવા શિલ્પીઓ જગતભરમાં શોધ્યા જડે એમ નથી. દેલવાડાનાં દેરાંની કારીગરી કરનારા સોમપરા સલાટ-શિલ્પીઓ, રાજગઢીઓના લાકડાંના ઝરૂખાઓ કોતરનાર સુથારો, સંગીત-નૃત્યના જાણકાર ભોજક તરગાળાઓ, ધાતુની કારીગરીમાં કુશળ પંચાલો- સૌ તારાં મહામૂલ્ય રત્નો છે. પણ આજ એ ઢંકાયેલા પડ્યાં છે. હીરાપારખુ હોવાનો ગુજરાતનો દાવો કેટલો ખોટો છે, એ ધૂળમાં તો નજરે જોનારને જ સમજાય.

(નિઃશ્વાસ નાખી આમતેમ આંટા મારે છે. થોડી વારે-)

હીરાધર, ક્ષમા કરજે, મેં અંતરથી નિર્ણય કરી લીધો છે. તારા પ્રાણ સમી આ પ્રતિમાઓ પરદેશ મોકલાઈ જશે. જેણે એ માગી છે તે એનો જાણકાર છે. કળાનો પારખુ છે. નહિ તો ધનના ઢગલા મૂકી, આ ખંડિત મૂર્તિઓ ન માગત. ભલે આ કલાકૃતિઓ સુપાત્રને હાથે ચઢતી.

પહેલો : લો, આ સાહેબ પધાર્યા. (ફૉર્બ્સ પ્રવેશે છે.)

બીજો : હવે તમારે મોઢે જ હા કે ના સંભળાવી દો એટલે પત્યું.

શાસ્ત્રી : ફૉર્બ્સ સાહેબ, હીરાધરની કલાકૃતિઓ આપને અમે આપી શકીશું.

ફૉર્બ્સ : તમારો હું કેટલો ઉપકાર માનું ? શાસ્ત્રીજી, આપની આ ભેટ હું જીવનભર સાચવી રાખીશ.

શાસ્ત્રી : તમારી પાસે સચવાશે એ આશયથી તો આપને આપવા હું તત્પર થયો છું. અહીં કાળના ઘસારા સહી સહી, સંભાળ વિના આ કૃતિઓ નાશ પામે, તે પહેલાં એ કોઈ કલાપ્રિય આત્માની સંભાળ પામે તે જરૂરનું છે. આપ એનું શું કરશો ?

ફૉર્બ્સ : હું શું કરીશ ? એનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી. પણ સાચું કહું ? આ મૂર્તિઓને જોતાં મારા હૃદયમાં જે ઊર્મિઓ જાગે છે, તે ઊર્મિઓ એવી સુખદાયક છે, કે આખું હૃદય અગાધ આનંદસાગરમાં ડૂબી જાય છે. ચેતના એક પ્રકારના અનુપમ, અવિનાશી સૌંદર્યદર્શનની સમાધિમાં લીન થઈ જાય છે.

મારી આસપાસ રૂપ, રંગ, આનંદના ફુવારા ઊડતા અનુભવું છું. આ કૃતિઓને જોતાં જ મારું ચિત્ત એવી કોઈ મનોહર ભૂમિમાં વિહરતું થઈ જાય છે, કે જેનું વર્ણન કરી શકાય તેમ નથી.

**શાસ્ત્રી** : સમર્થ કલાકારની એ ખૂબી છે, કે દેશી યા પરદેશી સૌનાં હૃદયમાં આવા ભાવો પેદા કરે. હીરાધરે ઘડેલી યક્ષકન્યાઓ મારી નજર સામે જીવતી ખડી થાય છે, ત્યારે હું પણ એની કટિમેખલાની ઘૂઘરીઓ રણકતી સાંભળું છું. પગનાં નૂપુરનો ઝણકાર સાંભળું છું; મુખ પર પથરાતા સ્મિતની છટા જોઉં છું; અને કલ્પના કરું છું, કે હીરાધર શિલ્પી આ યક્ષકન્યાઓથી ઘેરાઈને બેઠો હશે, ત્યારે એના મોં ઉપર પણ કેવો આનંદ, કેવો સંતોષ પથરાતો હશે !

**ફૉર્બ્સ** : શાસ્ત્રીજી, તમે લોકો આ મૂર્તિઓ ભેગી કરી સાચવતા કેમ નથી ?

**શાસ્ત્રી** : સાહેબ, એ પ્રયત્ન મિથ્યા છે. વિવેકભ્રષ્ટોનો વિનિપાત શતમુખ હોય છે. આ ધરતી હવે એની કલાને સાચવી શકે તેમ નથી. પરતંત્રતાએ આપેલી ગુલામ મનોદશાએ લોકોને બીજાને કાને સાંભળતા, બીજાને હૈયે અનુભવતા કર્યા છે. એમને એમની પોતાની દૃષ્ટિ નથી. પોતાનું હૈયું નથી. એમને મન તો આ બધા અહીંતહીં રઝળતા પથરા છે. એના પર છોકરાં થૂંકશે. ઢોર ચરાવતા ભરવાડો બેઠકો બનાવશે. જ્યારે તમે એ સાચવશો.

**ફૉર્બ્સ** : જરૂર સાચવીશ. શાસ્ત્રીજી, હું સ્કોટલૅન્ડનો છું. મારો દેશ ડુંગરાળ છે. ત્યાં કુદરતની ગોદમાં હીરાધર શિલ્પીની આ મૂર્તિઓ હું મૂકીશ. ત્યાંના લોકો આ મૂર્તિઓ જોશે અને હીરાધરની કલાને મસ્તક નમાવશે. આ મૂર્તિઓ આ દેશનું ગૌરવ દૂરદૂરના દેશોમાં ફેલાવશે.

**શાસ્ત્રી** : તમારા એ સત્કારથી હીરાધરનો ગત આત્મા પ્રસન્ન થશે. લોકવાયકા છે કે હીરાધર હજીયે આ ખંડેરોમાં ફરતો જોવામાં આવે છે, એના ટાંકણાનો ટક ટક અવાજ શાંત રાત્રિમાં હજીયે સંભળાય છે. સર્વભક્ષી કાળ અને અણસમજુ જનસમૂહે નષ્ટ કરેલા એના આ સૌંદર્યભંડારોનાં ખંડેરોમાં ભટકતા એના આત્માને કેટલું દુઃખ થતું હશે ! જે પ્રજાના આનંદ માટે એણે એની કલ્પનાનો વૈભવ છલકાવ્યો હતો. તે પ્રજાએ કરેલી અવગણના એના દિલમાં કેવા ઘા કરતી હશે ! ફૉર્બ્સ, હીરાધરની કદર આ ભૂમિને હવે રહી નથી. ધનની ઉપાસનામાં મગ્ન આ લોકો શ્રી અને સરસ્વતીનો સમન્વય નથી કરતા, પણ સરસ્વતીની અવગણના કરે છે. અરે ! પરમાત્મા જેવા મહાન કલાકારે, જે નિત્યનવીન રૂપ પૃથ્વીને આપ્યું છે, તે જોવાનીયે કોઈને પડી નથી. ત્યાં હીરાધર જેવા મનુષ્યે રચેલી કૃતિઓનું તો કહેવું જ શું ?

**પહેલો** : અલ્યા, શાસ્ત્રીએ જવાબ આપ્યો કે હજી વાતો જ કર્યા કરે છે ?

**બીજો** : શાસ્ત્રીએ તો ગોરાને દંગ બનાવી દીધો. કેવું ધડધડાટ બોલે છે !

**ત્રીજો** : ત્યારે શાસ્ત્રી કાંઈ ઓછા વિદ્વાન છે ? ભલાભલાને આંટી મારે.

**ચોથો** : પણ જવાબ શો આલ્યો ?

**પહેલો** : પેલું કોણ આવે છે ? રામજી સલાટનો દીકરો મોહન લાગે છે !

**મોહન** : સોમેશ્વરદાદા, તમને તો શોધીશોધીને થાક્યો. જુઓ, જુઓ, આ પૂતળી કેવી બની છે ?

**શાસ્ત્રી** : અરે મોહન, સરસ બનાવી છે હો !

**મોહન** : પેલી તમે આપી હતી તે પૂતળી જોઈને બનાવી.

**શાસ્ત્રી** : બરાબર, આબેહૂબ બની છે. જુઓ ! ફૉર્બ્સસાહેબ, છોકરાની કારીગરી.

**ફૉર્બ્સ** : ખરેખર, શાસ્ત્રીજી, છોકરો ભવિષ્યમાં એક સારો શિલ્પી થશે. કેવી સુંદર મૂર્તિ ઘડી કાઢી છે ! છોકરા, આ મને આપીશ કે ?

**મોહન** : હા. એમાં શું, બીજી બનાવીશ સાહેબ !

**શાસ્ત્રી** : આ હીરાધર શિલ્પીનો વંશજ – હજીયે હીરાધરનું ટાંકણું એના વંશજો દ્વારા સતત ચાલુ જ રહ્યું છે – જંપ્યું નથી.

**ફૉર્બ્સ** : શાસ્ત્રીજી, આ છોકરાને મારી સાથે ઈંગ્લૅન્ડ મોકલો; ત્યાં અભ્યાસ કરશે, દુનિયામાં નામ કાઢશે.

**શાસ્ત્રી** : ફૉર્બ્સસાહેબ, કલાના નમૂનાઓ લઈ જાવ તે તો ઠીક, પણ એના ઘડવૈયા લઈ જાવ તે મને પસંદ નથી. પશ્ચિમની કલાપદ્ધતિનો અનુકરણિયો હિંદી કલાકાર કશું જ ચિરંજીવ સરજી શકશે નહિ. મારા આ નાના કલાકારને તો આ ખંડેર પ્રેરણા આપવા બસ છે. એ જ આ ખંડેરને ફરી સૌંદર્યધામમાં પલટાવી નાંખશે.

**ફૉર્બ્સ** : તમારું એ સ્વપ્ન સફળ થાઓ, શાસ્ત્રી.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં વિદ્યાર્થીઓનું વિવિધ કલાઓ વિશેનું જ્ઞાન પ્રશ્નોત્તર દ્વારા જાણી લેવું. આવશ્યક કલાનું વિશેષ જ્ઞાન કથન દ્વારા આપવું ત્યાર પછી પ્રસ્તુત નાટિકાના વિષયવસ્તુને આત્મસાત કરાવવું. કલાવિષયક જે જે વિધાનો આપ્યા છે તે તે વિધાનોને સરળ ભાષામાં સમજાવવા. તેનો મર્મ સમજાવવો. આ કૃતિના અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓમાં કલા વિશેનો દૃષ્ટિકોણ વિકસાવવો, કલા પ્રત્યે રુચિ વધારવી અને કલાની કદર કરવાનો ગુણ કેળવવો. સોમેશ્વર શાસ્ત્રીની મનોવ્યથાને સાચી રીતે સ્પષ્ટ કરવી. મોહનના પાત્રના માધ્યમ દ્વારા કલાસર્જન માટે પ્રેરણા પૂરી પાડવી. આપણા ઐતિહાસિક સ્મારકોના સ્થાપત્ય વિશે પણ ચર્ચા કરવી. આપણા કલાકારોનો પણ સંક્ષિપ્તમાં પરિચય આપવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ચાવી (૨) બક્ષિસ (૩) ભાવિ (૪) ઝાંઝર

(૫) કંદોરો (૬) ઉપેક્ષા (૭) આરાધના (૮) પાયમાલી

**સ. ૨. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) લાંબાકાળ સુધી ટકનારું –

(૨) કમર પર પહેરવાનો કંદોરો –

(૩) સારાસારની સમજ-બુદ્ધિ ગુમાવી ચૂક્યા હોય તે –

(૪) સો મુખવાળું –

(૫) કલાયુક્ત રચના કે સર્જન કરનાર –

(૬) લોકો દ્વારા ચાલી આવતી પારંપારિક વાર્તા –

**સ. ૩. નીચેના શબ્દમાંથી અક્ષરો લઈને બનતા બે અને ત્રણ અક્ષરવાળા વધુમાં વધુ શબ્દો બનાવો :**

(૧) આનંદસાગર (૨) મહાજનમંડળ

**સ. ૪. અર્થભેદ લખો : દા.ત.: રજ – ધૂળ ; રંજ – દુઃખ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ખડ – ________ | ખંડ – ________ | | (૨) | ભાડુ – ________ | ભાંડુ – ________ | |
| (૩) | વડી – ________ | વંડી – ________ | | (૪) | ગાડુ – ________ | ગાંડુ – ________ | |
| (૫) | જપ – ________ | જંપ – ________ | | (૬) | મદ – ________ | મંદ – ________ | |
| (૭) | બાગ – ________ | બાંગ – ________ | | (૮) | સત – ________ | સંત – ________ | |
| (૯) | નદી – ________ | નંદી – ________ | | (૧૦) | જગ – ________ | જંગ – ________ | |

**સ. ૫. અધોરેખિત શબ્દને બદલે બીજો શબ્દ વાપરીને અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો.**

**દા.ત.** : જમતી વખતે <u>પ્રસન્ન</u> રહેવું.  **જવાબ** : જમતી વખતે <u>અપ્રસન્ન</u> રહેવું નહિ.

(૧) મયંકને <u>સ્વતંત્રતા</u> ગમે છે.

(૨) કોઈએ કરેલા <u>ઉપકારને</u> ક્યારેય ભૂલવો નહિ.

(૩) મંદિરમાં <u>ખંડિત</u> મૂર્તિ પધરાવાય નહિ.

(૪) સભામાં <u>વિદ્વાનો</u> પૂજાય છે.

**સ. ૬. (અ) સમજીને લખો :**

(૧) ફૉર્બ્સના મતે ડભોઈની ભૂમિ પર કૃપા ઉતરી છે. તેવા બે ઘટકો ________ અને ________.

(૨) મહાજન ફૉર્બ્સ માટે નજરાણું લાવ્યા તે –

અમદાવાદી – _____  સૂરતી – _____  ઘાટદાર – _____

(૩) હીરાધરની શિલ્પકૃતિઓ ડભોઈમાં રઝળતી જોવા મળે છે.

રબારીના – _____  લુહારની – _____  ઉકરડાના – _____

**(બ) ઓળખો :**

(૧) ફૉર્બ્સ સાહેબનું વતન –

(૨) રામજી સલાટનો દીકરો –

(૩) ડભોઈમાં રહેતા વિદ્વાન શાસ્ત્રી –

(૪) હીરાદ્વારની કોતરણી કરનાર શિલ્પી –

(૫) મહાજનમંડળ પાસે હીરાદ્વારની કોતરણીના તૂટી ગયેલા ટુકડાઓ માંગનાર –

**સ. ૭. (અ) પાઠના આધારે યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) દેલવાડાનાં દેરાની કારીગરી | (અ) ભોજક તરગાળાઓ |
| (૨) રાજગઢીઓના લાકડાંના ઝરુખાઓ | (આ) પંચાલો |
| (૩) સંગીત અને નૃત્યના જાણકાર | (ઇ) સોમપરા સલાટો |
| (૪) ધાતુની કારીગરીમાં કુશળ | (ઈ) સુથારો |

**(બ) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

(૧) શિલ્પી હીરાધરની કલાથી ડભોઈ ___________ બન્યું છે.

(૨) ફૉર્બ્સસાહેબને ડભોઈ છોડી દેવાનો હુકમ ___________સરકારે મોકલ્યો હતો.

(૩) બહારવટિયાઓના ધાડાં ___________ઉઘરાવવા આવતાં.

(૪) પ્રજાની દૃષ્ટિ ___________ પારખુ રહી નહોતી.

(૫) ગુજરાતની ધરતીમાં કૈંક ___________પાક્યાં છે.

સ. ૮. યોગ્ય શબ્દ મૂકી પરિચ્છેદ પૂર્ણ કરો.

હીરાધરની કલાકૃતિ મૂર્તિને જોતાં જ ફૉર્બ્સના હૃદયમાં જાગતી ઊર્મિઓ _______ તેનું હૃદય અગાધ આનંદ-સાગરમાં ________ તેની ચેતના સૌંદર્યદર્શનની સમાધિમાં _______ તેનું ચિત્ત મનોહર ભૂમિમાં ______.

સ. ૯. હીરાધરે ઘડેલી યક્ષકન્યાઓને જોતાં જ સોમેશ્વર શાસ્ત્રીને જે અનુભવ થતો તે તમારા શબ્દોમાં વર્ણવો.

**સંભાષણ** ★ પ્રસ્તુત નાટિકાના તમને ગમતાં સંવાદો વર્ગમાં આરોહ-અવરોહ સહિત છટાપૂર્વક બોલી બતાવો.

**પ્રકલ્પ** ★ 'દેલવાડાનાં દેરા' વિશે સંપૂર્ણ માહિતી ઇન્ટરનેટની મદદથી મેળવીને સરસ ચાર્ટ બનાવો.

**ઉપક્રમ** ★ તમારી શાળામાં યોજાયેલા પુસ્તકમેળામાં જાહેરજનતાને આમંત્રણ આપવા એક પત્રિકા તૈયાર કરો.

## ભાષિક સમજ

★ નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(૧) કેવી સુંદર કમાન કેવી કોતરણી

(૨) પધારો ગૃહસ્થો બોલો શું હુકમ છે

(૩) આ નજરાણુંય ન જોઈએ મારે

(૪) ના શેઠિયા આટલું જ બીજું કશું નહિ આપી શકો તો આપો નહિ તો કંઈ નહિ

★ કૃદંત ઓળખી તેનો પ્રકાર લખો :

(૧) એની કોતરણીના તૂટી ગયેલા ટુકડાઓ જોઈએ.

(૨) આ પથરા અહીંતહીં અથડાતા રહેશે.

(૩) ડભોઈનું મહાજનમંડળ આપને મળવા અહીં આવ્યું છે.

(૪) દેલવાડાનાં દેરાંની કારીગરી કરનાર સોમપરા શિલ્પીઓ અમારાં રત્નો છે.

(૫) હીરાધર શિલ્પી આ યક્ષકન્યાઓથી ઘેરાઈને બેઠો હશે.

★ પાઠને આધારે નામની સાથેના યોગ્ય વિશેષણ લખો :

(૧) ____કલાકૃતિ (૨) ____તળાવો (૩) ____મૂર્તિઓ (૪) ____પંચાલો

(૫) ____ઊર્મિઓ (૬) ____ઘૂઘરીઓ (૭) ____મનોદશા (૮) ____જનસમૂહ

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### પહાડી ચિત્રકળા

પહાડી ચિત્રકળા એ રાજપૂત ચિત્રકળાનો એક ભાગ છે. હિમાલયના પહાડી વિસ્તારો કાંગરા, જમ્મુ, ગઢવાલ, ચંબા, બસોલી જેવા પ્રદેશોમાં જે ચિત્રકળા વિસ્તાર પામી તેને પહાડી ચિત્રકળા કહેવાય છે. મોગલ સામ્રાજ્યમાં અકબરના શાસન દરમિયાન કલા તથા કલાકારોને ખૂબ જ માન-સન્માન અને આદર મળતા. કલાના વિકાસ માટે ઘણાં કલાકેન્દ્રો શરૂ કર્યા હતાં, પરંતુ ઔરંગઝેબે તે બધી જ શાળાઓ બંધ કરી કલાકારોને

તડીપાર કર્યા ત્યારે કલાકારોએ જુદા જુદા સ્થળે આશ્રય મેળવ્યો. પ્રાકૃતિક સૌંદર્ય અને શાંતિથી આકર્ષાઈ ઘણા કલાકારોએ પહાડી ક્ષેત્રના રાજાઓને ત્યાં આશ્રય મેળવ્યો અને ત્યાંના રાજાઓ દ્વારા તેમની ચિત્રકળાને પ્રોત્સાહન આપી વિસ્તૃત કરાઈ જે પહાડી ચિત્રકળા તરીકે ખ્યાતિ પામી.

પહાડી ચિત્રો બનાવવા સિયાલકોટ પેપર (બ્રાઉન પેપર) પર લાલ રંગ કરવામાં આવે છે પછી તેના પર સફેદ આવરણ કરી તેની સપાટીને ઘસી લીસી બનાવાય છે અને તેના પર કાળા અથવા કથ્થઈ રંગથી ચિત્રો દોરવામાં આવે છે. મુખ્ય આકૃતિને જાડી તથા સ્પષ્ટ રૂપરેખા આપવામાં આવે છે. ત્યાર પછી રંગકામ કરવામાં આવે છે. પ્રાથમિક ચિત્ર, રંગકામ અને અંતિમ ઓપ જુદા જુદા કલાકારો દ્વારા કરવામાં આવે છે. પહાડી ચિત્રકળામાં સ્થાનિક અને મોગલ ચિત્રકળાનું મિશ્રણ જોવા મળે છે. તે સમયના વૈષ્ણવ સંપ્રદાયની તેના પર ઘણી અસર દેખાય છે. મીરાબાઈ, તુલસીદાસ, કબીર, જયદેવ, ચૈતન્ય જેવા કવિઓની કવિતાના વિષયો પર તેનાં અદ્‌ભુત ચિત્રો જોવા મળે છે. જુદા જુદા રાજાઓના આશ્રય નીચે પહાડી ચિત્રકળા જુદી જુદી રીતે પ્રસ્તુત થઈ, પરંતુ તેના મુખ્ય લક્ષણો એક સરખાં જ હોય છે. પહાડી ચિત્રકળા મુખ્ય બે ભાગમાં વર્ગીકૃત થાય છે.

**૧) કાંગરા શૈલી :** કાંગરાના રાજા સંસારચંદ્ર (૧૭૭૫-૧૮૨૩)ના શાસન દરમિયાન તે ખૂબ વિસ્તાર પામી. પ્રકૃતિસૌંદર્ય તેમાં પ્રધાન રૂપે રહેલું હોય છે. પ્રાકૃતિક દશ્યો, સૌંદર્યથી ભરપૂર પહાડી વિસ્તારો, નદીઓ, વૃક્ષવેલા, ધાર્મિક માન્યતાઓ, ઋતુચક્રો, સામાન્ય જનજીવન, રામાયણ, મહાભારત અને પુરાણોનાં દશ્યો, કૃષ્ણભક્તિ, બિહારી સતસાઈ જેવા વિષયોનું ખૂબ જ સુંદર ચિત્રણ તેમાં જોવા મળે છે. પ્રેમ, ભક્તિ, આનંદ, દુઃખ જેવા ભાવો પણ તેમાં તાદશ્ય રૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. ફૂલો અને પક્ષીઓથી તેની પૃષ્ઠભૂમિકા તૈયાર કરવામાં આવે છે. રંગોની તેમાં ખૂબ જ વિવિધતા જોવા મળે છે, પરંતુ તે ખૂબ જ સૌમ્ય અને વધુ પ્રમાણમાં આછા ઘેરા હોય છે.

વિરહીની, ભગવાન શંકરનું કૌટુંબિક દશ્ય, અભિસારિકા, વરસાદ સમયનો આશ્રય, વગેરે કાંગરા શૈલીનાં પ્રખ્યાત ચિત્રો છે અને  કુશનલાલ, હસ્તુ, પુરૂકુ, સંજુ વગેરે તેના ખ્યાતનામ ચિત્રકારો હતા.

**૨) બસોલી શૈલી :** જમ્મુની શિવાલિક ટેકડીઓમાં બસોલી આવેલું છે. ૧૭મી સદીમાં સંગ્રામપાલ અને રાજા કૃપાલપાલના શાસન દરમિયાન તેનો ખૂબ વિકાસ થયો. આ ચિત્રકળામાં વસ્ત્રો અને સજાવટમાં મોગલ શૈલીનો તથા ચહેરા અને રંગપૂરણીમાં ત્યાંની સ્થાનિક અસર જોવા મળે છે. ચિત્રોની કિનારીઓ ઘેરા લાલ અથવા પીળા રંગની હોય છે. ચિત્રોમાં લાલ, લીલો, પીળો, ભૂરો જેવા આકર્ષક રંગોનો ઉપયોગ થાય છે. ઘરેણામાં સોનેરી અથવા રૂપેરી રંગ કરવામાં આવે છે. રંગોનો ઉપયોગ પ્રતીકાત્મક રૂપે પણ થાય છે જેમ કે પ્રેમ તત્ત્વ અથવા ખાસ ઋતુ માટે પીળો, કૃષ્ણ અને વાદળાં માટે ભૂરો વગેરે. કૃષ્ણલીલા, રાધાકૃષ્ણ, રસમંજરી, બારમાસ, આશ્રયદાતા રાજા તથા મહાલય વગેરે વિષયો પર ચિત્રો બનાવવામાં આવે છે. આ ચિત્રોમાં સંસ્કૃત શ્લોકો પણ રહેલા હોય છે. પટિયાલા, ડોંગરા અને દિલ્હીના મ્યુઝિયમમાં બસોલી શૈલીનાં ચિત્રો જોવા મળે છે. ચિત્રકાર મનકુ દ્વારા બનેલા ગીત ગોવિંદ પરનાં ચિત્રો ખૂબ જ અદ્‌ભુત છે.

સંકલન : રાજેશ્રી પ્રશાંત દાણી

8DPYAR

કલાની કદર કરીએ તો જ કલા ટકે, કલા ટકે તો જ સંસ્કૃતિ ટકે.

# સમાસ

★ **વાંચો અને વિચારો :**

(૧) દાદાદાદી - દાદા અને દાદી
(૨) લાભાલાભ - લાભ કે અલાભ
(૩) નામઠામ - નામઠામ વગેરે
(૪) પંચામૃત - પાંચ અમૃતનો સમૂહ
(૫) ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી
(૬) ચોમાસું - ચાર માસનો સમૂહ

- ઉપરના શબ્દો વાંચતાં ધ્યાનમાં આવે છે કે દરેક શબ્દમાં બે કે વધુ પદો છે. તેમની વચ્ચેનો સંબંધ જુદો છે અને એ પદોને જોડાવાની રીત પણ જુદી છે. યાદ રાખો એકબીજા સાથે સંબંધિત બે વધારે પદો ભેગા થવાથી બનતા સ્વતંત્ર પદને 'સમાસ' – 'સામાસિક શબ્દ' કહે છે.

★ **યાદ રાખો :**

- સામાસિક શબ્દના પદોને છૂટાં પાડી તેમની વચ્ચેનો સંબંધ દર્શાવવાની રીતને સમાસનો વિગ્રહ કહેવાય છે.

★ **સામાસિક શબ્દના પદો વિશે સામાન્ય સમજ.**

- પહેલા પદને પૂર્વપદ અને બીજા પદને ઉત્તરપદ કહેવાય.
- બંને પદ સરખા મહત્ત્વના – દા.ત. દાદાદાદી – દાદા અને દાદી.
- બંને પદ ગૌણ – ત્રીજા પદ પર આધારિત. દા.ત. ઘોડાગાડી – ઘોડા વડે ચાલતી ગાડી.
- પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ – સમૂહનો અર્થ – ચોમાસું – ચાર માસનો સમૂહ.

આ વર્ષે દ્વન્દ્વ સમાસ, દ્વિગુ સમાસ અને મધ્યમપદલોપી સમાસ વિશે શીખવાનું છે.

**(૧) દ્વન્દ્વ સમાસ :**

દ્વન્દ્વ એટલે જોડકું – સરખા મહત્ત્વના શબ્દોનું જોડકું – દ્વન્દ્વ સમાસ.

**વિચારો :**

(૧) ભાઈબહેન - ભાઈ અને બહેન
(૨) જય પરાજય – જય કે પરાજય
(૨) ભૂલચૂક - ભૂલચૂક વગેરે

★ **યાદ રાખો :**

- દ્વન્દ્વ સમાસના શબ્દોના પદોનો વિગ્રહ એકસરખી રીતે થતો નથી.
- વિગ્રહ થાય તેના પરથી દ્વન્દ્વ સમાસના પેટા પ્રકાર પડે છે.

દા.ત. (૧) ભાઈ અને બહેન 'અને' ઈતરેતર દ્વન્દ્વ સમાસ
(૨) જય કે પરાજય – 'કે' વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ
(૩) ભૂલચૂક વગેરે – 'વગેરે' સમાહાર દ્વન્દ્વ સમાસ

## (૨) દ્વિગુ સમાસ :

પૂર્વ પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને આખો સમાસ સૂમહનો અર્થ દર્શાવે તેને દ્વિગુ સમાસ કહેવાય.

દા.ત. (૧) ત્રિભુવન – ત્રણ ભુવનનો સમૂહ (૨) પંચપાત્ર – પાંચ પાત્રનો સમૂહ

(૩) નવરાત્રિ – નવ રાત્રિનો સમૂહ

## (૩) મધ્યમપદ લોપી સમાસ :

મધ્યમપદ → વચ્ચેનું પદ

લોપી → લોપ થવું

વચ્ચેના પદનું લોપ થવું તે મધ્યમપદ લોપી સમાસ. લોપ થયેલા પદને વિગ્રહ કરતી વખતે મૂકવામાં આવે છે.

દા.ત. (૧) સિંહાસન – સિંહની આકૃતિવાળું આસન (૨) ગજગામિની – ગજ જેવી ગતિવાળી સ્ત્રી

(૩) ગોળધાણા – ગોળમાં ભેળવેલા ધાણા.

## સ્વાધ્યાય

**સ. ૧. સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો.**

(૧) ત્રિમૂર્તિ (૨) પાંચપચીસ (૩) નીતિરીતિ (૪) હવાપાણી

(૫) પંચામૃત (૬) મધમાખી (૭) ચાંદોસૂરજ (૮) આગબોટ

**સ. ૨. વિગ્રહ પરથી સામાસિક શબ્દ બનાવો :**

(૧) ઓછું કે વત્તું (૨) પાંચ વડનો સમૂહ (૩) ઇચ્છા પૂરી કરનાર ધેનુ

(૪) શત્રુ અને મિત્ર (૫) સુખ કે દુઃખ (૬) દાણોપાણી વગેરે

**સ. ૩. યોગ્ય રીતે જોડીને અર્થપૂર્ણ સામાસિક શબ્દ બનાવીને લખો. તેનો વિગ્રહ કરો અને પ્રકાર ઓળખો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ | શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|---|---|
| (૧) રાધા | (અ) તોટો | | | |
| (૨) ષટ્ | (આ) વૃક્ષ | | | |
| (૩) શાક | (ઇ) કૃષ્ણ | | | |
| (૪) કલ્પ | (ઈ) દર્શન | | | |
| (૫) નફો | (ઉ) ભાજી | | | |

# ૭. હાઈકુ

**હરિભાઈ કોઠારી**

૪ નવેમ્બર, ૧૯૩૯ના રોજ મુંબઈમાં તેમનો જન્મ થયો હતો. તેમણે પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચશિક્ષણ પણ મુંબઈમાં જ લીધું હતું. એમ.એ., બી.એડ. સુધીનો અભ્યાસ કરી કચ્છ અને મુંબઈની શાળા તેમજ કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. તત્ત્વજ્ઞાનની તેમની ઊંડી સમજ તેમના લેખનમાં જણાઈ આવે છે. તેમણે હાઈકુ સંગ્રહ, ગીતગઝલ સંગ્રહ, શૈક્ષણિક લેખમાળા સંગ્રહ ઉપરાંત ચિંતનાત્મક, કાવ્ય રસાસ્વાદ વગેરે પુસ્તકો આપ્યા છે. મનુષ્યના આધ્યાત્મિક ઉત્થાન માટે અસ્ખલિત વાણી પ્રવાહમાં જીવનનાં પરમ સત્યો તેઓ હસતાં હસતાં જણાવતા. ગુજરાત ગૌરવ સન્માન, જ્ઞાતિ રત્ન એવૉર્ડ જેવા અનેક સન્માનો દ્વારા તેઓ પુરસ્કૃત થયા હતાં. ૫ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

જાપાનીઝ કાવ્ય પ્રકાર હાઈકુ ટૂંકામાં ટૂંકો કાવ્ય પ્રકાર છે. માત્ર ૧૭ અક્ષરના આ કાવ્યમાં ત્રણ લીટી હોય છે. પહેલી લીટીમાં પાંચ, બીજી લીટીમાં સાત અને ત્રીજી - છેલ્લી લીટીમાં પણ પાંચ અક્ષર હોય છે. આ કાવ્યપ્રકારમાં લાગણીની રજૂઆતની કોઈ શક્યતા નથી.

(૧) બીજાના દોષ જોવામાં આપણે એટલા બધાં પારંગત છીએ કે તેમનામાં રહેલા ગુણને આપણે જોઈ શકતા નથી. વળી આપણને આપણા પોતાનામાં રહેલા અવગુણો પણ દેખાતા નથી.

(૨) ઉપમા અલંકારના માધ્યમ દ્વારા અહીં સૂચિત કરવામાં આવ્યું છે કે ભમરાઓ જેમ ફૂલો તરફ આકર્ષાય છે તેમ જ આ સમગ્ર જગત જ્ઞાનીઓ તરફ આકર્ષાય છે, તેમની ઝંખના કરે છે. કારણ કે તેમની પાસેથી કંઈક અવનવું જાણવા મળે.

(૩) અહીં માનવીની સ્વાર્થી વૃત્તિ તરફ નિર્દેશ કરતાં કહેવામાં આવ્યું છે કે, 'આપણી ભૂલને બીજા માફ કરી દે તેવી અદમ્ય ઇચ્છા ધરાવતા આપણે બીજાઓની ભૂલ માફ કરવામાં ઉદારતા દર્શાવી શકતા નથી. આપણે જલદી કોઈને માફી બક્ષતા નથી.

(૪) તદ્દન મામૂલી એવી નાની સરખી કેળાંની છાલમાં ભલભલાને પાડી દેવાની તાકાત રહેલી છે. તેના પર પગ પડતાં જ ગમે તેટલા શક્તિશાળી માણસો લપસી પડે જ. અર્થાત્ 'નાનો પણ રાઈનો દાણો'. જે કહેવત અહીં સાર્થક થાય છે.

(૧)

દોષ જોવામાં
પારંગત આપણે
ગુણ ન જોતાં !

(૨)

ઝંખે છે વિશ્વ
જ્ઞાનીને, ભમરાઓ
જેમ પુષ્પને !

(૩)

ક્ષમા ચાહતા
આપણે, તો અન્યને
કાં ન આપતા !

(૪)

માનવીને દે
પાડી, છાલ કેળાની
હો ભલે નાની !

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં 'હાઈકુ'ના કાવ્યપ્રકારની સમજ આપવી. તેની લાક્ષણિકતાઓ ઉપર પ્રકાશ પાડવો. ચારેય હાઈકુના વિષય લઈ તેના પર વિસ્તૃત ચર્ચા કરવી. ગાંધીજીનું ઉદાહરણ આપી સમજાવવાનો પ્રયત્ન કરવો કે આંગળી કોઈની તરફ ચીંધીએ ત્યારે ત્રણ આંગળી આપણા પોતા તરફ હોય છે. 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે' ઉક્તિ વિશે ચર્ચા કરી જ્ઞાનીઓના મહત્ત્વને આદર આપવો. 'ક્ષમા વીરનું ભૂષણ છે' તે ઉક્તિને જીવનમાં ઉતારવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા. તેવી જ રીતે કોઈની પણ કિંમત ઓછી ન આંકવાની શીખ આપી કદરદાનીના ગુણને ખીલવવા પ્રોત્સાહન આપવું. ચારેય હાઈકુના વિષયને એકબીજા સાથે સાંકળી લઈને જીવન જીવવાની જડીબુટ્ટી પ્રદાન કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દ લખો :**

(૧) વાંક (૨) ભ્રમણ (૩) હોંશિયાર (૪) માફી
(૫) ફૂલ (૬) મનુષ્ય (૭) કદળી (૮) જગત

**સ. ૨. ચાર-ચાર શબ્દો લખી અંતાક્ષરી પૂરી કરો :**

(૧) પારંગત (૨) વિશ્વ (૩) ભમરો (૪) ક્ષમા

**સ. ૩. અર્થ બદલ્યા વિના વાક્યને નકારાત્મક બનાવો :**

(૧) માનવીમાં રહેલા ગુણ જુઓ. (૨) મનની ભાવના ઉદાર રાખો.
(૩) બધા ઉપર ઉપકાર કરો. (૪) વિદ્વાનો બધે જ પૂજાય છે.

**સ. ૪. અન્ય ત્રણ-ત્રણ સમાનાર્થી શબ્દ લખો : દા.ત. : માનવી – માનવ, મનુષ્ય, માણસ**

(૧) ભમરો (૨) પુષ્પ (૩) વિશ્વ

**સ. ૫. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) માનવી ____________________ હોંશિયાર હોય છે.
(અ) બીજાના દોષ જોવામાં (આ) બીજાની નકલ કરવામાં (ઇ) બીજાનાં ગુણ જોવામાં

(૨) ભમરાઓ ____________________ પાસેથી મધ મેળવે છે.
(અ) પતંગિયાની (આ) પુષ્પની (ઇ) પારિજાતની

(૩) આપણી ભૂલ થાય ત્યારે આપણે ઈચ્છીએ છીએ કે ____________________.
(અ) તેની સજા ભોગવવી ન પડે (આ) તેની કોઈ ટીકા ન કરે (ઇ) આપણને તેની માફી મળી જાય

(૪) નાની વસ્તુ પણ નુકસાન પહોંચાડી શકે તે માટે ____________________ ઉદાહરણ આપેલું છે.
(અ) રાઈનું (આ) કેળાની છાલનું (ઇ) ક્ષમાનું

**સ. ૬. સમજીને લખો :**
(૧) આપણે પારંગત છીએ – (૨) ભમરાઓ ઝંખે છે –
(૩) આપણે ચાહીએ છીએ – (૪) માનવીને પાડી દે છે –

**સ. ૭. ચારેય હાઈકુના વિષયો લખો.**

**સ. ૮. કોને તે કહો :** (૧) વિશ્વ ઝંખે છે (૨) આપણે માફી આપતા નથી (૩) કેળાની છાલ પાડી દે છે

**સ. ૯. જીવનમાં અપનાવવા જેવા સારા ગુણો વિશે ટૂંકમાં લખો.**

**સંભાષણ ★** તમારા વર્ગમિત્રોમાં રહેલા સારા ગુણોની ચર્ચા તેમના નામ સાથે સમૂહમાં કરો.

**પ્રકલ્પ ★** તમારી આદર્શ વ્યક્તિનું શબ્દચિત્ર ચિત્ર સહિત લખી ભીંતપત્રક બનાવી વર્ગમાં લગાડો.

**ઉપક્રમ ★** સત્ય, પ્રાર્થના, સહાનુભૂતિ, પ્રામાણિકતા, પરોપકાર જેવા કોઈપણ બે વિષય ઉપર હાઈકુ બનાવવાનો પ્રયત્ન કરી જુઓ.

## ભાષિક સમજ

★ **વચન બદલો :** (૧) ભમરો (૨) ફૂલ (૩) માનવી (૪) કેળું (૫) હું (૬) વિદ્યાર્થી

★ **કાળ ઓળખો :**
(૧) કેળાની છાલ પર પગ પડશે તો લપસી જવાશે. (૨) વિશ્વમાં જ્ઞાનીઓની પૂજા થાય છે.
(૩) ક્ષમા વીરનું ભૂષણ છે. (૪) જ્ઞાનીઓ કોઈના દોષ જોતા નથી હોતા.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### મુક્તક

૧) પિંજરાનું બારણું ખોલીને,
પંખીને કહેવામાં આવ્યું,
હવે તું મુક્ત છે.
પંખીએ બહાર નીકળીને
માણસ સામે જોયું –
અને પાછું પિંજરામાં ભરાઈ ગયું.
– હર્ષદ ત્રિવેદી

૨) દળ ફરે, વાદળ ફરે,
ફરે નદીનાં પૂર,
પણ શૂરા બોલ્યા નવ ફરે
પશ્ચિમ ઊગે સૂર
– રમણભાઈ

‘સ્વ’ માં નહિ ‘સર્વ’માં જીવો.

8DYUCE

# ૮. આવ, ભાણા આવ !

**શાહબુદ્દીન રાઠોડ**

૧૯ ડિસેમ્બર, ૧૯૩૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં તેમનો જન્મ થયો હતો. થાનગઢની જ મ્યુનિસિપલ હાઈસ્કૂલમાંથી આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતાં.

સહજ, સરળ શૈલીમાં હાસ્યની હળવી વાતો અદ્‌ભુત રીતે રજૂ કરનાર હાસ્ય કલાકાર શાહબુદ્દીન ભાઈએ બહોળા પ્રમાણમાં લેખનકાર્ય પણ કર્યું છે. હાસ્ય : 'મારે ક્યાં લખવું હતું', 'લાખ રૂપિયાની વાત', 'અણમોલ આતિથ્ય', 'હસતાં-હસાવતાં', 'દુ:ખી થવાની કળા', 'દેવું તો મર્દ કરે', 'મારો ગધેડો ક્યાંય દેખાય છે?' 'શો મસ્ટ ગો ઓન', 'હાસ્યનો વરઘોડો' વગેરે તેમના પુસ્તકો છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં લેખક પોતાના શૈશવના પ્રસંગનું વર્ણન રમૂજી શૈલીમાં કરે છે. આ રમૂજ દ્વારા ઘણી જગ્યાએ પ્રાચીન સમયના કુટુંબજીવનનું ધોરણ કેવું હતું તે સારી રીતે સ્પષ્ટ થાય છે. તેવીજ રીતે કુટુંબવ્યવસ્થાનું ચિત્ર પણ દૃષ્ટિગોચર થાય છે. જૂના સમયના વ્યવસાયિક કારીગરોની કાર્ય પદ્ધતિનો પણ લેખક આપણને પરિચય કરાવે છે.

પોતાના દીકરાને બૂટ ખરીદવાના પૈસા આપીને તરત જ મોકળા થઈ જાય છે. પરંતુ પોતાને બાળપણમાં બૂટ ખરીદવા કેટકેટલી પ્રતીક્ષાના તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. તેનું વર્ણન હળવી શૈલીમાં કરેલું છે. પોતે ઘણીવાર હતાશ થઈ જતા, ઘણીવાર પોતાને ગુસ્સો પણ આવતો છતાં પોતે સકારાત્મક દૃષ્ટિકોણથી વિચારતા અને ઉત્સાહને ટકાવી રાખતા. આમ આ કૃતિ દ્વારા આપણને ઘણી બધી સારી બાબતો હસતાં-રમતાં જ સમજાઈ જાય છે.

મારા નાના પુત્ર અફઝલે મને કહ્યું, ''પપ્પા, મારે બૂટ લેવા છે.''

મેં કહ્યું, ''બૂટની કિંમત શી છે ?''

અફઝલ કહે, 'બસો ચાલીસ રૂપિયા અને વીસ રૂપિયા મોજાંના.'

મેં તેને બસો સિત્તેર રૂપિયા આપ્યા અને કહ્યું, ''લઈ લેજે બૂટ-મોજાં અને વધે તે રાખજે.''

એક કલાકમાં એ બૂટ-મોજાં લઈ પાછો આવ્યો. એના ચહેરા પર આનંદ હતો અને આંખોમાં ઉલ્લાસ. તરત બૂટ-મોજાં પહેરીને એ સ્કૂલે જવા રવાના થયો... એ સ્કૂલે ગયો અને હું મારા શૈશવનાં સ્મરણોમાં સરી પડ્યો. અફઝલ જેવડી મારી બાર વર્ષની ઉંમર, તે સમયની અમારા ગામની એ નાનકડી મોચી બજાર - પાંચ-છ દુકાનો - તેમાં કામ કરતા જેઠામામા, દુદામામા, ભગતમામા-બધા મોચીને અમે મામા કહેતા. એ બજારમાં મેં બૂટ માટે જે ધક્કા ખાધા છે, જીવનમાં જે યાતના સહી છે, જે દુ:ખો વેઠ્યાં છે તેનાં, સ્મૃતિમાં સંઘરાઈને પડેલાં, ચિત્રો એક પછી એક મારા માનસપટ પરથી પસાર થવા લાગ્યાં.

સૌપ્રથમ તો બૂટ માટે મારે વડીલો પાસે વિધિસર માગણી રજૂ કરવી પડતી. પ્રથમ ભાઈ-છોટુભાઈ, પછી અમીનાબહેન, પછી બા સમક્ષ રજૂઆત કરતો, પછી બાપુજીને જણાવતો. પરિવાર સામે અસ્તિત્વ ટકાવી રાખવાના મહાન પડકાર સામે મારી સમસ્યા સૌને સાવ ક્ષુલ્લક લાગતી; એટલે કોઈ લક્ષ આપતું નહિ. સાતમ-આઠમનો મેળો, તરણેતરનો મેળો, ગણેશ-ઉત્સવ, નવરાત્રિ, લગ્નગાળો, શાળાના પ્રવાસો વગેરે બૂટ પહેરવાના પ્રસંગો ગણી શકાય. દિવાળી, બેસતું વરસ વગેરે પર્વોમાં બૂટ પહેરીને મહાલવાની તીવ્ર ઇચ્છા થતી; અને મારી માંગણી અવારનવાર નામંજૂર થવા છતાં હું નેપોલિયનની જેમ હિંમત હાર્યા વગર મારા પ્રયાસો ચાલુ રાખતો.

આખરે મારા બૂટ ખરીદવાનો પ્રશ્ન સમગ્ર પરિવાર માટે જટિલ સમસ્યા બની જાય તેટલી હદે મારા પ્રયાસો પહોંચતા ત્યારે પરિવારના બધા સભ્યોની મિટિંગ મળતી. બૂટ કરતાં કઈ કઈ બાબતો વધુ મહત્ત્વની છે તેની વિગતે ચર્ચા થતી.

મને બૂટ અપાવવા જોઈએ તેનો સૈદ્ધાંતિક સ્વીકાર થતો. પરંતુ સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી સરવાળે સર્વાનુમતે નક્કી થતું કે, જૂના બૂટને રિપૅર કરાવી, ફાટ્યા હોય ત્યાં થીગડાં મરાવી, નવી સગથળી નંખાવી, પાલીસ કરાવી, જોનાર ઓળખી ન શકે તેવા-નવા જેવા બનાવી દેવા. મને આ નિર્ણય સંભળાવવામાં આવતો. કોઈ કેસમાં સાવ નિર્દોષ છૂટવાની આશા હોય તેને બદલે પાંચ વર્ષની કેદની સજા થાય ને આરોપી ઢીલોઢફ થઈ જાય એમ કુટુંબીજનોનો નિર્ણય સાંભળી હુંયે ઢીલોઢફ થઈ જતો.

આખરે 'મારે કર્મે લખ્યું કથીર' એમ વિચારીને જૂના જોડા રિપૅર કરાવી લેતો. પછી તો રિપૅર કરાવી-કરાવીને આડાંઅવળાં થીગડાં માર્યાં પછી જોડાનો મૂળ આકાર જતો રહ્યો હોય. અંતે બાપુજીની પરવાનગીથી મેં એ જોડા સોમાને આપ્યા. તેણે પણ પ્રથમ હાથમાં લઈ, પરીક્ષણ કરી, અમને પગે લાગી, વિનયપૂર્વક પાછા મૂકી દીધા. ત્યારે મારી નવા બૂટ માટેની માંગણી પર મંજૂરીની મહોર મારવામાં આવી. ''દુદામામાને ત્યાં જઈ પરમાણું નાખી આવજે.'' એવો હુકમ કરવામાં આવ્યો અને મારી ખુશીનો પાર ન રહ્યો.

ઉમંગમાં ને ઉમંગમાં હું દોડીને દુદામામાની દુકાને પહોંચ્યો અને કહ્યું : ''દુદામામા, મારા બૂટ સીવવાના છે. મારા બાપુજીએ કીધું છે. મારે લાલ બૂટ સિવડાવવા છે.'' એકીશ્વાસે હું ઘણું બોલી ગયો. દુદામામાએ મને ''આવ, ભાણા, આવ ! '' કહી, ચામડાં આઘાંપાછાં કરી બેસવાની જગ્યા કરી આપી. પછી પિતાના, માતાના, ભાઈના-બધાના સમાચાર પૂછ્યા. મેં કહ્યું : ''પણ પહેલાં પરમાણું લઈ લ્યો ને !'' દુદામામાએ જેમ ડૉક્ટર ટાઈફૉઈડના દર્દીની ઝીણી ઝીણી વિગતો કાળજીપૂર્વક જાણી લે તેવી રીતે બૂટ અંગેની વિગતો મને પૂછીને ધ્યાનમાં રાખી. લાલ કે કાળા, વાધરીવાળા કે વાધરીવગરના, અણીવાળા કે ગોળ બધું-વ્યવસ્થિત પૂછીને એમણે રેલવેનો એક તરફ લખાયેલો અને પાછળ કોરો એવો ચોપડો કાઢીને મને કહ્યું : ''લે મૂક, ભાણા, પગ.'' મેં પગ મૂકેલો એને જાડી પેન્સિલથી દુદામામાએ લીટી દોરીને પરમાણું લીધેલું. બૂટના પ્રોજેક્ટનો પ્રાથમિક તબક્કો આ રીતે પૂરો થતો.

હું પૂછતો : 'હું બૂટ ક્યારે લઈ જાઉં ?'

તે કહેતા : 'જો ને, ભાણા, આજે જાણે શનિવાર થયો. રવિ, સોમ, મંગળ અને જો બુધવાર પણ જાવા દે. એમ કર, ગુરુવારે લઈ જજે. વાર પણ સારો ગણાય.'

એ પાંચ દિવસ પસાર કરવા મારે માટે અસહ્ય થઈ પડતા. વળી, ગુરુવારની કલ્પના કરતાં આનંદ થતો. શનિથી બુધ સુધીના દિવસો પસાર થશે, ગુરુવાર આવશે – હું બૂટ લઈ આવીશ; નવાનકોર, લાલ, વાધરીવાળા. પહેરીને નિશાળે જઈશ. છોકરા-છોકરીઓ જોઈ રહેશે.

પાંચ દિવસ પસાર કરી ગુરુવારે હું ઉત્સાહમાં દુદામામાની દુકાને પહોંચતો અને કહેતો : 'મારા બૂટ ? લાવો, મારા બૂટ જલ્દી આપી દો.'

પરંતુ મારી આવી ઉત્કંઠાની દુદામામા માથે કાંઈ અસર થતી નહિ. કાયમની ટેવ પ્રમાણે તેઓ કહેતા : 'આવ, ભાણા, આવ ! છોટુમિયાં ક્યાં છે ?'

હું કહેતો : 'દ્વારકા પાસે બરડિયા સ્ટેશન છે ત્યાં સ્ટેશન માસ્તર છે.'

'હા, તો બરાબર.' દુદામામાની લાંબી વાત શરૂ થતી : 'અરે, ભાણા, હું તને કહેતાં ભૂલી ગયો. અમે ઘરનાં બધાં હમણાં જાત્રાએ ગયાં'તાં. એમાં દ્વારકા આવતાંકને છોટુભાઈ ભેગો થઈ ગયો. અમને જોઈને શું ખુશ થયો છે ! મને કહે : 'મામા, તમે આંઈ ક્યાંથી ?' મેં કહ્યું : 'ઘરનાં સૌ જાત્રાએ નીકળ્યાં છીએ. હજી આ ગાડીમાંથી ઊતર્યા જ છીએ.' અમે સાથે ગરમ ચા પીધી. પછી મંદિરે દ્વારકાધીશનાં દર્શન કરાવ્યાં. આખું દ્વારકા ફેરવ્યાં અને છેલ્લે સ્ટેશને આવી ગાડીમાં સારી જગ્યા ગોતી બેસાડી દીધાં તે અમે સીધાં આવતાં'ર્યા. કાંઈ તકલીફ નો પડી. મોટો ઈ મોટો !'

દુદામામા એ લાંબી વાત એવી રસપૂર્વક કરતા કે મને બૂટ ભુલવાડી દેતા. પણ હું કહેતો : 'પણ મારા બૂટનું શું ? બૂટ ઝટ આપો ને !'

'અરે ભાણા, ઈ જ તો તને કહું છું. આ જાત્રામાં થોડા દિવસ કામ નથી થયું એમાં રહી ગયા છે. કામ તો, ભાણા, આખી જિંદગી કરવું જ છે ને ? પણ જો, શુક્ર, શનિ, રવિ – એમ કર, સોમવારે લઈ જજે, બસ ?'

હું રોવા જેવો થઈ જતો. 'તમે ખોટેખોટા ધક્કા ખવરાવો છો. બૂટ સીવી દેતા નથી !' આવો બબડાટ કરી ભગ્નહૃદયે દરવાજો વટી જતો. ફરી મારી જાતને ઉત્સાહમાં લાવવા પ્રયાસ કરતો : 'આટલા દિવસ ગયા તો ત્રણ દિવસ વધુ, એમાં શું ?'

સોમવારે પાછો હું દુદામામાની દુકાને જતો. એ જ શાંતિ, એ જ સ્વસ્થતાથી દુદામામા કહેતા : 'આવ, ભાણા, આવ !' દોરાને મીણ ચડાવતાં ચડાવતાં એ મને આવકાર આપતા.

હું કહેતો : 'બૂટ આપી દો. તમે સોમવારે લઈ જવાનું કહ્યું'તું. આજે સોમવાર છે.'

દુદામામા કહેતા : 'અરે ભાણા, બેસ તો ખરો ! હં.... આ તારાથી મોટો શું કરે છે ?'

હું કહેતો : 'અત્યારે પરશુરામ પૉટરીમાં નોકરી કરે છે.'


બસ. આટલું સાંભળતાં દુદામામાની વાત શરૂ થઈ જતી : 'અરે ભાણા, કરીમભાઈ તે કાંઈ ભજન ગાય છે ! બધાં જૂનાં ભજન – ગંગાસતી અને પાનબાઈનાં, રવિસાહેબ અને ખીમસાહેબનાં ! મોટો ભજન ગાય છે એ મને ખબર નહિ. મેં તો હમણાં સંતની જગ્યામાં સાંભળ્યાં !'

હું અધીરો થઈ દુદામામાને વચ્ચે અટકાવી કહેતો : 'અરે, પણ મારા બૂટ આપી દ્યો ને !'

'હવે ભાણા, તારુંય રિયું ને મારુંય રિયું. એમ કર; શુક્રવાર પાકો; જા. હવે વેણ ફરે તો કે'જે; બસ ?'

આમ મને ફરી વાયદો આપવામાં આવતો. હું આક્રોશ ઠાલવતો : 'જો જો, શુક્રવારે હું બૂટ લીધા વગર જવાનો નથી. ન સીવવા હોય તો ના પાડી દ્યો, પણ ધક્કા ખવરાવી ખવરાવી તોડી નાખો મા !'

દુદામામા કહેતા : 'તું નારાજ થા મા, ભાણા ! હવે શુક્રવારનો શનિવાર નો થાય, બસ !'



આમ બધું પાકે પાયે કરી હું દરવાજા સુધી પહોંચતો ત્યાં, 'એ ભાણા !' એમ હાક મારી દુદામામા મને પાછો બોલાવતા. ગંભીર થઈ મને કહેતા : 'જો ભાણા, ઉઘાડા પગે આવજે અને બૂટ પહેરીને જજે.' આટલી સૂચના મળતાં હું એટલો લહેરમાં આવી જતો કે ઉમંગમાં ને ઉમંગમાં કુંવરજી વાઘજીની દુકાન વટી ગયા પછી મને યાદ આવતું કે, 'છ મહિનાથી હું ઉઘાડે પગે તો છું જ !'

શુક્રવારે દુદામામા હવે શું બહાનું કાઢે છે તેનો પ્રથમ વિચાર કરીને, માનસિક રીતે તૈયાર થઈને, હું એમની દુકાને પહોંચતો. એ કાંઈ કહે તે પહેલાં હું કહી દેતો : 'લાવો બૂટ.'

દુદામામા કહેતા : ''ભાણા, કાળા કરવા છે કે લાલ ?''

હું ક્રોધમાં ધ્રૂજવા માંડતો, 'અરે, તમને દસ વાર કીધું છે કે લાલ કરવાના છે ! પહેલે દિવસે જ નક્કી થયું છે ને અત્યારે પૂછો છો – લાલ કરવા છે કે કાળા ?'

દુદામામા કહેતા : 'હું તો લાલ કરતો'તો પણ પછી થયું કે ફેશન કાળાની છે એટલે થયું ભાણાને પૂછીને પછી આગળ વધવું.'

'અરે, લાલ... લાલ... લાલ... હવે કાંઈ ?' હું કહીને ધૂંઆપૂંઆ થતો ભાગતો અને 'ભાણા, સોમવારે લઈ જજે.' એવી સૂચના સાંભળતો ઘેર આવતો.

વળી સોમવારે પહોંચીને કહેતો : 'લાવો બૂટ.'

દુદામામા સામે દીવાલ પર ઓઠામાં ગોઠવી રાખેલ જોડ બતાવી કહેતા : 'જો રહ્યા !'

હું જોઈ રહેતો... લાલ, ચમકતા, અણીવાળા, વાધરીવાળા... હું ઓઠા સાથે બૂટ લઈ જવા અધીરો થઈ આગળ વધતો, ત્યાં દુદામામા કહેતા : 'ભાણા, બે દિવસ ઓઠામાં રાખવા પડશે, નહિતર શું થશે કે તને ડંખ પડશે;

સમજ્યો ?' મને એમની વાત વાજબી લાગતી. હું કહેતો : 'ભલે, રાખો ઓઠામાં, બસ ! બે દિવસ પછી આવીને લઈ જઈશ.'

બે દિવસ પછી ગયો તો બૂટ પણ નહિ અને ઓઠું પણ નહિ ! મેં કહ્યું : 'ક્યાં છે મારા બૂટ ?'

'અરે, ભાણા !' કહી દુદામામા શરૂ કરતા : 'વાત જાણે એમ થઈ કે સીતાપુરથી મગનભાઈનો સુરેશ આવ્યો'તો; ઈ આ બૂટ જોઈ ગયો, ને હઠ લીધી, મારે તો બસ, આ જ બૂટ જોઈએ.' તે શેઠે ફૂલજીભાઈને મોકલ્યા. સુરેશ હારે આવ્યો અને બૂટ લઈ ગયો. મને થયું : ભાણાને આથી સારા બનાવી દઈશ. હવે જો, એમ કર, પરમ દિવસે મંગળવારે લઈ જજે, બે દિવસ આમ કે આમ...'

વળી મંગળવારે હાજર થયો ત્યારે દુદામામાએ એ જ સ્વસ્થતાથી, એ જ શાંતિથી, મેડામાંથી ચોપડો ઉતારી, ખોલી, મારી સામે મૂકતાં કહ્યું : 'મૂક, ભાણા પગ.'

હું અવાચક થઈ ગયેલો. આંખે અંધારાં આવી ગયેલાં. મારો અવાજ ફાટી ગયેલો : 'શા માટે ?' આટલું જ બોલી શકેલો.

'આગલું પરમાણું હાથવગું નથી રિયું. મૂળ વાત આમ હતી. હું તને કહી નો'તો શકતો. મને એમ કે ભાણો ખિજાશે.'

આ રીતનાં બહાનાં અને મારા અવિરત ધક્કાને અંતે આઠ મહિને મને બૂટ મળતા. મારી આકરી તપશ્ચર્યાનો અંત આવતો. દુદામામા સાચે જ મને બૂટ આપતા. વડીલોની બારોબાર મળેલી સૂચના મુજબ બૂટ એક આંગળ મોટા સિવાતા, જેથી બે વર્ષ વધુ ચાલે. પણ મને તો બૂટ મળ્યાનો અનહદ આનંદ હતો. એ પહેરીને હું નીકળતો ત્યારે મને બજાર સાંકડી લાગતી. જોકે મેળા, લગ્નગાળો, પરીક્ષા, દિવાળી એવા બૂટ પહેરવાના પ્રસંગો તો એમ ને એમ વીતી જતા. પણ છેવટે બૂટ મળ્યાના આનંદમાં અગાઉનો વિષાદ નાશ પામતો.

જ્યારે જ્યારે નવા બૂટની મારી માંગણી મંજૂર થતી ત્યારે ત્યારે અહીં વર્ણવેલાં બધાં દશ્યો ફરી ફરી અચૂક ભજવાતાં. વારનાં નામમાં ફેર પડે, પણ વાયદાની રીતમાં ફેર ન પડે. આજે ધક્કા ખાધાનું દુ:ખ ભુલાઈ ગયું છે, બૂટ મળ્યા વખતનો આનંદ યાદ રહ્યો છે. દુદામામાનો સ્નેહ નીતરતો અવાજ હજુય કાનમાં પડઘાયા કરે છે : 'એમ કર ભાણા, સોમ, મંગળ અને જો, બુધવાર પણ જાવા દે. એમ કર, ગુરુવારે લઈ જજે. વાર પણ સારો ગણાય.' આજે નવા બૂટ લેવાના થાય છે ત્યારે આ સ્નેહભીનો અવાજ અચૂક યાદ આવે છે. સાચું કહું છું. મોંઘા બૂટ પહેરતાંય એટલો આનંદ નથી થતો, જેટલો આનંદ દુદામામાએ અનેક વાયદા પછી સીવી આપેલા બૂટ પહેરીને થતો !

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓ પાસે રમૂજી ટૂચકા કહેવડાવવા. 'વનેચંદનો વરઘોડો'ની ઓડિયો કેસેટ સંભળાવવી. આ રીતે વાતાવરણ આનંદમય બનાવ્યા પછી અધ્યાપનની શરૂઆત કરવી. લઘુપ્રશ્નો પૂછીને વિષયવસ્તુનો વિકાસ સાધવો. જરૂર જણાય ત્યાં જૂના અને આજના જમાનાનો તુલનાત્મક દષ્ટિથી અભ્યાસ કરાવવો. વિદ્યાર્થીઓને કંજૂસાઈ અને કરકસર વચ્ચેનો ભેદ સમજાવવા બે-ચાર વ્યાવહારિક ઉદાહરણો આપવા. આજના સમય પ્રમાણે વ્યાવસાયિક કારીગરો વિશે વિસ્તૃત ચર્ચા દ્વારા તેમના પ્રતિ માનવતાની દષ્ટિએ જોવા માટે પ્રેરણા પૂરી પાડવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દોને બદલે પાઠમાં વપરાયેલા શબ્દો લખો :**

(૧) બાળપણ (૨) તુચ્છ (૩) ધ્યાન (૪) તહેવાર
(૫) ગુનેગાર (૬) માપ (૭) ગુસ્સો (૮) યોગ્ય

**સ. ૨. અર્થ ન બદલાય તે રીતે હકારાત્મક વાક્યમાં રૂપાંતર કરો.**

(૧) મારી રજા તેમણે મંજૂર કરી નહિ.
(૨) દુદામામા વાત ટૂંકાવીને કહેતા નહિ.
(૩) હું કોઈ કાર્યમાં નિરુત્સાહી નહોતો.
(૪) મારું મન અશાંત નહોતું.
(૫) સાંકડાં રસ્તા પર ચાલવું સહેલું નથી.
(૬) શિયાળ ભોળું પ્રાણી નથી.

**સ. ૩. કૌંસમાંના શબ્દનો ઉપયોગ કરીને શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :** (અનહદ, સગથળી, થીગડું, અવિરત, ભગ્ન હૃદય)

(૧) ફાટેલાં કપડાં પર તેવી જ જાતનું કપડું મૂકી સીવવું –
(૨) ભાંગેલા હૃદયવાળા –
(૩) વિરામ લીધા વિના –
(૪) હદ – વગરનું –
(૫) બૂટની અંદર નાંખવામાં આવતું નરમ છૂટું પડ –

**સ. ૪. કૌંસમાંથી શબ્દ લઈને તીવ્રતાદર્શક શબ્દ બનાવો :** (ઘોર, દાટ, નકોર, ચણક, ટચ, બોળ)

(૧) નવું –_____ (૨) ચોખ્ખું –_____ (૩) મોંઘું –_____
(૪) અંધારું –_____ (૫) ટાઢું –_____ (૬) ટૂંકું –_____

**સ. ૫. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ઢીલાઢફ થઈ જવું | (અ) જલદી મળી જાય તેટલું પાસે હોવું |
| (૨) પરમાણું નાખી આવવું | (આ) કામ પૂરું કરવાની મુદત આપવી |
| (૩) ધૂંઆપૂંઆ થવું | (ઇ) ખોટું કારણ બતાવવું |
| (૪) વાયદો આપવો | (ઈ) માપ આપી આવવું |
| (૫) બહાનું કાઢવું | (ઉ) નરમ પડી જવું |
| (૬) હાથવગું હોવું | (ઊ) ખૂબ ગુસ્સાથી આવેશમાં આવવું |

**સ. ૬. ઓળખો :**

(૧) અફઝલને બસો સિત્તેર રૂપિયા આપનાર –
(૨) બૂટનું માપ આપવા જનાર –
(૩) બૂટ માટે ખોટા ધક્કા ખવડાવનાર –
(૪) ગંગાસતી –પાનબાઈના ભજન ગાનાર –
(૫) લેખકને બદલે દુદામામા પાસેથી બૂટ લઈ જનાર –

**સ. ૭. યોગ્ય વિકલ્પ શોધીને વાક્ય પૂર્ણ કરો :**

(૧) લેખકની બૂટ માટેની માગણી પર કોઈ ધ્યાન આપતું નહિ. કારણ કે...
(અ) બધાને તેની મુશ્કેલી તુચ્છ લાગતી
(આ) બધાંને મન તે સમસ્યા જ નહોતી
(ઇ) બધાં સમજતા કે બૂટ વગર તો ચાલે

(૨) કુટુંબીજનોના નિર્ણય સાંભળી હું ઢીલોઢફ થઈ જતો. કારણ કે...
(અ) કોઈ નવા બૂટ લેવાની વાત કરતું નહોતું (આ) કોઈ મારી લાગણી સમજતાં નહોતાં
(ઇ) બધાં જ બૂટનાં સમારકામની વાત કરતાં હતાં

(૩) વડીલે બૂટ માટે પરવાનગી આપતાં હું દુદ્દામામા પાસે...
(અ) તૈયાર બૂટ લેવા ગયો (આ) પરમાણું આપવા ગયો (ઇ) જૂના બૂટ સીવડાવવા ગયો

(૪) દૂદ્દામામાએ બૂટ તૈયાર કર્યા નહોતા. કારણ કે...
(અ) બહારગામ જવાથી સમય મળ્યો નહોતો (આ) બૂટનું માપ ખોવાઈ ગયું હતું
(ઇ) બૂટ બનાવવાનો સામાન ખલાસ થઈ ગયો હતો

(૫) દુદ્દામામાએ તૈયાર થયેલા બૂટ લઈ જવા ન દીધા. કારણ કે...
(અ) નવા બૂટમાં ડંખ પડે (આ) તેણે બૂટના પૈસા ન આપ્યા
(ઇ) તેની સાથે કોઈ વડીલ આવ્યા નહોતા

**સ. ૮. નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) એક કલાકમાં એ બૂટ-મોજાં લઈ પાછો આવ્યો.
(૨) મારી આકરી તપશ્ચર્યાનો અંત આવતો.
(૩) બૂટના પ્રોજેક્ટનો પ્રાથમિક તબક્કો આ રીતે પૂરો થતો.
(૪) આમ મને ફરી વાયદો આપવામાં આવતો.
(૫) વારનાં નામમાં ફેર પડે પણ વાયદાની રીતમાં ફેર ન પડે.

**સ. ૯. નીચેના વાક્યો બોલનાર અને સાંભળનારના નામ લખો :**

(૧) 'મારા બૂટ સીવવાના છે.' -
(૨) 'આવ, ભાણા આવ ! છોટુંમિયાં ક્યાં છે?' -
(૩) 'મારે બૂટ લેવા છે.' -
(૪) 'મારે તો બસ, આ જ બૂટ જોઈએ.' -

**સ. ૧૦. લેખકને બૂટ આપવામાં દુદ્દામામાએ ખવડાવેલા ધક્કા બાબત તમારા શબ્દમાં લખો.**

**સંભાષણ** ★ શાહબુદ્દીન રાઠોડના કાર્યક્રમો અથવા સીડી સાંભળી હોય તેના પ્રસંગો વિશે વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ બૂટ-ચંપલના વિવિધ પ્રકારો અને તે બનાવતી કંપની વિશે માહિતી મેળવીને પ્રોજેક્ટ બનાવો.

**ઉપક્રમ** ★ 'વનેચંદનો વરઘોડો' વિશે માહિતી મેળવો.

## ભાષિક સમજ

**★ સર્વનામનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં લખો :**

(૧) પપ્પા, (હું) _____ બૂટ લેવા છે.
(૨) (હું) _____ આવી ઉત્કંઠાની (તેઓ) _____ માથે કાંઈ અસર થતી નહિ.
(૩) મોટો ભજન ગાય છે. એની (હું) ______ ખબર નહિ.
(હું) _____ તો હમણાં સંતની જગ્યામાં સાંભળ્યા.
(૪) (હું) ________________ રહેવાયું નહિ. ગુસ્સો આવતાં મોટા અવાજે બૂટ માગ્યા.

★ નીચેના વાક્યોનું ભવિષ્યકાળમાં રૂપાંતર કરો :

(૧) હું દુદામામાને ત્યાંથી બૂટ લઈ આવ્યો.
(૨) બે દિવસ પછી આવીને બૂટ લઈ જાઉં છું.
(૩) બધાં છોકરા-છોકરીઓ મારા નવા બૂટ જોઈ રહ્યાં.
(૪) નવા બૂટ પહેરીને હું નિશાળે ગયો.
(૫) મેં તેને બૂટ ખરીદવા અઢીસો રૂપિયા આપ્યા.
(૬) હું સ્વાધ્યાયના જવાબો લખું છું.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### તેનાલીરામ

**દક્ષિણ ભારતના વિજયનગરના રાજા કૃષ્ણદેવના દરબારનો પોતાના બુદ્ધિચાતુર્યથી તથા હસાવવાની શક્તિથી લોકોમાં વિખ્યાત બનેલો વિદૂષક.**

એનું મૂળ નામ રામન્ હતું. પણ દક્ષિણમાં નામની આગળ ગામનું નામ જોડવામાં આવે છે. એ રીતે તે તેનાલી ગામના હોવાથી તેનાલીરામન્ કે તેનાલીરામ નામે જાણીતા થયા.

એ સમયે વિજયનગરના મહારાજા કૃષ્ણદેવ ખૂબ લોકપ્રિય શાસક હતા. એમણે પોતાના દરબારમાં વિદ્વાનોને ઊંચું સ્થાન આપ્યું હતું. તેનાલીરામન્ નાનપણથી જ ખૂબ બુદ્ધિશાળી હતા. શબ્દોના અવનવા અર્થ બેસાડી, પોતાની આગવી બોલવાની છટાથી તે લોકોને પ્રસન્ન કરી દેતા હતા. કૃષ્ણદેવના દરબારમાં સ્થાન મેળવવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. કૃષ્ણદેવના ગુરુ તથાચાર્ય જ્યારે હવાફેર માટે તેનાલી ગામ આવ્યા ત્યારે તેનાલીરામને એમની ખૂબ સેવા કરી અને રાજાને પોતાની ભલામણ કરવા કહ્યું. પણ તથાચાર્યનો કોઈ સંદેશો ન આવ્યો. તેનાલીરામન્ સીધા કૃષ્ણદેવની સભામાં પહોંચી ગયા અને કોઈ કૂટ સમસ્યાને દૃષ્ટાંત આપી ઉકેલી આપી. આથી રાજાએ એમને દરબારમાં વિદૂષક તરીકે માનભર્યું સ્થાન આપ્યું.

હાજરજવાબી તેનાલીરામન્ વિશે અનેક વાતો પ્રચલિત છે. એક વાર કોઈ કારણસર રાજા તેના પર ગુસ્સે થયા અને કહ્યું; 'જા, ક્યારેય તારું મોં ન બતાવતો' ત્યારે બીજા દિવસે તે મહોરું પહેરીને દરબારમાં હાજર થયા ! રાજાએ સિપાઈને તેને પકડવાનો હુકમ કર્યો. ત્યારે તેમણે બચાવ કરતાં કહ્યું : 'મેં કોઈ ગુનો કર્યો નથી, કારણ કે મહોરા પાછળ મારું મોં રાખી મેં રાજાને તે બતાવ્યું નથી.'

બીજા પ્રસંગમાં જ્યારે રાજાએ ચોરી બદલ તેમને મોતની સજા ફટકારી, ત્યારે મરતાં પહેલાં એની સજાની માફી સિવાય એની કોઈ પણ ઇચ્છા પૂરી કરવાનું રાજાએ કહ્યું, ત્યારે એણે માંગેલું : 'હું કુદરતી મોતે મરું એવી મારી ઇચ્છા છે.' રાજાએ એના બુદ્ધિચાતુર્યથી ખુશ થઈ એને છોડી મૂકેલો.

તેનાલીરામન્ વિશે તેલુગુમાં અનેક હાસ્યરસિક ટૂચકાઓ પ્રસિદ્ધ થયા છે. એમણે તેલુગુમાં કેટલાંક હાસ્યપ્રધાન અને બુદ્ધિચાતુરીનાં કાવ્યો પણ રચ્યાં છે.

સમગ્ર ભારતમાં જેવું બીરબલનું, ઉત્તર ભારતમાં જેવું ગોપાલ ભાંડનું, તેવું નામ-સ્થાન છે દક્ષિણ ભારતમાં તેનાલીરામન્નું.

– સંકલિત

8E8QE2

કરકસર કરો, કંજૂસાઈ નહિ...

# ૯. નથી રે જુદાઈ

**બાલમુકુંદ દવે**

૭ માર્ચ, ૧૯૧૬ના રોજ તેમનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં થયો હતો. મસ્તુપુરા-કુકરવાડાની ગુજરાતી સરકારી શાળા અને વડોદરાની શ્રી સયાજી હાઈસ્કૂલમાંથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યું. અમદાવાદમાં થોડો વખત પત્રકારત્વ ક્ષેત્રે કામગીરી બજાવી અને પછી 'નવજીવન'માં જોડાયા હતાં.

૧૦૩ કાવ્યોનો સંગ્રહ 'પરિક્રમા' તેમણે આપ્યો છે. તેમાં મુક્તક, સોનેટ, ખંડકાવ્ય, ગીત, ભજન જેવા વિવિધ કાવ્ય સ્વરૂપનો સમાવેશ થયો છે. તેમણે 'સોનચંપો', 'અલ્લક-દલ્લક' અને 'ઝરમરિયાં' એમ ત્રણ બાળકાવ્યોના સંગ્રહો પણ આપ્યા છે. ૧૯૪૯માં તેમને કુમારચંદ્રકથી સન્માનિત કરાયાં હતા. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કાવ્યમાં સર્વધર્મ સમભાવનો સંદેશ વ્યક્ત થયેલો છે. પ્રત્યેક મનુષ્ય એક જ પિતાના સંતાન છે પછી તે રામ હોય કે રહીમ, ઈશ્વર હોય કે ખુદા, પ્રભુ હોય કે ઇસુ. માટે આપણે કોઈપણ જાતના ઊંચનીચના ભેદભાવ રાખવા જોઈએ નહિ. દરેક સાથે હળીમળીને રહેવું જોઈએ. માનવમાત્રમાં પ્રેમ, સહકાર, સંપ વગેરે વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. મનમાં કોઈના પ્રત્યે રાગ-દ્વેષ રાખ્યા વગર ભાઈચારાની ભાવનાથી સુખદુ:ખમાં સાથે રહેવું જોઈએ. જીવનમાં માનવતાના ધર્મને અપનાવી 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના હૃદયમાં વિકસાવવી જોઈએ. પ્રકાશ ફેલાવતા દીવાની પ્રગટતી જ્યોતને ક્યારેય બુઝાવવી જોઈએ નહિ કારણ કે તે અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે.

ભલેને ઘડાયાં જુદાં ખોળિયાં,
જગમાં કાંઈ નથી રે જુદાઈ;
હિન્દુ ઇસાઈ, મુસલમાન હો,
એક છે કબીલો સૌનો ભાઈ !
આવો રે સાજન કે સતને જાણીએ.
એક રે ધરતીમાં પૂર્યા વાસ ને
સૂવું તાણી સોડ અહીં આપ;
એની રે ખિદમતમાં ખુદા ભાળીએ:
એની રે સેવામાં પ્રભુના જાપ.... આવો.૦

એક રે પિતાનાં ફરજંદ આપણે;
એક રે માતાનાં આપણે બાળ;
સુખદુ:ખે સંપી રહીએ સંગમાં
સાંકડી ભાંગો રે કાંટા-વાડ.... આવો.૦

વાંચી રે જુઓ આ ગીતાશ્લોકને
પઢી જુઓ કલમો રે કુરાન;
ઇસુની ઉકેલો વાણી, ગુંજતું
માનવતાનું મીઠું એક જ ગાન.... આવો.૦

ફૂંક રે મારીને નવ બુઝાવીએ
જલતા દીવાની કદી વાટ;
રમવા રે દેજો ટમટમ કોડિયાં,
જગની જમુનાના શોભે ઘાટ.... આવો.૦

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત પ્રાર્થના કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં ઊંચનીચના ભેદભાવ ન રાખતી કોઈપણ એક મહાન વિભૂતિના જીવનનો એકાદ પ્રસંગ કહેવો. સર્વધર્મ સમભાવ વિશે સામૂહિક ચર્ચા કરવી. આપણા દેશના પ્રચલિત ધર્મો, તેના ધર્મસ્થળો, ધર્મગ્રંથો તેમજ ધર્મ સંસ્થાપકો વિશે પ્રશ્નોત્તર કરવા. આવશ્યક જણાય ત્યાં માહિતી પણ આપવી. વિદ્યાર્થીઓને પોતાના જન્મદિવસ ઉજવતી વખતે મીણબત્તી બુઝાવવા કરતાં એકાદ નાના સદ્કાર્યરૂપી દીવો પ્રગટાવવાની પ્રેરણા આપવી. સૂરજના પ્રકાશ અને કોડિયાંના દીવાના પ્રકાશની સરખામણી - તુલના વિદ્યાર્થીઓ પાસે કરાવવી. દરેક ધર્મોમાં માનવધર્મ-માનવતા જ શ્રેષ્ઠ છે તેવી ભાવના દઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) પરિવાર (૨) સજ્જન (૩) શરીર (૪) માણસાઈ
(૫) વાચા (૬) દિવેટ (૭) ધરા (૮) ખ્રિસ્તી

**સ. ૨. નીચેના શબ્દોના બે જુદા જુદા અર્થ કહો :**

ઉદા. વાટ **એક અર્થ** - દિવેટ **બીજો અર્થ** - પ્રતીક્ષા

(૧) ઘાટ (૨) કર્ણ (૩) દીપક (૪) નવ

**સ. ૩. અર્થ બદલ્યા વગર વાક્યને હકારાત્મક બનાવો :**

**દા.ત.** કડવા બોલ બોલવા નહિ. જવાબ : મીઠા બોલ બોલવા.

(૧) મનથી કંજૂસ રહેવું નહિ. (૨) બીજાનું બૂરું કરો નહિ.

(૩) ઉપકારનો બદલો અપકારથી વાળો નહિ. (૪) અણગમતાં કાર્યો કરવા નહિ.

**સ. ૪. કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધીને લખો.**

**સ. ૫. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ગીતાના | (અ) ઋચા |
| (૨) કુરાનની | (આ) શ્લોક |
| (૩) વેદની | (ઇ) કલમ |

**સ. ૬. યોગ્ય શબ્દ લખી કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) એની રે _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ ખુદા ભાળીએ.

(૨) _ _ _ _ _ _ _ _ _ _ મીઠું એક જ ગાન.

(૩) રમવા રે દેજો _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ કોડિયાં.

(૪) આવો રે _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ કે સતને જાણીએ.

(૫) સાંકડી ભાંગો રે _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _.

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) સૌ સજ્જનો ચાલો – આપણે સાથે મળીને સત્યને જાણીએ.

(૨) માતૃભૂમિની સેવા એ જ પ્રભુ અને ખુદાની સાચી સેવા છે તેમ માનવું જોઈએ.

(૩) આપણે સૌ એક જ માતા પિતાના સંતાન છીએ.

(૪) દીવાની જ્યોતને ક્યારે પણ ફૂંક મારીને બુઝાવાય નહિ.

**સ. ૮. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) કાવ્યમાં જગતને એક જ પરિવાર કહ્યો છે કારણ કે _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી બધાં જુદા છે

(આ) જગતના બધા જ ધર્મો વચ્ચે કોઈ ભેદભાવ નથી

(ઇ) હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી બધાં એક જ છે

(૨) તમને ઈશ્વરના દર્શન ત્યારે જ થાય. જ્યારે _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

(અ) તમે એકબીજાને મદદરૂપ થાઓ

(આ) તમે નિયમિત મંદિરમાં જાઓ

(ઇ) તમે ભક્તિ કરો

(૩) પ્રગટતા દીવાને બુઝાવવાની કવિ ના પાડે છે કારણ કે ________________

(અ) તે અંધારાને દૂર કરે છે (આ) તે પ્રકાશ આપીને રાહ બતાવે છે (ઇ) તે તારાની જેમ ટમટમે છે

(૪) આ કાવ્યનો મુખ્ય સંદેશ છે ________________

(અ) સર્વધર્મ સમભાવ (આ) સંપ અને સહકારથી રહેવું (ઇ) ભેદભાવ ટાળવા

**સ. ૯. લખો :**

(૧) જગતમાં નથી – (૨) જુદાં ઘડાયા છે –

(૩) એક જ પિતાના છીએ – (૪) ઇસુની વાણીમાં મીઠું ગીત છે –

**સ. ૧૦. 'સર્વધર્મ સમભાવ' વિશે તમારા શબ્દોમાં લખો :**

**સંભાષણ ★** 'વસુધૈવ કુટુંબકમ્' વિષય ઉપર વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ ★** ઇન્ટરનેટની મદદથી જુદાજુદા ધર્મના પ્રતીકો વિશે માહિતી મેળવીને તેના ચિત્રો સાથે ચાર્ટ બનાવો.

**ઉપક્રમ ★** બાલમુકુંદ દવેના અન્ય ત્રણ કાવ્યો મેળવીને તે વાંચો, સમજવાનો પ્રયત્ન કરો, તે કાવ્યોનો વિષય સમજો.

## ભાષિક સમજ

**★ 'તા' પ્રત્યય લગાડી ભાવવાચક નામ બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો :**

**દા.ત.** : માનવ – માનવતા **વાક્ય** : માનવતા સૌથી મોટો ધર્મ છે.

(૧) ઉદાર (૨) સમાન (૩) નિર્ભય (૪) કઠોર

**★ નમૂના પ્રમાણે કરો :**

**દા.ત.** : દીવાને ફૂંક (મારવું) ________________ બુઝાવો નહિ.

**જવાબ** : દીવાને ફૂંક <u>મારીને</u> બુઝાવો નહિ.

(૧) બધાં સાથે (મળવું) ________________ કામ કરો.

(૨) હંમેશાં (જમવું) ________________ કોગળા કરવા જોઈએ.

(૩) મન (પરોવવું) ________________ અભ્યાસ કરો.

(૪) નાનું બાળક માતાની આંગળી (પકડવું) ________________ ચાલે છે.

(૫) (સમજવું) ________________ પ્રશ્નોના ઉત્તર આપો.

**★ ક્રિયાપદને એકવચનમાં ફેરવી વાક્ય ફરી લખો :**

**દા.ત.** : આવો રે સાજન કે સતને જાણીએ.(જાણ) **જવાબ** : આવો રે સાજન કે સતને જાણ.

(૧) એની રે ખિદમતમાં ખુદા ભાળીએ. (ભાળ)

(૨) ફૂંક રે મારીને નવ બુઝાવીએ. (બુઝાવ)

(૩) ઇસુની ઉકેલો વાણી. (ઉકેલ)

★ બહુવચનમાં ફેરવો : દા.ત.: પ્રભુનો જાપ - પ્રભુના જાપ

(૧) માનવતાનું મીઠું ગાન -

(૨) માતાનું બાળક -

(૩) ગીતાનો શ્લોક -

(૪) માટીનું કોડિયું -

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### પ્રભુ એટલું આપજો

પ્રભુ એટલું આપજો, કુટુંબ-પોષણ થાય, ભૂખ્યા કોઈ સૂવે નહિ, સાધુ સંત સમાય;
અતિથિ ભોંઠો નવ પડે, આશ્રિત ના દુભાય, જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય.
સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે મમ હિત, શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત;
વિચાર વાણી વર્તને, સૌનો યાચું પ્રેમ, સગાં સ્નેહી ને શત્રુનું ઇચ્છું કુશળક્ષેમ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન, જીભ બનાવી બોલવા ભલું કર્યું ભગવાન
ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર, પૃથ્વી પાણી પર્વતો તેં કીધા તૈયાર
તારા સારા શોભીતા સૂરજને વળી સોમ તે તો સઘળા તેં રચ્યાં જબરૂ તારું જોમ
અમને અદકાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર, બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.
કાપ કલેશ કંકાશને, કાપ પાપ પરિતાપ, કાપ કુમતી કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.

- સંકલિત

સૌથી મોટો ધર્મ - માનવતા

8EHLFP

# ૧૦. રાયચંદભાઈ

**મહાત્મા ગાંધીજી**

૨ ઑક્ટોબર, ૧૮૬૯ના રોજ પોરબંદરમાં તેમનો જન્મ થયો હતો. ભારતના રાષ્ટ્રપિતા, સત્યાગ્રહના પ્રણેતા, વિશ્વશાંતિના પથદર્શક અને ગુજરાતી સાહિત્યની યુગપ્રવર્તક વિભૂતિ ગાંધીજી એક મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર પણ હતાં. ૧૯૧૫ થી ૧૯૫૦ સુધીના ગાળાને 'ગાંધીયુગ' તરીકે ઓળખાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદના બારમા અધિવેશનના તેઓ પ્રમુખ પણ હતાં. સાદી, સ્પષ્ટ અને સરળ શૈલી દ્વારા તેમણે ગુજરાતી ગદ્યને નવી દિશા આપી હતી. તેમના પ્રાસંગિક પ્રવચનો અને લખાણો દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં તેમનું અમૂલ્ય યોગદાન છે. 'સત્યના પ્રયોગ' તેમની આત્મકથાનું પુસ્તક દુનિયાના સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે. એમનાં પત્રો, પ્રવચનો, લેખો વગેરેના સંગ્રહો નવજીવન દ્વારા પ્રગટ થયા છે.


**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માંથી લેવામાં આવેલો કેટલોક ભાગ છે. ઈંગ્લેંડથી ડિગ્રી લઈને હિંદુસ્તાન પાછા આવ્યા પછી તેમની ઓળખાણ એક યુવાન રાયચંદભાઈ સાથે થાય છે. જેઓ ડૉ. મહેતાના મોટાભાઈના જમાઈ છે. આ રાયચંદભાઈમાં ધંધાની આવડત અને કુનેહ તો છે જ પણ તેમના વ્યક્તિત્વના ઉમદા ગણી શકાય તેવા બે વિશિષ્ટ પાંસા એટલે તેઓ શતાવધાની અને આત્મજ્ઞાની છે. ધર્મમાં આસ્થા ધરાવે છે. આ યુવાનના વિચારોમાં પરિપક્વતા હોવાથી ગાંધીજી તેમના પ્રત્યે આકર્ષાય છે એટલું જ નહિ પરંતુ તેઓ તેમનાથી એટલા બધા પ્રભાવિત થાય છે કે મૂંઝવણમાં અને મુશ્કેલીમાં તેઓ રાયચંદભાઈની સલાહ લેતા. યોગ્ય માર્ગદર્શન મેળવતા અને શાંતિ પ્રાપ્ત કરતાં. ગાંધીજીના જીવન ઘડતરમાં રાયચંદભાઈનું યોગદાન અમૂલ્ય અને અનન્ય રહ્યું છે તે વાત ગાંધીજીએ સરળ, સચોટ, પ્રવાહી શૈલીમાં ભાવવાહી રીતે રજૂ કરી છે. જે વાંચતા જ રાયચંદભાઈનું વ્યક્તિચિત્ર આંખ સામે ખડું થઈ જાય છે.

પરીક્ષાઓ પસાર કરી. ૧૮૯૧ની દસમી જૂને હું બૅરિસ્ટર કહેવાયો. અગિયારમીએ ઈંગ્લેંડની હાઇકોર્ટમાં અઢી શિલિંગ આપી મારું નામ નોંધાવ્યું, બારમી જૂને હિંદુસ્તાન તરફ પાછો વળ્યો.

અમે ગોદીમાં પહોંચ્યા ત્યારે મારા વડીલ ભાઈ હાજર જ હતા. તેમણે દાક્તર મહેતાની અને તેમના વડીલ ભાઈની ઓળખાણ કરી લીધી હતી. દા.મહેતાનો આગ્રહ મને પોતાને ત્યાં જ ઉતારવાનો હતો, એટલે મને ત્યાં જ લઈ ગયા.

દા.મહેતાએ જે ઓળખાણ તેમને ઘેર કરાવી તેમાંની એક નોંધ્યા વિના ન જ ચાલે. તેમના ભાઈ રેવાશંકર જગજીવનની સાથે તો જન્મની ગાંઠ બંધાઈ, પણ હું જેમની વાત કરવા ઇચ્છુ છું તે તો કવિ રાયચંદ અથવા રાજચંદ્રની. દાક્તરના મોટાભાઈના તે જમાઈ હતા ને રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર ને કર્તાહર્તા હતા. તેમની ઉંમર તે વેળા ૨૫ વર્ષથી ઉપરની નહોતી. છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા એ તો હું પહેલી જ મુલાકાતે જોઈ શક્યો.



તે શતાવધાની ગણાતા હતા. શતાવધાનીની ખાતરી કરવા મહેતાએ મને સૂચવ્યું. મેં મારા ભાષાજ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો ને કવિએ મેં કહેલા શબ્દો જે નિયમમાં કહ્યા હતા તે જ નિયમમાં કહી સંભળાવ્યા ! આ શક્તિની મને અદેખાઈ થઈ પણ હું તે ઉપર મુગ્ધ ન થયો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને ખાતર જ તે પોતાનું જીવન વ્યતીત કરતાં હતા.

પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પણ એ વસ્તુ તેમનો વિષય નહોતો. તેમનો વિષય-તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ-હરિદર્શન-હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ, વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરંત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય. તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો. તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બૅરિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જોકે મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની વાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું, દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં. તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું, ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહીં દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.

રાયચંદભાઈને વિશે મારો આટલો આદર છતાં, તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શક્યો. તોપણ તેમનો આશ્રય મને વખતોવખત મળ્યો છે. મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે. રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટોયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે.' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન ટુ ધિસ લાસ્ટ' - સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

મુંબઈમાં એક તરફથી કાયદાનો અભ્યાસ શરૂ થયો. બીજી તરફથી ખોરાકના અખતરા. ત્રીજી તરફથી ભાઈનો પ્રયાસ મારે સારુ કેસ શોધવાનો શરૂ થયો. મુંબઈથી નિરાશ થઈ રાજકોટ ગયો. નોખી ઑફિસ ખોલી. કંઈક ગાડું ચાલ્યું. અરજીઓ ઘડવાનું કામ મળવા લાગ્યું, ને દર માસે સરેરાશ ત્રણસેં રૂપિયાની આવક થવા લાગી.

દરમિયાન ભાઈની પાસે પોરબંદરની એક મેમણ પેઢીનું કહેણ આવ્યું. મેં પગાર વિશે રકઝક કર્યા વિના શેઠ અબ્દુલ કરીમની દરખાસ્ત કબૂલ રાખી ને દક્ષિણ આફ્રિકા જવા તૈયાર થયો. ૧૮૯૩ના એપ્રિલ માસમાં હું હોંશભર્યો દક્ષિણ આફ્રિકામાં મારું નસીબ અજમાવવા ઉપડ્યો. પહેલું બંદર લામુ હતું. ત્યાં પહોંચતાં લગભગ તેર દિવસ થયા. લામુથી મોમ્બાસા અને ત્યાંથી ઝાંઝીબાર પહોંચ્યા. ઝાંઝીબારથી મોઝાંબિક ને ત્યાંથી લગભગ બે માસની આખરે નાતાલ પહોંચ્યો. નાતાલનું બંદર ડરબન કહેવાય છે અને નાતાલ બંદરને નામે પણ ઓળખાય છે. ડરબનમાં ખ્રિસ્તી હિંદીઓના સંબંધમાં પણ હું તરત આવ્યો.

બીજે દિવસે સવારે વકીલને ત્યાં ગયો. તેમનું નામ એ ડબલ્યુ. બેકર. મિ.બેકર વકીલ તેમજ ધર્મચુસ્ત પાદરી હતા. તેમણે મારી સાથે પત્રવ્યવહાર કાયમ રાખ્યો. કાગળોનો વિષય એક જ હોય – જુદી જુદી રીતે ખ્રિસ્તી ધર્મની ઉત્તમતા વિશે પોતાના કાગળમાં મારી સાથે ચર્ચા કરે, અને ઇશુને ઈશ્વરના એકમાત્ર પુત્ર તરીકે સ્વીકાર્યા વિના અને તેને તારણહાર માન્યા વિના પરમશાંતિ મળવાની નથી એ વાતનું પ્રતિપાદન કરે.

જેમ ખ્રિસ્તી મિત્રો મારા ઉપર અસર કરવા મથી રહ્યા હતા તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો. અબ્દુલ શેઠ મને ઇસ્લામનો અભ્યાસ કરવા લલચાવી રહ્યા હતા. તેની ખૂબીઓની ચર્ચા તો કર્યા જ કરે.

મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્ર વ્યવહાર ચલાવ્યો. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતો : 'હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી, એવી નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે.'

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં શિક્ષકે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' જરૂર વાંચવી. આખી આત્મકથા પહેલાથી વાંચેલી હોય તો પણ પ્રસ્તુત પ્રસંગ બીજી વાર વાંચી જવો. રાયચંદભાઈના વ્યક્તિત્વ વિશે મૌખિક ચર્ચા કરવી. પાઠના વિષયવસ્તુના સંદર્ભે લઘુપ્રશ્નો પૂછવા. પ્રસ્તુત પ્રસંગની આગળ-પાછળનું અનુસંધાન વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરવું. ગાંધીજીના જીવનના પ્રચલિત પ્રસંગો વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવા. રાયચંદભાઈના વ્યક્તિત્ત્વને સરળ ભાષામાં વિકસાવવું. 'શતાવધાની' શબ્દની સંકલ્પના સ્પષ્ટ કરવી.

ગાંધીજીના જીવનઘડતરમાં ફાળો આપનાર મહત્ત્વની ત્રણ વ્યક્તિઓનો ઉલ્લેખ કરતી વખતે તેમના ગુરુ ગોપાલ કૃષ્ણ ગોખલેનો ઉલ્લેખ પણ જરૂર કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલાં શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) ગિરદી | (૨) સહારો | (૩) પ્રયોગ | (૪) સમૃદ્ધિ |
| (૫) અંદાજે | (૬) લાક્ષણિકતા | (૭) ગહન | (૮) ઈર્ષ્યા |

**સ. ૨.** **એક શબ્દના અનેક અર્થ આપો : દા.ત. :** હાર – પરાજય, ઘરેણું, હરોળ, ફૂલની માળા

(૧) પાત્ર (૨) છાપ (૩) તેજ (૪) કહેણ (૫) પ્રકૃતિ

**સ. ૩.** **અર્થ બદલ્યા વિના વાક્યને નકારાત્મક બનાવો :**

(૧) તમે આ બાબતથી દૂર જ રહો.
(૨) તેઓ સાવ નિઃસ્વાર્થી હતાં.
(૩) મોટાભાઈ પાસે હંગામી નોકરી હતી.
(૪) બાપુજી હંમેશા સૌનો આદર કરતાં.
(૫) રાયચંદભાઈ પ્રામાણિક હતાં.
(૬) બગીચા આપણી સાર્વજનિક સંપત્તિ છે.

**સ. ૪.** **રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) સોંસરું ઉતરી જવું
(૨) આડે રસ્તે દોરવું
(૩) ગાડું ચાલવું
(૪) રકઝક કરવી
(૫) જન્મની ગાંઠ બંધાવી
(૬) માથામાં રાઈ ભરાવી

**સ. ૫.** **રાયચંદભાઈમાં રહેલા ગુણો લખો :** ________, ________, ________, ________, ________.

**સ. ૬.** **કહો :**

(૧) હીરામોતીની પરખ કરનાર –
(૨) દાક્તર મહેતાના ભાઈ –
(૩) ગાંધીજીના વડીલ ભાઈની સાથે હતાં –
(૪) રેવાશંકરના જમાઈ –

**સ. ૭.** **(અ) ગાંધીજીના જીવન પર છાપ પાડી.**

(૧) રસ્કિનના પુસ્તક – (૨) ટોલ્સ્ટોયના પુસ્તક – (૩) રાયચંદભાઈએ –

**(બ) ક્યારે તે લખો :**

(૧) ગાંધીજી બૅરિસ્ટર કહેવાયા – (૨) ઈંગ્લેંડની હાઈકોર્ટમાં નામ નોંધાવ્યું – (૩) હિંદુસ્તાન પાછા ફર્યા –

**સ. ૮.** **ગાંધીજીએ કરેલી દક્ષિણ આફ્રિકાની સફર દરમ્યાન આવેલા સ્થળોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) ઝાંઝીબાર (૨) નાતાલ (૩) લામુ (૪) મોમ્બાસા (૫) મોઝાંબિક

**સ. ૯.** **યોગ્ય વિકલ્પ શોધીને વાક્ય પૂર્ણ કરો :**

(૧) ગાંધીજીએ તેમનો ભાષાજ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો. કારણ કે...
 (અ) તેઓ રાયચંદભાઈની યાદશક્તિની પરીક્ષા લેવા ઇચ્છતા હતાં
 (આ) તેમને રાયચંદભાઈ શતાવધાની હોવાનો વિશ્વાસ નહોતો
 (ઇ) તેમને રાયચંદભાઈ શતાવધાની છે તેની ખાતરી કરવી હતી

(૨) રાયચંદભાઈની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની હતી. કારણ કે...
 (અ) તેઓ વેપારના સોદા કર્યા પછી આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખતા
 (આ) તેઓ વેપારના સોદા કર્યા પછી ધર્મપુસ્તકો વાંચતા
 (ઇ) તેઓ વેપારના સોદા કર્યા પછી ચિંતન કરતાં

(૩) ગાંધીજી આધ્યાત્મિક ભીડમાં રાયચંદભાઈનો આશ્રય લેતા. કારણ કે...

(અ) રાયચંદભાઈ તેમને આધ્યાત્મિક જ્ઞાન આપતા

(આ) રાયચંદભાઈ તેમને આડે રસ્તે નહિ દોરે તેવો વિશ્વાસ હતો

(ઇ) રાયચંદભાઈ સાચી સલાહ આપી તેમના મનને શાંતિ દેતા

(૪) અબ્દુલ શેઠ ગાંધીજીને લલચાવી રહ્યાં હતાં...

(અ) ખ્રિસ્તી ધર્મનો અભ્યાસ કરવા (આ) હિંદુધર્મનો અભ્યાસ કરવા (ઇ) ઇસ્લામનો અભ્યાસ કરવા

સ. ૧૨. રાયચંદભાઈના વ્યક્તિત્વનું આલેખન કરો.

**સંભાષણ** ★ ગાંધીજી આજે જીવતાં હોત તો... વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ તમારા પ્રિય વ્યક્તિવિશેષ વિશે સચિત્ર આલ્બમ બનાવો.

**ઉપક્રમ** ★ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વર્ગમાં જૂથવાર પ્રકરણો વહેંચી વાંચો અને તેમની શૈલી વિશે તમારા શબ્દોમાં લખો.

## ભાષિક સમજ

★ સંધિનો વિગ્રહ કરો :

| | | |
|---|---|---|
| (૧) નિષ્પક્ષપાત | (૨) નિષ્ફળ | (૩) રામેશ્વર |
| (૪) પ્રત્યેક | (૫) લોકોક્તિ | (૬) નિર્ધન |

★ યોગ્ય વિભક્તિનો પ્રત્યય મૂકો :

(૧) ગાંધીજી____________ ૧૮૯૧માં બૅરિસ્ટરની પરીક્ષા આપી.

(૨) રાયચંદભાઈ ગાંધીજી____________ ઘણાં સલાહ-સૂચનો આપતાં.

(૩) આજે બધાં જ મોબાઈલ____________ ઉપયોગ કરે છે.

(૪) આપણે બધા સંસ્કૃતિ____________ માનીએ છીએ.

(૫) ઈ-મેઈલ ____________ પત્રવ્યવહાર કરવાનું સરળ પડે છે.

(૬) રમેશ ____________ ગણિતમાં જરાપણ રસ નથી.

★ સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો :

| | | |
|---|---|---|
| (૧) ભાઈભાભી | (૨) નવરાત્રિ | (૩) શિષ્યવૃત્તિ |
| (૪) પુસ્તકાલય | (૫) અષ્ટસખી | (૬) ચા કૉફી |

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### ગાયકની માનવતા

ફિલ્મી ગાયકોમાં સ્વ. મુકેશનું નામ મૂર્ધન્ય હતું. એના કંઠની દુર્લભ મીઠાશ લોકો હજી લગી લગીરે ભૂલી શક્યા નથી. એના કંઠને સાંભળવા માટે, જે ફિલ્મમાં મુકેશે કંઠ આપ્યો હોય તે ફિલ્મ જોવા લોકોના ટોળા ઊભરાતાં. એનાં ગીતોની રેકર્ડોનું વેચાણ પણ ઘણું મોટું રહેતું !

ફિલ્મી જગતમાં મુકેશના કંઠે જબરો જાદુ જમાવ્યો હતો. પણ આ ગાયક પોતે જેવો મહાન ગાયક હતો એવો જ તે માનવતાસભર માણસ પણ હતો.

કોઈ પણ સંજોગોમાં મુકેશે પોતાની માનવતાની મૂડી ગુમાવી નહોતી. તે વાતચીતમાં ઘણીવાર કહેતો કે, 'હું પ્રથમ માણસ છું, પછી જ કલાકાર છું.'

એકવાર મુંબઈમાં હૉસ્પિટલમાં અપંગ બાળકીને દાખલ કરવામાં આવી હતી. એ બાલિકાએ એવી બાલિશ રઢ લીધી કે, મુકેશ મારી પાસે આવીને કોઈ ગીત સંભળાવે !

એના સગાંવહાલાંએ એને કહ્યું : 'ગાંડી થા માં ! એવા મોટા ગાયક કંઈ તારી પાસે આવીને તને ગીત સંભળાવે એવું તે વળી બની શકે ખરું !'

પણ બાલિકાની આ રઢ હૉસ્પિટલના એક અધિકારીને કાને આવી અને તેણે મુકેશને આ વાત કહેવાનો વિચાર કર્યો.

જો કે, તેને મનમાં શંકા હતી જ કે, મુકેશ અહીં આવશે ખરા ? છતાં તેઓ મુકેશ પાસે પહોંચ્યા અને કહ્યું : 'હૉસ્પિટલમાં એક અપંગ બાલિકા આપનો કંઠ સાંભળવા માગે છે! અમે તેને ઘણી સમજાવી કે, મુકેશજી કંઈ તને ગીત સંભળાવવા અહીં સુધી લાંબા ન થાય. પણ અબુધ બાલિકા લીધી લત મૂકતી નથી.'

મુકેશે કહ્યું : 'જઈને એને જાણ કરો કે આજે રાતે જ હું ત્યાં આવીશ અને તેને ગીતો સંભળાવીશ.'

અને તે રાતના મુકેશજી તે હૉસ્પિટલમાં ગયા અને પેલી અપંગ બાલિકા પાસે બેસીને મોડી રાત સુધી ગીતો ગાયાં. બીજે દિવસે કોઈએ મુકેશજીને પૂછ્યું : 'આપે એક અપંગ બાલિકાને ગઈ રાતે ગીતો ગાઈ સંભળાવ્યાં એ શું સાચું છે ?' 'હા, પણ વધુ સાચું તો એ છે કે મારાં ગીતોથી એના મુખ પર જે પ્રસન્નતા પથરાતી મેં જોઈ અને તેનાથી મને અનેરો જે આનંદ ઉપજ્યો એવો આનંદ તો મને જીવનમાં કદી થયો નથી !'

– સંત પુનિત

કોઈનામાં રહેલા સારા ગુણોને તરત જ અપનાવો.

8ERHHC

# ૧૧. ચારણકન્યા

## ઝવેરચંદ મેઘાણી

તેમનો જન્મ ૨૮ ઑગસ્ટ, ૧૮૯૭ના રોજ ગુજરાતના ચોટીલા ગામે થયો હતો. લોકસાહિત્યના સંશોધનમાં, પત્રકારિત્વમાં અને લોકસેવામાં એમણે પોતાનું જીવન ધન્ય કર્યું. કવિ ઉપરાંત તેઓ વાર્તાકાર પણ હતાં. તેણે સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ, નવલિકાઓ, નાટકો, નિબંધો, ચરિત્રો લખ્યા છે. લોકસાહિત્યનું સંશોધન કરવા અથાક પરિશ્રમ કરીને તેમણે ગુજરાતી સાહિત્યની ઉચ્ચતમ અને સાચી સેવા કરી છે. 'વસુંધરાના વહાલા દવલાં', 'સોરઠ તારા વહેતા પાણી', 'તુલસીક્યારો', 'વેવિશાળ', 'પ્રભુ પધાર્યા' વગેરે તેમની સામાજિક નવલકથાઓ છે. તો 'મેઘાણીની નવલિકાઓ', 'પલકારા', વગેરે એમના વાર્તાસંગ્રહો છે. 'રાણા પ્રતાપ', 'શાહજહાં' અને 'વંઠેલા અને બીજાં નાટકો' તેમનાં નાટકનાં પુસ્તકો છે.

## સૂર કૃતિનો

સૌરાષ્ટ્રના ગીરપ્રદેશમાં તુલસીશ્યામ આવેલું છે. તેની નજીકમાં જ ચારણોનો નેસડો એટલે કે મહોલ્લો આવેલો છે. આ મહોલ્લામાં એક વાછડીને મારવા એક વિકરાળ સિંહ ધસી આવે છે ત્યારે હીરબાઈ નામની એક ચૌદ વરસની ચારણકન્યા સૂઝ-બૂઝ અને વીરતાથી સિંહને ભગાડે છે તેનું જુસ્સાદાર વાણીમાં વર્ણન કરવામાં આવ્યું છે.

કાવ્યની શરૂઆતમાં ગીરપ્રદેશનો સિંહ કેવી રીતે અને ક્યાં ક્યાં ગરજે છે, તેની ગર્જનાથી કોણ કોણ ધ્રુજી ઊઠે છે તેનું વર્ણન છે. તે પ્રદેશના ચારણો, આહીરો, રબારીઓ સિંહને હાંકી કાઢવા મેદાને પડે છે તેની સાથે એક ચૌદ વરસની ચારણકન્યા હીરબાઈ પણ નીકળી પડે છે. જે નાજુક છતાં જુવાનીના જોમથી છલકાતી, ભોળી છતાં બહાદુર વીરાંગના જેવી હીરબાઈ હાથમાં લાકડી લઈને ત્રાડ પાડી સિંહની પાછળ દોડે છે ત્યારે સિંહ કાયર બનીને ભાગી જાય છે. ધન્ય છે આ નાનકડી બહાદુર બાળાને ! ધન્ય છે સૌરાષ્ટ્રના ગીરપ્રદેશની આ ચારણકન્યાને !!

### સાવજ ગરજે !

વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિ ગરજે
કડયપાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમદર ગરજે !

## ક્યાં ક્યાં ગરજે ?

બાવળના જાળામાં ગરજે
ડુંગરના ગાળામાં ગરજે
કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે
નદીઓની ભેખડમાં ગરજે
ગિરિઓની ગોહરમાં ગરજે
ઉગમણો, આથમણો ગરજે
ઓરો ને આઘેરો ગરજે

## થર થર કાંપે !

વાડામાં વાછડલાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે
મધરાતે પંખીડાં કાંપે
ઝાડ તણાં પાંદડલાં કાંપે
પહાડોના પથ્થર પણ કાંપે
સરિતાઓનાં જળ પણ કાંપે
સૂતાં ને જાગતાં કાંપે
જડ ને ચેતન સૌએ કાંપે

## આંખ ઝબૂકે !

કેવી એની આંખ ઝબૂકે !
વાદળમાંથી વીજ ઝબૂકે
જાણે ઊગી બીજ ઝબૂકે
જાણે બે અંગાર ઝબૂકે
હીરાના શણગાર ઝબૂકે
જોગંદરની ઝાળ ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે
ટમટમતી બે જ્યોત ઝબૂકે
સામે ઊભું મોત ઝબૂકે

## જડબાં ફાડે !

ડુંગર જાણે ડાચાં ફાડે !
જોગી જાણે ગુફા ઉઘાડે !
જમરાજાનું દ્વાર ઉઘાડે !
પૃથ્વીનું પાતાળ ઉઘાડે !
બરછી સરખા દાંત બતાવે
લસ ! લસ ! કરતા જીભ ઝુલાવે.

## બ્હાદુર ઊઠે !

બડકંદાર બિરાદર ઊઠે
ફરસી લેતો ચારણ ઊઠે
ખડગ ખેંચતો આહીર ઊઠે
બરછી ભાલે કાઠી ઊઠે
ઘર-ઘરમાંથી માટી ઉઠે
ગોબો હાથ રબારી ઊઠે
સોટો લઈ ઘરનારી ઊઠે
ગાય તણા રખવાળો ઊઠે
દૂધમલા ગોવાળો ઊઠે
મૂછે વળ દેનારા ઊઠે
ખોંખારો ખાનારા ઊઠે
માનું દૂધ પીનારા ઊઠે !
જાણે આભ મિનારા ઊઠે !

## ઊભો રે'જે !

ત્રાડ પડી કે ઊભો રે'જે !
ગીરના કુત્તા ઊભો રે'જે !
કાયર દુત્તા ઊભો રે'જે !
પેટભરા ! તું ઊભો રે'જે !
ભૂખમરા ! તું ઊભો રે'જે !
ચોર-લૂંટારા ઊભો રે'જે !
ગા-ગોઝારા ઊભો રે'જે !

### ચારણ-કન્યા

ચૌદ વરસની ચારણ-કન્યા
ચૂંદડિયાળી ચારણ-કન્યા
શ્વેતસુંવાળી ચારણ-કન્યા
બાળી ભોળી ચારણ-કન્યા
લાલ હિંગોળી ચારણ-કન્યા
ઝાડ ચડંતી ચારણ-કન્યા
પહાડ ઘૂમંતી ચારણ-કન્યા
જોબનવંતી ચારણ-કન્યા
આગ-ઝરંતી ચારણ-કન્યા
નેસ-નિવાસી ચારણ-કન્યા
જગદમ્બા-શી ચારણ-કન્યા
ડાંગ ઉઠાવે ચારણ-કન્યા
ત્રાડ ગજાવે ચારણ-કન્યા
હાથ હિલોળી ચારણ-કન્યા
પાછળ દોડી ચારણ-કન્યા

### ભયથી ભાગ્યો !

સિંહણ, તારો ભડવીર ભાગ્યો
રણ મેલીને કાયર ભાગ્યો
ડુંગરનો રમનારો ભાગ્યો
હાથીનો હરનારો ભાગ્યો
જોગીનાથ જટાળો ભાગ્યો
મોટો વીર મૂછાળો ભાગ્યો
નર થઈ તું નારીથી ભાગ્યો
નાનકડી છોડીથી ભાગ્યો !

#### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં ગીરના પ્રદેશ અને ગીરના સાવજની વાત કરવી. સિંહ-સાવજ-કેસરીની બહાદુરી, તેને મળેલા વનના રાજા અર્થાત વનરાજની ઉપમાની માહિતી આપવી. સિંહની ગર્જનાથી ભલભલાંના હાજા ગગડી જાય છે તે આપણને જાણ છે છતાં અહીં સૌરાષ્ટ્રની ધીંગાણી ભૂમિની બહાદુર ચૌદ વર્ષની ચારણકન્યાની હિંમત દાદ માગી લે તેવી છે. તેની આકર્ષક શૈલીમાં વાર્તા કરવી. ગરજવું, કાંપવું, ઝબૂકવું, ફાડવું, ઉઠવું, ભાગવું જેવા ક્રિયાપદોને ધ્યાનમાં રાખી કાવ્યના વિષયવસ્તુને સમજાવવું અને સિંહના સંદર્ભે દરેકનો વાક્યમાં પ્રયોગ કરાવડાવી કવિતાનું હાર્દ સમજાવવું. શૌર્યથી છલોછલ આ કાવ્ય જુસ્સાભેર શીખવવું અને વિદ્યાર્થીઓમાં પણ જુસ્સો નિર્માણ કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દોને બદલે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) સિંહ (૨) હાથી (૩) દુશ્મન (૪) પર્વત
(૫) નદી (૬) મોઢું (૭) તલવાર (૮) બૂમ

**સ. ૨.** **અધોરેખિત શબ્દની જગ્યાએ ઊલટો અર્થ દર્શાવતો શબ્દ લખીને વાક્યને હકારાત્મક બનાવો :**

(૧) વનસ્પતિ <u>જડ</u> નથી.
(૨) સ્ટેશન <u>આઘું</u> નથી.
(૩) <u>સંધ્યા</u> જતાં અજવાળું રહેતું નથી.
(૪) <u>જાગતાં</u> લોકોને ઉઠાડવા સહેલા નથી.
(૫) જે <u>વીર</u> હોય તે રણ છોડીને ભાગે નહિ.
(૬) <u>દોષી</u> લોકો પ્રિય હોતા નથી.

**સ. ૩.** **અન્ય ત્રણ ત્રણ સમાનાર્થી શબ્દો લખો :** **દા.ત.** શ્વેત - શુભ્ર, ધવલ, સફેદ

(૧) દુશ્મન (૨) ઝાડ (૩) આંખ (૪) પૃથ્વી (૫) હાથ (૬) ગૈયા

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) સૂર્યની ઊગવાની દિશા –
(૨) ગાયોને ચરાવે તે –
(૩) રણમેદાનમાંથી હિંમત હારીને ભાગી જનાર –
(૪) સૂર્યની આથમવાની દિશા –
(૫) ઘાસથી બનાવેલું ગોળાકાર ઝૂંપડું –

**સ. ૫. (અ) 'જ' ને બદલે 'ય' નો ઉપયોગ કરી તે જ અર્થ દર્શાવતો બીજો શબ્દ લખો : દા.ત.** : જમરાજા – યમરાજા.

(૧) જશ (૨) જશોદા (૩) જાદવ (૪) જોદ્ધો
(૫) જોજન (૬) જોગમાયા (૭) જોગી (૮) જુવાન

**(બ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો. જરૂર પડે તો શબ્દકોશનો ઉપયોગ કરો :**

(૧) જમરાજાનું દ્વાર ઉઘડવું
(૨) મૂછે વળ દેવી
(૩) રણ છોડીને ભાગવું
(૪) ત્રાડ પાડવી

**સ. ૬. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) સાવજની ગર્જના | (અ) વીજની જેમ ઝબૂકે છે. |
| (૨) ગર્જના સાંભળીને | (આ) કાયરની જેમ ભાગ્યો. |
| (૩) સાવજની આંખ | (ઇ) જોદ્ધા જેવી છે. |
| (૪) ચારણકન્યા | (ઈ) જડ-ચેતન બધું કંપે છે. |
| (૫) સિંહ | (ઉ) જગદંબા જેવી લાગે છે. |

**સ. ૭. નામ લખો :**

દા.ત. (અ) સિંહ જ્યાં જ્યાં ગરજે છે તે સ્થળો – જવાબ : બાવળના જાળામાં
(આ) સિંહની ગર્જનાથી કાંપતી જડ અને ચેતન વસ્તુઓ – ________________________
(ઇ) સિંહની આંખની જેની સાથે તુલના કરી છે તે – ________________________
(ઈ) સિંહની ત્રાડથી ઊઠતાં બહાદુર લોકો – ________________________
(ઉ) સિંહને માટે કવિતામાં જેની જેની ઉપમા આપી છે તે – ________________________

**સ. ૮. ખાલી જગ્યામાં શબ્દ લખી પૂર્ણ કરો :**

**કવિતામાં આવતા વિવિધ જાતિઓના નામ –** કણબી, ______, ______, ______, ______, ______.

**સ. ૯. સિંહનો સામનો કરવાં નીકળેલા નીચેના લોકોએ હાથમાં લીધેલા સાધનોના નામ લખો :**

(૧) ચારણ – (૨) આહીર – (૩) કાઠી – (૪) રબારી – (૫) ઘરઘરની સ્ત્રીઓ –

**સ. ૧૦. 'ચારણકન્યા'નું વર્ણન તમારા શબ્દોમાં કરો.**

**સંભાષણ**

★ 'ઝવેરચંદ મેઘાણી' ને મળેલા 'રાષ્ટ્રીય શાયર' ના બિરૂદ માટે વર્ગમાં ચર્ચા કરો.

★ ચારણકન્યાને સ્થાને તમે હો તો શું કરો ? તે વિશે નિખાલસતાથી વાત કરો.

**પ્રકલ્પ ★** સરકાર તરફથી આપવામાં આવતા 'શૌર્ય પુરસ્કારો' વિશે સંપૂર્ણ માહિતી મેળવીને સુંદર પ્રોજેક્ટ બનાવો.

**ઉપક્રમ ★** વેકેશનમાં કોઈ સાહસ કેમ્પમાં જઈને ત્યાંના અનુભવ મેળવો.

## ભાષિક સમજ

★ **જાતિને ધ્યાનમાં રાખી ક્રિયાપદમાં થતો ફેરફાર કરી વાક્ય ફરીથી લખો :**

**દા.ત.** : સિંહ શિકાર કરતો હતો. **જવાબ** : સિંહણ શિકાર કરતી હતી.

(૧) ચોમાસામાં મોર નાચતો હતો. (૨) કુંભાર માટલાં વેચતો હતો.

(૩) કઠિયારો લાકડાં કાપતો હતો. (૪) ગોવાળ ગાયો ચરાવતો હતો.

★ **ક્રિયાપદનું યોગ્ય રૂપ કાવ્યમાંથી શોધીને લખો :**

(૧) મૂછને વળ (દેવું)- (૨) ખોંખારો (ખાધું)- (૩) ડાંગ (ઉઠાવવું) -

(૪) હાથીને (હણવું) - (૫) સિંહને (ભગાવવું) -

★ **ચારણકન્યા માટે કાવ્યમાં આપેલા વિશેષણો શોધીને લખો.**

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### દીકરી

શૈશવમાં સપનામાં જોયેલી પરી,
સદેહે અવતરી... થઈ દીકરી,
જુઈની નાજુક કળી,
પ્રભુજીને
ચડાવેલાં ફૂલોની અવેજીમાં મળી. દીકરી...
દાદાની આંખો પર
કૂણા કૂણા હાથ દાબે,
જાણે પોપચાં પર પવન મૂક્યો
ફૂલોની છાબે,
શીતળ, સુગંધિત,
તાજગી ભરી લ્હેરખી
મીંચાયેલી આંખોથી
પણ ઓળખી. દીકરી...
બારમાસી વાદળી,
ઝરમરતી ઝરમરતી
રાખે સઘળુંય લીલુંછમ
... બારેય માસ. દીકરી...
પતંગિયું.
ફળિયામાં ઊડાઊડની રંગોળી પૂરે.
શરણાઈ કોઈ વગાડે...
એ તો ચૂપચાપ ઊડી જાય...
ને પાછળ રહી ગયેલા રંગો ઝૂરે. દીકરી...
ચાંદરડું.
દિવસ આખો ઘરમાં તેજ પાથરે,
પકડ્યું પકડાય ના,
ઊંમરે ને ઓરડે દોડાદોડી કરે...
દાદર ચડે ઊતરે...
સૂરજ સાથે ચાલ્યું જાય. આખરે
વિદાય લીધેલી માની જગ્યા, દીકરીએ
ક્યારે લઈ લીધી
તે ખબરેય ના પડી.

– હર્ષદ ચંદારાણા

8F1DIZ

દીકરી બે ઘરને ઉજાળે છે માટે શ્રેષ્ઠ દીપક છે.

# ૧૨. લવિન આર્મ્સ

**શિશિર રામાવત**

૧૮ એપ્રિલ, ૧૯૧૧ના રોજ જામનગરમાં તેમનો જન્મ થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જામનગરમાં અને ઉચ્ચશિક્ષણ વડોદરામાં લીધા બાદ મુંબઈ આવી પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય થયાં. વિવિધ દૈનિક તથા સામયિકોમાં વિવિધ સ્તરે તેમણે જવાબદારી નિભાવી છે.

'અપૂર્ણવિરામ', 'મને અંધારા બોલાવે... મને અજવાળાં બોલાવે', 'વિક્રાંત' જેવી નવલકથાઓ તથા કાવ્યોનું પણ સર્જન કર્યું છે. એમની કટારોમાંથી ચુનંદા લેખો 'ફલક' અને 'મલ્ટિપ્લેક્સ'નામના પુસ્તકમાં પ્રકાશિત થયા છે. તેમનાં લખેલાં અનેક નાટકો વ્યવસાયિક તેમજ પ્રાયોગિક રંગભૂમિ પર સફળતાપૂર્વક ભજવાઈ ચૂક્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત પ્રેરણાત્મક કૃતિમાં નધણિયાતાં માંદા, ઘરડાં અશક્ત પ્રાણીઓની હરાજી થવાના પ્રસંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મૂંગાં - અબોલ પ્રાણીઓ પર થતાં અત્યાચારથી સંવેદનશીલ શાલીનનું હૃદય દ્રવી ઊઠે છે. જાગેલી અનુકંપા અને પત્નીનો સાથ મળતાં તે પશુઓના બચાવ માટે પ્રયત્ન આદરે છે ત્યારે તેના સત્કાર્યમાં ઈશ્વરના આશીર્વાદ ઉમેરાવાથી તેને તેના ઘર પાસે જ સસ્તા ભાવે જમીન મળે છે. આ જમીનમાં તે 'લવિન આર્મ્સ' જેવા અભયારણ્યનું નિર્માણ કરે છે.

જનજાગૃતિ લાવવા તેઓ એજ્યુકેશનલ પ્રોગ્રામ્સ, વીગન વાનગીઓના ફ્રી કુકીંગ ક્લાસ જેવી ઈવેન્ટસનું આયોજન કરે છે.

આ પ્રસંગના માધ્યમથી જીવદયાના મૂલ્યને સુંદર રીતે રજૂ કરી સંવેદનશીલતાના મૂલ્યને વાચા આપવામાં આવી છે.

'જનાવરોનું રીતસર બજાર હતું તે દિવસે. કેટલાં બધાં નધણિયાતાં પ્રાણીઓ - ગાય, બકરી, ઘેટાં, ઘોડા... અમુક સાવ ઘરડાં થઈ ગયેલાં તો અમુક તાજાં જન્મેલાં. માંદાં, અશક્ત, ઘવાયેલાં, લાચાર, વજનના હિસાબે સૌની હરાજી થઈ રહી હતી. ખરીદાયેલાં જનાવરો આખરે કતલખાનાંમાં ધકેલાઈને કપાઈ જવાનાં હતાં. જે રીતે તેમને ધક્કે ચડાવવામાં આવતાં હતાં, એમનાં શરીર પર લાતો પડતી હતી, પ્રહારો થઈ રહ્યાં હતાં તેથી બિચારાં વેદનાથી બરાડા પાડી રહ્યાં હતાં... અસહ્ય હતું આ બધું. મેં આ બજારમાં છએક કલાક વીતાવ્યા હશે. મારા જીવનનો કદાચ આ સૌથી ઈમોશનલ દિવસ હતો ! લગભગ બે વર્ષ પહેલાંની આ ઘટના વર્ણવતી વખતે શાલીન શાહનો અવાજ આજે પણ થોડો કાંપે છે. શાલીન શાહ અમેરિકાના કોલોરાડો સ્ટેટમાં એરી નામના નાનકડા નગરમાં રહે છે. એમને બાતમી મળી હતી કે જનાવરોના પેલા બજારમાં એક પ્રેગનન્ટ ઘોડી અને બે બચ્ચાંની હરાજી થવાની છે. તેમને બચાવવા માટે શાલીન ત્યાં ગયેલા. આ ત્રણેય મૂંગાં જનાવરોને તો તેમણે ખરીદી લીધાં, પણ બાકીનાં પ્રાણીઓની




હાલત જોઈને તેઓ અંદરથી હલી ગયા હતા. પશુઓના દર્દનાક ચિત્કારો અને એમની આંખોમાં થીજી ગયેલો ખોફ ભૂલી શકાય તેમ નહોતા.

શાલીનના હૃદયમાં કરુણાનો ભાવ ન જાગે તો નવાઈ પામવા જેવું હતું. દસ વર્ષની ઉંમરે મમ્મી-પપ્પા સાથે અમદાવાદથી અમેરિકા શિફ્ટ થઈને, ત્યાં જ ભણીગણીને અને એન્ત્ર્યોપ્રિન્યોર બનીને સફળતા પામી ચુકેલા યુવાન શાલીન શાહ ખાનપાનના મામલામાં પાક્કા વીગન છે. વીગન હોવું એટલે માંસ-મચ્છી-ઈંડા તો નહીં જ, પણ દૂધ અને તેમાંથી બનતી દહીં-ઘી-છાશ-પનીર વગેરે જેવી પેદાશોને પણ હાથ નહીં લગાડવાનો. શાલીનને વીગન બનવાની પ્રેરણા એમની પત્ની શિલ્પીએ આપી હતી. જન્મે અને કર્મે જૈન એવાં પતિ-પત્ની બન્નેને થયાં કરતું હતું કે અહિંસાના મામલામાં આપણે વધારે બીજું શું કરી શકીએ ? સદ્ભાગ્યે આ સવાલનો જવાબ જ નહીં સ્પષ્ટ માર્ગ પણ પ્રાણીઓની પેલી બજારની મુલાકાત પછી તરત મળી ગયો.

ત્રણ ઘોડાઓને બચાવીને ઘરે પાછા ફરતી વખતે શાલીનના મનમાં એક જ વિચાર ઘુમરાયા કરતો હતો કે કાશ, મારી પાસે વધારે જગ્યા અને વધારે સગવડ હોત તો હું વધારે જનાવરોને ખરીદીને તેમનો જીવ બચાવી શકત. ભરપૂર તીવ્રતા અને હૃદયની સચ્ચાઈથી વ્યક્ત થયેલી ઇચ્છા કુદરત વહેલામોડી સંતોષે જ છે. એ જ રાતે કોણ જાણે ક્યાંથી શાલીન પર કોઈકનો ફોન આવે છે : ૨૩ એકર જમીનનો એક બંજર ટુકડો એમ જ પડ્યો છે. કોઈને એમાં રસ હોય તો જણાવજો ! જમીન શાલીનના ઘરથી થોડી મિનિટોના અંતર પર જ હતી. આ ફોને શાલીનને વિચારતા કરી મૂક્યા : શું આ ઉપરવાળાનો કોઈ સંકેત છે ? રાત્રે મોડે સુધી પતિ-પત્ની ખૂબ ચર્ચા કરે છે : શું કરવું છે ? લઈ લેવી છે આ જમીન ? અસહાય પ્રાણીઓને પાળવા માટે સેન્ચ્યુઅરી બનાવવી હોય તો આ જગ્યા પરફેક્ટ છે તે વાત સાચી, પણ આ જવાબદારી બહુ મોટી છે એનું શું ? બેય દીકરાઓ હજુ નાના છે. જીવનનિર્વાહ માટે કામકાજ

કરવાનું છે, પોતાની કંપની ચલાવવાની છે. પહોંચી વળાશે ? જવાબ મળ્યો : હા, પહોંચી વળાશે ! બીજા જ દિવસે લીઝનાં કાગળિયાં પર શાલીન સહી કરે છે : આ રીતે ઑગસ્ટ ૨૦૧૫માં ‘લવિન આર્મ્સ’ નામની સંસ્થાની સ્થાપના થાય છે. એલ-યુ-વી-આઈ-એન ‘લવિન એ અંગ્રેજી શબ્દ loving માટે વપરાતો સ્લેન્ગ છે. Luvin Arms એટલે પ્રેમપૂર્વક લંબાવવામાં આવેલો હાથ. શાલીને અગાઉ ઘોડાઓ સાથે પનારો પાડ્યો હતો. ‘મેં અગાઉ ઘોડો ખરીદ્યો નહીં પણ અડોપ્ટ કર્યો હતો એમ કહીશ, તેઓ કહે છે, ‘તમે નિર્જીવ વસ્તુ ખરીદી શકો, જીવતું જાગતું પ્રાણી નહીં. એકાદ-બે પ્રાણીઓને પાળવાં એક વાત છે અને આખેઆખું અભયારણ્ય ચલાવવું તદ્દન જુદી વાત છે. તમારે ખૂબ બધી બાબતોનું પ્રેક્ટિકલ નોલેજ કેળવવું પડે - જેમ કે, કઈ રીતે પ્રાણીઓને બચાવીને સેન્ચ્યુઅરી સુધી લાવવાં, કઈ રીતે માંદા પ્રાણીઓની દેખભાળ કરવી, એમને કેવો અને કઈ રીતે ખોરાક આપવો. કઈ રીતે એમના માટે ખાસ પ્રકારનાં રહેઠાણ ઊભાં કરવાં, પ્રાણીઓ અને આ પ્રકારની સંસ્થા ચલાવવાના કાયદા સમજવા, નીતિનિયમોનું ઉલ્લંઘન ન થાય એની તકેદારી રાખવી વગેરે. વળી, આ કામમાં જાતજાતનાં વાહનો જોઈએ, ઓટોમેટિક વોટર તેમજ હીટીંગ સિસ્ટમ જોઈએ. તમારે વોલિન્ટર્સ અને પ્રોફેશનલ્સનું મજબૂત નેટવર્ક વિકસાવવું પડે. પુષ્કળ કામ હતું, પડકારો હતા અને ખૂબ બધું સમજવા-શીખવાનું હતું.

ધીમેધીમે બધું જ થયું. સૌથી પહેલાં તો વર્ષોથી અવાવરુ પડી રહેલી જમીનને સાફ કરવાની હતી. કામ પુણ્યનું હોય અને ઈરાદો નેક હોય તો મદદ મળી જ રહે છે. ધીમે ધીમે વાત ફેલાતાં તદ્દન અજાણ્યા એવા સ્થાનિક અમેરિકનો મદદે આવવા લાગ્યા. પ્રાણીપ્રેમીઓનું જૂથ આકાર લેવા માંડ્યું. એક નિશ્ચિત માર્ગદર્શિકા ક્રમશઃ આકાર લેવા માંડી. જેમકે, ‘લવિન આર્મ્સ’માં કેવળ શાકાહારી પ્રાણીઓ જ લાવવાં. માંસાહારી પ્રાણીઓનું પેટ ભરવા માંસ આપવું પડે, જે અહિંસાના સિદ્ધાંતની વિરુદ્ધ ગણાય. પ્રાણીઓને કેવળ પ્લાન્ટ-બેઝ્ડ ખોરાક અને દવાઓ આપવી, એનિમલ-બેઝ્ડ નહીં. એક વાર જનાવરને અહીં લાવવામાં આવે પછી એ જીવે ત્યાં સુધી દેખભાળ કરવી. પ્રાણીઓને ખરીદવા નહીં, વગેરે.

ત્રણ ઘોડાઓ પછી બે બકરીઓ આવી, મરઘાં આવ્યાં, ભૂંડ આવ્યાં. પ્રત્યેક પ્રાણીનું એની પર્સનાલિટી સાથે બંધબેસતું મસ્તમજાનું નામ પાડવામાં આવે. જેમ કે બહુ ઉછળકૂદ કરતું જાનવર નિર્બલ બની જાય. એક કૂકડાનું નામ ‘રસલ ક્રો’ છે. આ સિવાય બેન્જામિન, ફેલિક્સ, રુડી, ઓલિવર અને રોકી પણ છે. દરેકની પોતપોતાની કહાની છે. અભયારણ્યની ખ્યાતિ ફેલાતા એક દાતાએ સારી એવી રકમની આર્થિક મદદ કરી. ચાલીસ એકરનું બહેતર સુવિધાવાળું નવું ફાર્મ ખરીદવામાં આવ્યું. આ અભયારણ્ય પ્રાણીપ્રેમીઓ માટેનું મિલનસ્થળ બનતું ગયું. લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે અહીં એજ્યુકેશનલ પ્રોગ્રામ્સ, વીગન વાનગીઓ માટેના ફ્રી કૂકીંગ કલાસ અને અન્ય કંઈ કેટલીય ઈવેન્ટ્સ ગોઠવવામાં આવે છે. આજ સુધીમાં પાંત્રીસ-સો કરતાં વધારે લોકો ‘લવિન આર્મ્સ’ની મુલાકાત લઈ ચૂક્યા છે. પ્રાણીઓ પર થતા અત્યાચારની વાતો સાંભળીને ઘણાની આંખો ખૂલી જાય છે. શાલીન કહે છે, ‘આમાંથી કમસે કમ હજાર લોકોએ નિર્ધાર કર્યો હશે કે આજ પછી હું ક્યારેય સુવ્વર નહીં ખાઉં યા તો હું ચિકનને હાથ નહીં લગાડું કે પછી અઠવાડિયામાં કમસે કમ બે દિવસ હું વીગન લાઇફસ્ટાઈલ અપનાવીશ. આવા નાના-મોટા પરિવર્તનોનું પણ ઘણું મહત્ત્વ છે.

શાલીન અઠવાડિયામાં કુલ ૨૦થી ૩૦ કલાક પોતાના જીવનનિર્વાહ માટેના કામકાજ પાછળ ખર્ચે છે. બાકીનો બધો સમય પ્રાણીઓ માટે ફાળવે છે. વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ પ્રાણીઓને રેસ્ક્યુ કરવામાં, વધારે પડતા માંદા જનાવરોને હોસ્પિટલમાં ખસેડી તેમની સારવાર કરાવવામાં અને અભયારણ્યને મેનેજ કરવામાં

રચ્યાપચ્યા રહે છે. પત્ની શિલ્પીએ અભયારણ્યનું વહીવટી કામકાજ સંભાળી લીધું છે. આજે શાહદંપતી પાસે પાંચસો જેટલા વોલિન્ટર્સની ફોજ છે, બે સ્ટાફ મેમ્બર છે. પ્રાણીઓના ડોક્ટરો અને અન્ય પ્રોફેશનલ્સ સમયાંતરે વિઝિટ લેતા રહે છે.

'આપણે માણસોને ગુલામ બનાવી શકતા નથી તો પ્રાણીઓને શી રીતે ગુલામ બનાવી શકીએ ?' શાલીન સમાપન કરે છે, 'એનિમલ્સ નીડ જસ્ટિસ. બીજાં જીવો પર કબ્જો જમાવવાનો આપણને કોઈ અધિકાર નથી. માત્ર જીવદયાથી નહીં ચાલે, જીવમૈત્રી કેળવવી પડશે. પ્રકૃતિના લયને સમતોલ રાખવા માટે પણ આ જરુરી છે.'

સત્યવચન !

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં જુદાજુદા મુદ્દાઓના આધારે પશુઓ, તેમની દેખરેખ, માવજત, તેમના પર મનુષ્યો દ્વારા આચરાતા અત્યાચારો વિશે મુક્ત ચર્ચા કરવી. આ ચર્ચા દરમ્યાન વિદ્યાર્થીઓના હૃદયમાં પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતા જગાડવાનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રયત્ન કરવો. શાકાહારી લોકો અને માંસાહારી લોકોની જેમ જ વીગન લોકોના આહારની સ્પષ્ટ સમજ આપવી. 'લવિન આર્મ્સ' નામની સંસ્થાની સ્થાપના તેમજ સંસ્થા ચલાવવાના નીતિનિયમોની સામાન્ય માહિતી આપવી. આપણા રાજ્યમાં અને દેશમાં આવેલા અભયારણ્યો વિશે પ્રશ્નોત્તર કરી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં ઉમેરો કરવો. પશુ ચિકિત્સાલય વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવી. જીવમૈત્રી કેળવવા માટે પ્રોત્સાહિત કરવા.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) સમાચાર (૨) સંભાળ (૩) આહ્‌વાન (૪) મુકામ
(૫) લીલામી (૬) ઉજ્જડ (૭) કુદરત (૮) ઈશારો

**સ. ૨. પાછળ 'સર' લગાવીને પાંચ શબ્દ બનાવો : દા.ત. : કાયદેસર**

**સ. ૩. રૂઢિપ્રયોગ અને તેના અર્થની યોગ્ય જોડી બનાવો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) પહોંચી વળવું | (અ) ફરજિયાત કોઈના સંબંધમાં આવવું |
| (૨) હરાજી થવી | (આ) ભાન થવું |
| (૩) રચ્યુંપચ્યું રહેવું | (ઇ) મુસીબતનો સામનો કરી પાર ઉતરવું |
| (૪) પનારો પડવો | (ઈ) મશગુલ રહેવું |
| (૫) આંખ ખૂલવી | (ઉ) પૈસાની ઊંચી બોલી દ્વારા વેચવું |

સ. ૪. **શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) લાંબા સમયથી વપરાયા વિનાનું પડી રહેલું –
(૨) જે સહ્યું ન જાય તે –
(૩) જ્યાં પ્રાણીઓ નિર્ભયતાથી રહી શકે તે સ્થાન –
(૪) ધણી કે માલિક વિનાનું –
(૫) માંસાહાર અને દૂધમાંથી બનતાં દહીં, છાશ, ઘી વગેરે પણ ન ખાનાર લોકો –

સ. ૫. **પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો. તેના ગુજરાતી અર્થ ડીક્ષનરીમાંથી શોધો.**

સ. ૬. **ઓળખીને લખો :**

(૧) પ્રાણીઓની વેદના જોઈ દ્રવી ઊઠનાર –
(૨) 'લવિન આર્મ્સ'માં પ્રાણીઓને અપાતો –
(૩) અભયારણ્યનું વહીવટી કામકાજ સંભાળી લેનાર –
(૪) શાલીનને વીગન બનવાની પ્રેરણા આપનાર –
(૫) પ્રાણીઓની શારીરિક તપાસ માટે સમયાંતરે આવનાર –

સ. ૭. **યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય ફરીથી લખો :**

(૧) પ્રાણીઓ વેદનાથી બરાડા પાડતાં હતાં, કારણ કે _______________
(અ) તેમને ધક્કા મારવામાં આવતા હતાં
(આ) તેમને માર મારવામાં આવતો હતો
(ઇ) તેમની પૂંછડી આમળવામાં આવતી હતી

(૨) યુવાન શાલીન શાહ ખાનપાનમાં પાકા _______________ હતાં.
(અ) માંસાહારી
(આ) શાકાહારી
(ઇ) વીગન

(૩) ત્રણ ઘોડાને બચાવ્યા પછી શાલીનના મનમાં એક જ વિચાર ઘુમરાયા કરતો હતો કે કાશ, ___________
(અ) વધારે સગવડ અને વધારે જગ્યા હોત
(આ) બીજા પ્રાણીઓને પણ હું બચાવી શક્ત
(ઇ) મને સસ્તી જમીન મળી જાત

(૪) શાલીને 'લવિન આર્મ્સ' સંસ્થાની સ્થાપના કરી જ્યારે _______________
(અ) તેની પાસે જરૂરી નાણાંની સગવડ થઈ
(આ) ઘરની નજીકમાં જ જમીન મળી ગઈ
(ઇ) પ્રાણીઓની સંભાળ માટે માણસોની સગવડ થઈ

(૫) શાલીને ફક્ત શાકાહારી પ્રાણીઓ માટે જ અભયારણ્ય શરૂ કર્યું, કારણ કે _______________
(અ) માંસાહારી પ્રાણીઓ માટે માંસાહારી વસ્તુ લાવવી પડે
(આ) તેઓ ચુસ્ત શાકાહારી અને વીગન હતાં
(ઇ) માંસાહાર લાવીને તેઓ પાપમાં પડવા માંગતા ન હોતા

સ. ૮. **(અ) વિચારીને લખો :**

(૧) ખરીદાયેલા જાનવરો ધકેલાવાના હતાં
(૨) શાલીન શાહ રહે છે
(૩) પશુઓના ચિત્કારો હતાં
(૪) શાલીન શાહ દસ વર્ષની ઉંમરે શીફ્ટ થયા
(૫) શાલીનને મળેલી જમીનનો વિસ્તાર
(૬) 'લવિન આર્મ્સ' સંસ્થાની સ્થાપના થઈ

(બ) સૂચના અનુસાર સમજીને લખો :


(૧) અભયારણ્ય ચલાવવા મજબૂત નેટવર્ક વિકસાવવું પડે

(૨) શાલીન શાહે સમાપન કરતાં કહેલા શબ્દો


(૩) અઠવાડિયા દરમિયાનની શાલીન શાહની પ્રવૃત્તિઓ

સ. ૯. આકૃતિ પૂર્ણ કરો :


(૧)





(૨)




(૩)




(૪)




સ. ૧૦. આહારની દષ્ટિએ વીગન લોકો વિશે માહિતી મેળવીને તમારા શબ્દમાં લખો.

**સંભાષણ** ★ માંદા પશુઓની માવજત કેવી રીતે કરી શકાય તે બાબત વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'પશુ સંરક્ષણ અને સંવર્ધન' વિશે ઇન્ટરનેટની મદદથી માહિતી મેળવીને સચિત્ર પ્રોજેક્ટ તૈયાર કરો.

**ઉપક્રમ** ★ અભયારણ્ય પ્રત્યે આકર્ષણ થાય તે માટે યોજાયેલા અને યોજી શકાય તેવા કાર્યક્રમોની નોંધ બનાવો.

## ભાષિક સમજ

★ **નીચેના નામ માટે પાઠમાં આવતા વિશેષણ લખો :**

(૧) ___ઈરાદો (૨) ___અભયારણ્ય (૩) ___અમેરિકનો (૪) ___કહાની

(૫) ___એકર (૬) ___પ્રાણીઓ (૭) ___નામ (૮) ___વીગન

★ **સંધિ છોડો :**

(૧) શાકાહાર (૨) પ્રત્યક્ષ (૩) અત્યાચાર

(૪) જગદીશ (૫) પરોપકાર (૬) નિર્ભય

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### મારા અનાથ મિત્રો

અંધાધૂંધ વૃક્ષોની કટાઈથી વનનાં અનેક પશુ, પંખીઓનું જીવન ખેદાનમેદાન થઈ જતું હોય છે. મારે તેવાં કાંઈક રખડી પડેલાં અને અનાથોને આશરો આપવાનો થતો. તે સૌ મારી સાથે એક તંબુમાં રહેતાં. એક સમય એવો હતો કે જ્યારે મારા તંબુમાં ઘણી બધી ગરદી થઈ ગઈ હતી, કારણ કે ત્યારે મારી સાથે બે બચ્ચાં પેટ્રીજ પક્ષીનાં, એક કાળું અને એક રાખોડી રંગનું, ચાર મોરનાં બચ્ચાં, સસલાનાં સાવ નાનાં બે બચ્ચાં અને માંડ પોતાના પગ પર ઊભાં રહી શકે તેવાં ચાર શિંગડાવાળાં હરણનાં બચ્ચાં રહેતાં હતાં. તેમાં વળી એક અજગર જેનું નામ મેં રેક્સ પાડ્યું તે જાતે જ આવીને રહેવા લાગ્યો હતો. એક વાર રાતે તંબુમાં હું મોડેથી આવ્યો અને હરણના એક બચ્ચાને દૂધ પાતો હતો ત્યાં મેં ફાનસના પ્રકાશમાં જોયું કે તે બચ્ચાની ઘાસની પથારીમાં રેક્સ ગોઠવાઈ ગયો હતો. મેં તરત જ મારા તંબુના સાથીઓની ગણતરી કરી તો તેમાંનું કોઈ ગાયબ થયું નહોતું. તેથી રેક્સે પોતે જે જગ્યા પસંદ કરી હતી તે મેં તેને રહેવા માટે આપી. રેક્સ બે મહિના સુધી અમારી સાથે રહ્યો. રોજ બપોરે તે ગરમી મેળવવા માટે બહાર તડકામાં જઈને બેસે અને રાત્રે પોતાની જગ્યા પર આવીને સૂઈ જાય. પરંતુ તે આખા સમયગાળા દરમિયાન તંબુમાં રહેતા તેના એક પણ સાથીને-બચ્ચાને તેણે લગીરે ઈજા પહોંચાડી નહોતી.

આ નિરાધાર અને અનાથ મિત્રો-જેઓ મારા તંબુમાં ઊછરી રહ્યા હતા તેઓ જેમ જેમ પગભર થઈ જતા અને પોતાનું જીવન આપમેળે ચલાવવાને શક્તિમાન થતાં કે તરત તેમને જંગલમાં પાછા મોકલી દેવાતા. જોકે તેમાંના એક હરણે મારી સાથે જ રહેવાનું પસંદ કર્યું !

– જિમ કોર્બેટ

પ્રાણીઓ પ્રત્યે દયા રાખો.

8FA9KH

# ૧૩. ચાલ મન

## વિપિન પરીખ

૨૬ ઑક્ટોબર, ૧૯૩૦ના રોજ વલસાડના ચીખલી ગામે તેમનો જન્મ થયો હતો. બી.કૉમ.ના અભ્યાસ બાદ તેઓ મુંબઈમાં વેપાર કરતાં હતાં, 'આશંકા', 'તલાશ', 'મારી, તમારી, આપણી વાત' સમગ્ર કવિતામાં તેમના અછાંદસ કાવ્યોનો સમાવેશ થયો છે. તેમનાં કાવ્યોમાં કટાક્ષ અને કરૂણાનો સુભગ સમન્વય; નગરજીવનનાં દોડધામ, ભીડ, પ્રદૂષણ, નિર્મમતા, યાંત્રિકતાનું મર્મલક્ષી ચિત્રણ ઉપસી આવે છે. સરળ પ્રાકૃતિક જીવન તથા માનવ માનવ વચ્ચેના સંબંધમાં પ્રેમ અને આત્મીયતાની કવિની ઝંખના વ્યક્ત થાય છે. ૧૬ ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ આપણા મનની સ્વાર્થી અને લાલચી વૃત્તિની વાત કરી છે. કુદરતે છૂટા હાથે વેરેલા કુદરતી તત્ત્વોને આપણે આપણા લાભ માટે નુકસાન પહોંચાડવામાં કોઈ કસર બાકી રાખતા નથી. તેથી કવિની ઇચ્છા એવા પ્રદેશમાં જવાની છે જ્યાં માણસની લોભી વૃત્તિની અસર કોઈપણ કુદરતી તત્ત્વો ઉપર ન થાય. દા.ત. વૃક્ષો છાંયો આપવા આપણી સાથે કોઈ શરત ન કરે, કોયલને ટહુકા કરવા આપણી પાસે કોઈ માંગણી ન કરવી પડે.

પ્રકૃતિની અસર માનવ ઉપર થતી જ હોય છે તે પ્રમાણે માનવની બદલાયેલી વૃત્તિ ઉપર કટાક્ષ કરતાં કવિ કહે છે કે, વધારે પૈસાની લાલચે નદી પણ પોતાનું બધું પાણી સામા કિનારે ઠાલવી નાંખે એટલે કે પૈસા માટે માનવ દુશ્મનને સાથ આપતાં પણ અચકાતો નથી. તેની સાથે હાથ મિલાવે છે. માટે 'હે મારા મન ! જ્યાં સૂરજને તડકો આપવા માટે આપણે લાંચ આપવાનો વારો ન આવે તેવા લાલચમુક્ત મનના પ્રદેશમાં મને લઈ જા.' એટલે કે મારા મનમાં રહેલા પ્રલોભનને તિલાંજલિ આપી તેને વણલોભી અને કપટરહિત બનાવી દે.

વૃક્ષ કદાચ એમ પણ કહે –
'મને પહેલાં ચા-પાણી પાઓ
પછી જ છાંયો આપું.'

કોયલ કદાચ આગ્રહ રાખે –
'કોઈ સરસ જગ્યા જોઈ મને ફ્લૅટ બંધાવી આપો
પછી જ ટહુકો મૂકું.'

થોડાક પૈસા વધુ મળે તો
નદી પોતાનું બધું જ પાણી
સામે કાંઠે ઠાલવી નાખે તો નવાઈ નહીં.
ચાલ મન ! એવા દેશમાં જઈએ
જયાં સૂરજને તડકા માટે લાંચ ન આપવી પડે !

## અધ્યાપન સંકેત

પ્રસ્તુત કવિતાનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં કાવ્યનું આરોહ-અવરોહ સાથે પઠન કરવું. કાવ્યમાં આપેલા ઉદાહરણોને ધ્યાનમાં રાખીને નાના-નાના પ્રસંગો કે ઉદાહરણો આપવા. લઘુપ્રશ્નો પૂછીને કાવ્યના વાચ્યાર્થને સ્પષ્ટ કરવો. તેના ગૂઢાર્થને સરળ ભાષામાં સમજાવી વર્તમાન પરિસ્થિતિ સાથે ગાડરિયા પ્રવાહમાં તણાવા કરતાં તેમને નિ:સ્વાર્થી, નિર્લોભી, નિષ્પક્ષ, નિષ્કામ અને નિષ્કપટ બનવા માટે પૂરતી પ્રેરણા આપવી. મૂલ્ય શિક્ષણનો પાયો દઢ કરાવવો. કુદરતી તત્ત્વો આપણા ઉપર જે કૃપાવૃષ્ટિ કરે છે તેના વિવિધ ઉદાહરણો આપવા. દા.ત.ચંદ્ર આપણને શીતળતા આપે છે.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં આપેલા શબ્દો શોધો :**

(૧) ધન (૨) સરિતા (૩) વારિ (૪) કિનારો
(૫) આશ્ચર્ય (૬) રવિ (૭) ઝાડ (૮) સ્થળ

**સ. ૨. ઓછામાં ઓછા ૮ જોડ શબ્દો લખો : દા.ત.: ચા-પાણી**

**સ. ૩. ઉદાહરણ પ્રમાણે લખો : દા.ત. : કોયલ - ટહુકે**

(૧) મોર (૨) ગાય (૩) ભેંસ (૪) ઊંટ
(૫) હાથી (૬) ઘોડો (૭) કૂતરો (૮) સિંહ

**સ. ૪. ઊલટા અર્થ દર્શાવતો શબ્દ ચોરસમાંથી શોધીને તેની ફરતે ગોળ કરો.**

(૧) આગ્રહ (૨) સરસ
(૩) થોડા (૪) દેશ
(૫) તડકો (૬) પહેલાં

| | | | | |
|---|---|---|---|---|
| અ | છી | પ | વિ | બ |
| વ | ના | ક્ષ | દે | રા |
| જ્ઞ | ધા | ગ્ર | શ | ખ |
| યો | છાં | રે | હ | ત્ર |

**સ. ૫. વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે નીચેના શબ્દોને ગોઠવો :**

(૧) છાંયો (૨) ટહુકો (૩) પૈસા (૪) નદી (૫) દેશ
(૬) વૃક્ષ (૭) સૂરજ (૮) લાંચ (૯) નવાઈ (૧૦) મન

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) સૂરજને આપવાની જરૂર ન પડે.

(અ) તડકો (આ) લાંચ (ઇ) પ્રકાશ

(૨) નદી પોતાનું બધું પાણી ઠાલવી નાંખે.

(અ) સામે કાંઠે (આ) દરિયામાં (ઇ) ખાડીમાં

(૩) કોયલ આગ્રહ રાખે.

(અ) ટહુકો કરવાનો (આ) ઈંડા સેવવાનો (ઇ) ફ્લેટ બાંધવાનો

(૪) વૃક્ષને પીવડાવવા પડે.

(અ) ચા-પાણી (આ) દૂધ-છાશ (ઇ) ઠંડા પીણા

**સ. ૭. કાવ્યમાં આપેલા ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) સૂરજ (૨) કોયલ (૩) વૃક્ષ (૪) નદી

**સ. ૮. અર્થ દર્શાવતી પંક્તિ શોધીને લખો :**

(૧) છાંયો આપતા પહેલાં વૃક્ષોને ચાપાણી પીવડાવવા પડે.

(૨) તડકા માટે સૂરજને લાંચ આપવી પડે.

(૩) કોયલના ટહુકા સાંભળવા તેને ફ્લેટ બંધાવી આપવો પડે.

**સ. ૯. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) છાંયો મેળવવા માટે | (અ) પૃથ્વીને પ્રદૂષણ મુક્ત કરવી પડે |
| (૨) નદીનું પાણી જાળવી રાખવા | (આ) વૃક્ષ ઉગાડવા પડે |
| (૩) કોયલના ટહુકા સાંભળવા | (ઇ) તેના કિનારાની સુરક્ષા કરવી પડે |
| (૪) સૂરજનો તડકો મેળવવા | (ઈ) પક્ષીના અભયારણ્યો વિકસાવવા પડે |

**સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.**

**સંભાષણ ★** 'વૃક્ષ બોલે છે' વિષય ઉપર વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ ★** કોઈપણ એક વિષય ઉપર ઇન્ટરનેટની મદદથી માહિતી મેળવીને સુંદર પ્રોજેક્ટ બનાવો : 'નર્મદા યોજના' અથવા 'ગંગાનું શુદ્ધિકરણ'.

**ઉપક્રમ ★** તમારા વિસ્તારમાં આવેલા કોઈપણ અભયારણ્યની મુલાકાત લો. અભયારણ્ય ન આવેલા હોય તો પ્રાણીબાગની મુલાકાત લઈ ત્યાંના પ્રાણીઓની વિશેષતા જાણો.

## ભાષિક સમજ

★ **નામ અને વિશેષણને જુદા પાડીને લખો :**

(૧) સરસ જગ્યા (૨) વધુ પૈસા (૩) બધું પાણી

(૪) ઘટાદાર વૃક્ષ (૫) મોળી ચા (૬) પ્રખર તડકો

★ **કાળ ઓળખો :**

(૧) વૃક્ષ છાંયો આપે છે. (૨) સૂર્યાસ્તનું દૃશ્ય અદ્‌ભુત હતું.

(૩) કોયલના ટહુકા સંભળાશે. (૪) નદીનું પાણી સ્વચ્છ હતું.

★ **વચન બદલો :**

(૧) વૃક્ષ (૨) નદીઓ (૩) દેશ (૪) પૈસા (૫) ફ્લેટ

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### થાય છે

જમીન પર પથરાયેલી
વૃક્ષની ઠંડી લીલી છાયાને
ભેગી કરી લઈ લઉં...
બારીના કાચ પર ઘડીભર જંપેલા
તેજભર્યા સૂરજને
હળવેથી ઊંચકી લઉં
ને
અગાશી ભરીને લેટેલા
હૂંફાળા તડકાની મેંદીને
ગુપચુપ ભરી લઉં હથેળીમાં
અને પછી
ગુલબાસની ફોરમને
પગલે પગલે ભીતર પ્રવેશી
પૂછી આવું ખબરઅંતર મૂળિયાના
અને
સોંપી દઉં સૌને
થોડી થોડી છાયા, થોડો થોડો તડકો
થોડો થોડો સૂરજ

– જયા મહેતા

8FJ5HA

મનની ચંચળતાને સ્થિરતા આપવી એ જ સાચું જ્ઞાન.

# ૧૪. હું આવી કેમ ?

**શરીફા વીજળીવાળા**

૪ ઑગસ્ટ, ૧૯૬૨ના રોજ ભાવનગર જિલ્લાના અમરગઢમાં તેમનો જન્મ થયો હતો. એમ.એ.; પીએચ.ડી. થઈને તેઓ સુરતની એમ.ટી.બી. આર્ટસ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત રહ્યા છે. 'ત્રણ કથાઓ', 'અનુ-સંગ', 'મન્ટોની કેટલીક વાર્તાઓ', 'ઈંતિઝાર હુસૈનની વાર્તાઓ', 'વિભાજનની વાર્તાઓ', 'નવલવિશ્વ', 'ટૂંકી વાર્તાઓ', 'બકુલેશની વાર્તાઓ' વગેરે તેમના પ્રકાશિત પુસ્તકો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમને વિવિધ પારિતોષિકોથી નવાજવામાં આવ્યા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત આત્મકથનાત્મક કૃતિમાં લેખિકાએ પોતાના બાળપણની યાદો તેમજ વ્યક્તિત્વની ખાસિયતો વ્યક્ત કરી છે. આર્થિક સ્થિતિ સંબંધી સંઘર્ષ કરતા હોવા છતાં લેખિકાના માતાપિતાએ પોતાના સંતાનોને કોઈપણ બાબતનો અભાવ વર્તાવા દીધો નહોતો. તેથી તેમનામાં સંતોષની ભાવના પૂરેપૂરી વિકસી હતી. સંઘર્ષમય બાળપણને લીધે સમજદારી વહેલી ખીલી ગઈ હતી. ખુમારી અને આત્મવિશ્વાસનો વિકાસ ખૂબ સારી રીતે થયો હતો. સત્ય, પ્રામાણિકતા, વિનય જેવા નૈતિક મૂલ્યો તેમની રગેરગમાં વણાઈ ચૂક્યાં હતાં, આખી દુનિયા સામે એકલા હાથે પહોંચી વળવાની તેમનામાં તાકાત હતી.

વાર્તા અને વાંચનનો શોખ, ઉત્તમ યાદશક્તિ, શ્રેષ્ઠ શૈલી, સમૃદ્ધ શબ્દ ભંડોળ અને છટાદાર અભિવ્યક્તિને કારણે લોકસાહિત્ય તેમની જીભના ટેરવે રમતું થઈ ગયું હતું.

દરેક ધર્મને સરખું સન્માન આપીને માણસાઈના ધર્મને જ પોતીકો ગણતા લેખિકા આસ્તિક વૃત્તિ ધરાવતા હતાં. પોતાના ઝળાંહળાં આંતરસત્ત્વનો યશ પુસ્તકોને આપે છે. તો સફળ થવાનો યશ મા-બાપ, શાળા અને શિક્ષકોને આપે છે.

ટી.વી., મોબાઈલ અને કમ્પ્યુટરની માયાજાળમાં અટવાઈ ગયેલા આજના વિદ્યાર્થીઓના બાળપણ માટે લેખિકાને રંજ છે કારણ કે તેમને પોતાના હર્યાભર્યા હૂંફાળા બાળપણની યોગ્ય કદર છે.

મને કાયમ મારી જાત માટે થોડાંક પ્રશ્નો થાય – ગામ આખાયને આંટો વાઢે તોય વેંત્ય વધે એવડી લાંબી જીભ હોવા છતાંય હું કેમ ઝઘડી ના શકું ? ઝઘડાની આશંકાથી પણ મારા ટાંટિયા કેમ ધ્રુજવા માંડે ? ઝઘડવાની તાકાત ઘણી, દલીલો પણ બહુ આવડે તે છતાં બોલવા જાઉં તે પહેલાં દગાખોર આંખો સાથ કેમ છોડી દે ? દુનિયાને એકલા હાથે ભરી પીવાની હિંમત છતાંય હું ઝઘડાથી આટલી કાયર કેમ ? અડાબીડ વગડા વચાળે, કાળાડિબાંગ અંધારામાં મોટી થઈ હોવા છતાં ભૂતની કલ્પનાથી પણ હું કેમ કાંપું ? કદી ત્રાગા કરી ના શકું અને કોઈનાય ત્રાગા વેઠી ના

શકું એવું કેમ ? લાખ કોશિશ કરું તોય ખોટું ના બોલી શકું. ખોટું ના કરી શકું એવું કેમ ? મને સોંપાયેલા કોઈ પણ કામમાં કદી વેઠ કેમ ના ઉતારી શકું ? મૂલ્યો બાબતે કદી બાંધછોડ કેમ ના કરી શકું ? દિવસ-રાત વાંચવાનો મને કંટાળો કેમ ના આવે ? બધાય ધર્મોનું વાંચ્યા પછી માણસાઈ સિવાયનો કોઈ ધર્મ મને મારો કેમ ન લાગે ? જાતિ, ધર્મ કે વ્યવસાયને કારણે મને કોઈ કદી પણ ઊંચ કે નીચ કેમ નથી લાગ્યું ? આવા કેટલાય 'કેમ' ના જવાબો મને મારા બાળપણમાંથી મળે છે.

સૌરાષ્ટ્રના ખોબા જેવડા ગામડામાં અભણ મા-બાપને ત્યાં મારો જન્મ. બહુ કાઠા કાળમાં જન્મેલી એટલે ભીંત્યું હાર્યે માથા પછાડીએ તો જ મારગ થાય એવું બાળપણ વીત્યું. મા અને દાદીએ હાથે ચણેલા ગારાના ઘર પર માથું અડી જાય એટલાં ઊંચા પતરાં છાયેલાં. અમે ગામ બારા આવળ, બાવળ, બોરડીને ઇંગોરિયાનાં જાળાં વચાળે અફાટ વગડામાં સાવ એકલાં રહેતાં હતાં. અમારા ઘરે લાઈટ તો અમે બધાએ ભણી લીધું ઇ પછી આવી છેક ૧૯૮૩માં. અમે તો બધાએ ફાનસના અજવાળે જ વાંચ્યું છે. મોસમે મોસમની ચીજોની ફેરી કરતા મારા બાપુજી બોર, બરફ, કેળાંને બદલે છાપાનાં ધંધામાં ઠરીઠામ થયાને ગામેગામના પાણી પીધા પછી ભાવનગર જિલ્લાના જિથરી (ટી.બી.હૉસ્પિટલ) ગામે સ્થિર થયા પછી મારો જન્મ. ચીનના યુદ્ધના પડછાયામાં જન્મેલી એટલે મા કાયમ કહેતા, 'તું આવી ને કાળા કોપની મોંઘવારી લઈ આવી.' પછી તો મોંઘવારી એટલી વધતી ગઈ કે ગમે એટલાં ટુંટિયાં વાળવા છતાંયે ચાદર ટૂંકી જ પડતી.

એ કાઠા કાળમાં ડોક ઊંચી રાખીને ટકી રહેવા ઝાંવા નાખવાં પડતાં. ટંક ચૂક્યા નો'તા પણ ચૂકી જવાની ધાસ્તી તો કેટલીયે વાર અનુભવી હતી. જે ઉંમરે છોકરાં નિશાળેથી આવીને માને ચૂપચાપ બેઠેલી જોઈને સમજી જાય કે 'નક્કી કશુંક હશે' ત્યારે અમે સમજી જતાં કે મા ચૂપચાપ બેઠી છે તે 'નક્કી આજે કંઈ જ નહીં હોય.' ને કંઈ પણ બોલ્યા વગર થેલાં મૂકી અમે રમવા દોડી જતાં. ડહાપણની દાઢ અમારે ભાઈબેનોને જરાક વેલી જ ઊગી ગયેલી. ખબર હતી કે ઉપરવાળાએ એવાં મા-બાપ દીધાં છે કે હોય તો માગ્યા વગર મળે જ. ને ખરેખર આ દિવસોએ એવી ખુદ્દારી શીખવી કે ખુદા પાસેય કદી કશુંય નથી માગ્યું. એક પાક્કો ભરોસો કે ભાગ્યમાં હોય તે આપમેળે મળે એમાં માંગવાનું ન હોય. એવા કાઠા કાળમાં અલ્લાઉદ્દીનના ચિરાગની જેમ દશેરાના દિવસે જલેબી ચખાડતા મા-બાપે દિવાળીની રાતે અર્ધો ખોબો ફટાકડા પણ કાયમ અપાવેલાં. ગામ આખાનાં કપડાં સીવતી મા અર્ધી રાતે રેશનિંગના એક જ તાકામાંથી અમારા બધાયના કપડાં પણ સીવી દેતી. પતંગ ટાણે બાપુ જ ભાઈઓને દોરી પાઈ દેતા ને ઉનાળે બધાને ભાગે કેરીની બે-ત્રણ ચીરીય આવતી. કોઈ અભાવ મા-બાપે ઊંડો નો' તો ઊતરવા દીધેલો. કીડીને કણ અને હાથીને મણ આપનારા હજાર હાથવાળા પર એટલે જ અમનેય મા-બાપ જેટલો જ ભારોભાર વિશ્વાસ. ગમે તેવા કપરા સંજોગો છતાં અમે કોઈ નાસ્તિક ન થયા એમાં બાળપણના અનુભવો જવાબદાર.

મારા બાપુજીને છાપાંનો ધંધો. છાપાંના બિલ ન ભરાયા હોય અને છાપાં બંધ થયાં હોય ત્યારેય ઘરાકને તો છાપું જોઇએ જ. બાપુ મને ભળકડે ઉઠાડી દસ-પંદર ગાઉ આઘા શિહોર ગામે છાપાં લેવા મોકલતાં. ચોથા-પાંચમા ધોરણમાં ભણતી હું રોજ દસ-પંદર ગાઉ આઘેથી ૫૦-૭૫ છાપાં લઈ આવતી. જે વાહન મળે એમાં જવાનું આવવાનું. હિસાબ પાક્કો રાખવાનો. કોઈના બાપથીય ના બીવું એ મને આ સવારની સફરે જ શીખવાડયું હશે ને ? બાજુના સોનગઢ ગામે જૈનોના મેળાવડા થાય, ડોંગરેજી મહારાજની સપ્તાહ બેસે ત્યારે હજારોની સંખ્યામાં માણસ ભેળાં થાય. એ દિવસોમાં છાપાંની ૫૦-૬૦ના બદલે ૧૦૦૦-૧૨૦૦ નકલ ખપે. એક હાથમાં છાપાં ઊંચકી, બીજા હાથે છાપું ઊંચું પકડી, મોટા સાદે લહેકા કરી છાપાં વેચતા અમે બાપુને જોઈ જોઈને શીખી ગયેલાં. આમેય આખા ગામની બાયુંને બોળચોથ, નાગપાંચમ, શીતળા સાતમની વાર્તાયું કહેવાનો મારો એકહથ્થું ઇજારો સાવ નાનેથી



જ. આજે કદાચ આટલા માણસ વચ્ચે જે ખુમારી અને આત્મવિશ્વાસથી બોલી શકું છું એના બીજ નાનપણમાં વવાયેલાં. પાસે બેસાડી લાડ કરવાનો કે વાર્તા સંભળાવી સુવાડવાનો વખત તો એ કાઠા કાળમાં દીવો લઈને ગોતો તોય જડે એમ ન હતો. પણ અભરાઈ ઊટકતાં, ગારિયા ખૂંદતાં, ગાર્યું કે દયણા કરતાં, ભીંત્યુંને થાપ દેતાં કે ત્રાટા ભીડતા બાએ મબલખ વાર્તાયું કીધી છે. ઉખાણાં અને કહેવતો, ભડલી વાક્યો અને પંચીકડાનો ભંડાર મારા બાળપણની બહુ મોટી મૂડી છે.

આપણા સમાજમાં ઉંમરના ધોરણે નહીં પણ આર્થિક ધોરણે જ વ્યવહાર ચાલતો હોવાને કારણે આખું ગામ મારા બાપુજીને ‘તું’ કહીને જ બોલાવતું. અમારા મનમાં ચચરાટ તો બહુ થાય, લમણાં ફાટી જાય પણ કરીએ શું ? મનોમન ગાંઠ વળતી જાય. કંઈક એવા બનવું, એટલા આગળ વધવું કે આ ‘તું’ કહેનારા મારાં મા-બાપને ‘તમે’ કહેતાં થાય. મનમાં એક બીજી ગાંઠ પણ વળી ગઈ કે જિંદગીમાં કદીએ મારાથી મોટી ઉંમરની વ્યક્તિને તુંકારે નહીં બોલાવું. હોદ્દો કે પૈસા નહીં પણ ઉંમર મહત્ત્વની છે એ મને મારા બાળપણે સમજાવેલું. એટલે જ મને યાદ નથી કે મેં કદી મારા કામવાળા બહેન કે કોલેજના પટાવાળાને ‘તું’ કહીને બોલાવ્યાં હોય. અમે રોજ સવારે મન થાય ઈ દશે ડબલું ઉલાળતા હાલ્યા જતાં અને વળતા એમને તલબાવળના તાજા તેલ જેવા દાતણ ચાવતાં ચાવતાં હાલ્યા આવતાં હાથ ઉલાળતા. એમાં એક દિવસ મોટોભાઈ (બારેક વર્ષનો હતો, હું આઠની) કોઈ ડાક્ટરના ઘરની પછવાડે પડેલું દાંતે ઘસવાનું રંગીન બ્રશ લઈ આવ્યો. પેલ્લીવાર બ્રશ હાથમાં પકડેલું એટલે અમારો હરખ ઝાલ્યો ઝલાય નહીં. બાપુના કાને અમારો કલબલાટ પહોંચ્યો એટલે કારણ જાણવા પાસે આવ્યા. જેવું બ્રશ જોયું કે મગજ છટક્યું. ‘ક્યાંથી લાવ્યો ? કોને પૂછીને લાવ્યો ?’ ગભરાઈ ગયેલ ભાઈએ ‘ત્રિવેદીસાહેબના ઘર પછવાડેથી’ એટલું માંડ માંડ કહ્યું. ‘હમણાં ને હમણાં જ્યાંથી લીધું ત્યાં જ પાછું નાખી આવ્ય...’ ભાઈ બારો ઘા કરવા તૈયાર. બાનો પણ ટેકો પણ બાપુ ધરાર નો માન્યા. સાઇકલ કાઢી અને સાથે ગયા... જ્યાંથી લીધું હતું ત્યાં ઘા કર્યો બ્રશનો પછી વળતા બાપુ ભાઈને સાઇકલ પર બેસાડીને ઘરે લઇ આવ્યા. જિંદગીમાં ગમે તેટલાં અભાવ હોય અને દુનિયા ગમે એટલી

રંગીન હોય તોય કોઇની ચીજને કદી હાથ ન લગાડાય એ અમે બધા એ દા'ડે શીખી ગયા. કાયમ ઊંચા માથે લડી શકાય, બોલી શકાય એ માટે સાચું બોલવું ને સાચું કરવું એ મા-બાપે બાળપણમાં ડગલે ને પગલે શીખવાડ્યું.

ગામડામાં મોટા થવાને કારણે ધર્મ બધાનાં ઉંબરાની અંદર જ રહેતો. નવરાત્રિ, હોળી, દિવાળી કે ખીહર અમને કદી પારકા નો'તા લાગ્યા. ગણેશચોથના દા'ડે આખું ઘર ખાય એટલા લાડવા પડોશમાંથી આવતા અને ઇદના દા'ડે એ બધા ઘરની ગણતરી સાથે જ તપેલું ચૂલે ચડતું. ગુરુકુળમાં ભણવાને કારણે મેં અને ભાઈએ સત્યાગ્રહ કરી આખા ઘરને શુદ્ધ શાકાહારી બનાવ્યું. કોઈને પણ ત્યાં કથા હોય કે ભજન, રાંદલનો ઘોડો ખૂંદવાનો હોય કે લગનના ગીત... અમારી અને નાનીબેન વગર કોઇનો પાટલો ન ખસતો. હું નરી માણસ બની તે આવા બાળપણને કારણે. આવા મા-બાપ અને આવી નિશાળને કારણે. આમ હું ભારે હિંમતવાળી. દુનિયાને એકલા હાથે ભરી પીવાની વાતું કરવાવાળી. પણ જ્યાં ઝઘડાની વાત આવે કે પાણીમાં બેસી જાઉં. કાગળ પર લડી શકું પણ આમને સામને નહીં. જ્યાં ઝઘડો મંડાય ત્યાં દગાખોર આંખો સાથ છોડી દે. હાથ-પગ માંડે ધ્રૂજવા. અને કહેવાની વાત મનમાં જ રહી જાય. આમ તો તરત જ ભડકો થઈ જાય એવો સ્વભાવ એટલે ઝઘડા ન થાય એવું તો બને જ નહીં. પણ બોલી ના શકું. નીતરતી આંખનો જવાબ શોધવા મથામણ કરું તો જવાબ છેક બાળપણમાંથી મળે છે અને એ જવાબ સાથે સંકળાયેલ છે એક અદ્‌ભુત 'ક્યારેક્ટર'. ગામની નિશાળમાં ચાર ધોરણ ભણ્યા પછી પાંચમાંથી બે ગાઉ આઘા સોનગઢ ગામે જવું પડતું. ચોથા ધોરણ સુધી તો ઉઘાડા પગ ને ગમે તેવા ફ્રોક ચાલી ગયા પણ પાંચમા ધોરણથી સફેદ બુસકોટ અને ભૂરું સ્કર્ટ ફરજિયાત બન્યા. ઉઘાડા પગ સામે નિશાળને વાંધો નો'તો એટલો પાડ માનવો પડે. મારા વાંભ એક લાંબા બોથડ મોવાળા છ મહિનામાં ધોળા બૂસકોટની પીઠ ખાઇ જતા. જાન્યુ-ફેબ્રુ. આવતા સુધીમાં થીંગડાની બે-ત્રણ નકલ પણ ખવાઈ જતી ને યુનિફોર્મ વગર જવા માટે લગભગ રોજ વર્ગની બહાર ઊભા રહેવું પડતું. અમારા ગામના ડાક્ટરની દીકરી મનિષા મારાથી બે વર્ષ આગળ ભણે. આ ખેલ એ રોજ જોતી હશે. એક દિવસ એના મમ્મીએ મને ઘરે બોલાવી રાજી થઈ જવાય એવો યુનિફોર્મ આપ્યો. આપણા રામ તો બીજા દા'ડે ભારે ઉત્સાહથી એ યુનિફોર્મ ચડાવીને નિશાળે ગયા પણ મને જોતાની સાથે જ બધી છોકરીઓ કાબરની જેમ 'હેય માંગેલા કાપડાં પહેર્યા... માંગેલા કાપડાં પહેર્યા...' કહેતી રીતસરની મારા પર તૂટી જ પડી. હંમેશા બધાને ભરી પીનારી હું સાવ હેબતાઈ ગઈ. આંખ નીતારવા સિવાયની કોઈ પ્રતિક્રિયા આપવાની સમજ ના પડી. ઘરે જઈ યુનિફોર્મનો મા પર સીધો ઘા કરી ભીષ્મપ્રતિજ્ઞા જાહેર કરી : જિંદગીમાં હવે કદી કોઈનું ઉતરેલું નંઈ પેરું...' મા થોડી વાર મારી સામે તાકી રહી પછી સપાટ અવાજે બોલી : 'રોજેરોજ બારા ઊભા રે'વું એના કરતાં એક બે દિ' હાંભળી લેવામાં નાના બાપની થઈ જવાની ? બે દિ' બોલીને બધા ભૂલી જાશે. આપણે ક્યાં તાલેવંતના સોકરા સીએ તે વાતે વાતે વાંકું પાડવાનું પોહાય ? જે મળ્યું એ ખુદાએ દીધું એમ માનીને પે'રી લેવાનું...' ખબર નંઈ માના એ સપાટ અવાજમાં કેવી તો લાચારી હતી... પણ પછીથી મેં એ સ્કર્ટ પટ્ટો ઉતારીને છેક ૧૦મા ધોરણ સુધી પેરેલું... દુનિયાના બોલવાથી ડગી જવું કે ડરી જવું એકેય ન પોસાય એ મને આ અનુભવે શીખવાડ્યું... સાથે સાથે ફી કે કપડાંની જરુરિયાતવાળા વિદ્યાર્થીને મારી આંખ આજે ગમે ત્યાંથી શોધી કાઢે છે એનું કારણ પણ આ અનુભવ. હું જ્યારે પણ કોઈ વિદ્યાર્થીની ફી ભરું કે પુસ્તક લઈ આપું ત્યારે નાનાપણમાં માથે ચડાવેલું ઋણ ફેડતી હોઉં એવું જ લાગે છે કાયમ.

કેવા તો અદ્‌ભુત દિવસો હતા બાળપણના ! ચોરના માથાની જેમ રખડવા સાથે, મોસમે મોસમની બદલાતી રમતો રમવા ઉપરાંત ઢગલો એક વાંચવાનું પણ ખરું... 'બાવલાના પરાક્રમો', 'બત્રીસ પૂતળીની વાર્તાઓ', જૂલે વર્નના મૂળશંકરદાદાના અનુવાદો, ગીજુભાઈની વાર્તાઓ પાછળ હું ઘેલી હતી. આ બધું નિશાળમાંથી મળી રહેતું.

વળી ઘરે બાપુને છાપાનો ધંધો એટલે 'ફૂલવાડી', 'ઝગમગ', 'બાલસંદેશ', 'રમકડું', 'ચાંદામામા' એ બધું પણ વાંચવા મળી રહેતું. દિવસે લીમડાને છાંયે કે થોરની વાડચ પાછળ ખાટલો ઢાળીને વાંચ્યે રાખતી તો રાતે ફાનસના બાદશાહી અજવાળે વંચાતું રહેતું. આમેય હું રસનું ઘોયું ને યાદશક્તિ જરાક સારી તે વાંચેલી વાર્તાઓ નિશાળમાં કહેતી થઈ. બે ધોરણના ટાબરિયાંવને ભેળાં કરી વાર્તાઓ કહેવાતી. હું હાથ વીંઝતી, મલાવી મલાવીને એયને ટેસથી ઝીંક્યે રાખતી. આમેય ગામની બાયુંને શ્રાવણ મહિનાની વાર્તાઓ કહેવાની મને ટેવ. વળી લાંબા સાદે છાપાંય વેચતી. ઘર્યે મા-દાદી પાસેય જાતભાતની વાર્તાયું સાંભળેલી. એટલે વગર અટક્યે કલાક-દોઢ કલાક ખેંચી કાઢતી. આમેય સત્યનારાયણની કથા, ઓખાહરણ કે ભવાયાના વેશ... હું આમાંનું કાંય ના છોડતી... મોડી રાત સુધી ભવાયા રમે તો મારી જેવા પાંચ-સાત રસના ઘોયા માંડવા હેઠળ જ સૂઈ જતા. સવારે ઊઠીને ઘરભેળા થતા પણ મા-બાપને પાક્કો વિશ્વાસ હતો કે આ બીજે ક્યાંય નંઈ જાય અને ના કહીશું તોય ભવાયા જોવા તો જાવાની જ. પણ આ બધાને કારણે કોઈ જાતના આયાસ વગર બોલવાની ફાવટ આવી જતી હતી. શબ્દભંડોળ અને ભાષાની અભિવ્યક્તિ સમૃદ્ધ થતા જતાં હતાં, લોકસાહિત્ય જીભના ટેરવે રમતું થઈ ગયું હતું... એ તો છેક હવે સમજાય છે.

જરાક સારા વરસાદમાં ઘરની કાચી દીવાલો શ્વાસ ઊંચો કરી દેતી. ઘર પર પતરાં હતાં એટલે ત્રમઝટ વરસતો મે' નગારા પર આડેધડ પડતી દાંડી જેવો લાગતો. એટલે જ હવે મને તો વરસાદ સાવ મૂંગો લાગે છે ! એકાદી દીવાલ નમે ત્યારે મજૂર, ઈંટ વગેરે સપનામાંય નો'તા આવતાં. ત્રિકમથી પથરા ખોદે, અમે તગારામાં લાવીએ અને બા ગારા સાથે માંડતા જાય બે દાડામાં ભીંત પાછી હોય એવી થઈ જાય. ભલે ખાવાના ફાંફાં હતા ને કમાવા માટે બધાએ કંઈ ને કંઈ કરવું પડતું પણ સૌથી હૂંફાળા, પ્રેમાળ દિવસો બાળપણે જ આપ્યાં. પરસ્પર પ્રત્યેનો ઊભરાતો પ્રેમ, એકમેક માટે જતું કરવાની ભાવના, મુશ્કેલી સામે છાતી કાઢીને ઊભા રહેવાની ટેવ બાળપણે જ આપી. અમે એક વાત જાણતા હતા કે અમારા બાપદાદા વારસામાં સિવાય સંઘર્ષ બીજું કંઇ આપી નો'તા ગયાં. મા વારેવારે કહેતી : 'આપણે ક્યાં તાલેવંતના છોકરાં છીએ તે બાપદાદાની મિલકતું વાટ જોતી હોય. તમારે અમારી જેમ તૂટી ના મરવું હોય તો ભણો... ભણશો તો જ દા'ડા વળશે. નઇતર તમેય કરજો અમારી જેમ ઢસરડા...' માના રોજના આવાં વેણ અને બાપુનાં સપનાંની લંગારે અમને ભણવા બાજુ વધુ ગંભીર કર્યા. ભણવા ઉપરાંત છાપાંના ધંધાને કારણે રમતગમત, રાજકારણ , ફિલ્મ, સાહિત્ય... એ બધાંય ક્ષેત્રમાં મને સરખો રસ. ઘરમાં સામસામી દલીલો ચાલે એમાં બાપુ પણ ભાગીદાર... દરેકને પોતીકો મત વ્યક્ત કરવાની પૂરી સ્વતંત્રતા.

નિશાળમાંથી જાતભાતની નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લેવા બહાર મોકલતા. નિબંધો જાતે લખતી થઈ. નાનપણમાં શિક્ષકો પણ એવાં મળ્યાં કે જેમણે ગણિત, ભાષા અને ઇતિહાસ-ભૂગોળને સરખું મહત્ત્વ આપતા શીખવ્યું. મૌલિક વિચારને જાતે અભિવ્યક્ત કરતા ચોથા-પાચંમાના શિક્ષકોએ શીખવાડ્યું. જાતે લખેલા જવાબો વર્ગ વચ્ચે વંચાવતા શિક્ષકોએ મૌલિક લખાણની સાથે શુદ્ધ ઉચ્ચારણની પણ અનાયાસે જ તાલીમ આપી. શિક્ષકો કદી પણ મશીનની જેમ 'બે પાઠ લખી આવો' કે 'પાંચ વાર લખો' એવું ન કહેતા. રોજેરોજ જવાબો તપાસતા ને જાહેરમાં ખભો પણ થાબડતા. પૈસા કે ધર્મ આધારિત કોઈ ભેદભાવ મેં નિશાળમાં નો'તો અનુભવ્યો. મંત્રોચ્ચાર કે હોમહવનમાં મારી પણ સરખી જ ભાગીદારી રહેતી. શ્રેષ્ઠ વિદ્યાર્થીની પસંદગીમાં પણ કોઈ પક્ષપાત કે પૂર્વગ્રહનો અનુભવ નો'તો થયો. આ નિશાળે મને કહેવાતા ધર્મથી દૂર રાખી માત્ર માણસ બનાવી. મા-બાપ, શિક્ષકો ઉપરાંત વાંચને મને ધરમૂળથી બદલી. પોતાની રીતે વિચારવાની, પૃથક્કરણ કરવાની ટેવ પડી, રજૂઆતની તાકાતને વાંચને ધાર કાઢી આપી, તર્ક અકાટ્ય થતા ચાલ્યા. ખોબા જેવડા ગામડામાં જીવતા મારા જેવા જીવને પુસ્તકોએ બૃહદ્ જાળ સાથે જોડી આપ્યો. મારા આંતરસત્ત્વને પુસ્તકોએ ઝળાંહળાં કર્યુ. ગમે તેટલું જાણો, વાંચો તોય ઓછું જ

પડવાનું કારણ કે જ્ઞાનને કોઇ સીમા નથી હોતી એ પણ મને પુસ્તકોએ જ શીખવ્યું. ગીતા, રામાયણ, મહાભારત કે બાઈબલ મને કુરાન જેટલાં જ મારાં લાગ્યાં. મને કોઈ ધર્મના માણસ બનવામાં કદી રસ ના પડ્યો માત્ર માણસ બનવામાં જ રસ પડ્યો એની પાછળ મારા મા-બાપ, મારી નિશાળ, મારા શિક્ષકો જેટલો જ ફાળો પુસ્તકોનો પણ ખરો જ. નાનાપણમાં શીખેલું કદી અફળ નથી જતું. બાળપણમાં ઉત્તમ વાવો તો આવતીકાલ ઉજળી જ ઉગે એ વાતનો સૌથી મોટો પુરાવો અમે ભાઈબહેન છીએ. ટી.વી., મોબાઈલ અને કમ્પ્યૂટરની માયાજાળમાં અટવાઈ ગયેલા આજના બાળપણને જોઉં છું ત્યારે મને મારા બાળપણનું મહત્ત્વ સમજાય છે. ભલા ભગવાન, સારું થયું તે અમને અફાટ વગડા વચાળ આવું ભર્યું ભર્યું હૂંફાળું બાળપણ દીધું... એટલે જ આજે હું આવી છું. આવું બાળપણ બધાને મળે.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં ગાંધીજીની 'સત્યના પ્રયોગો' આત્મકથા વિશે ચોક્કસ વાત કરવી. પાઠના શીર્ષકનો મર્મ સ્પષ્ટ કરવો. કૃતિમાં આવતા તળપદાં શબ્દોની યાદીનો એક ચાર્ટ બનાવી વિદ્યાર્થીઓની નજર સામે રાખવો. અધ્યાપનની સાથે સાથે તે તળપદા શબ્દોના પ્રમાણભાષાના શબ્દો વિદ્યાર્થીઓ પાસેથી જ કઢાવવા, જરૂર પડે ત્યાં પોતે પણ આપવા. તે શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરીને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો.

પાઠમાં આવતા રૂઢિપ્રયોગોની યાદી બાળકો પાસે કાળા પાટિયાં ઉપર કરાવવી.

લેખિકાના મનમાં ઊઠતા પોતાના બાળપણ અંગેના પ્રશ્નો બાબત પ્રશ્નોત્તર કરવા. બાળપણના મહત્ત્વ વિશે વિસ્તૃત ચર્ચા કરવી. પોતાના માતાપિતા, શાળા અને શિક્ષકોની કદર કરવા બાળકોને પ્રેરણા આપવી. વાંચન પ્રત્યે અભિરુચિ વધારવા પ્રત્યક્ષ તેમજ પરોક્ષ પ્રયત્ન પણ કરવા.

લેખિકાનું વ્યક્તિચિત્ર ઉપસી આવે તે માટે મુદ્દાસર ચર્ચા કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે પાઠમાં આપેલા શબ્દ શોધો :**

(૧) બીક (૨) ગ્રાહક (૩) ઠેકો (૪) મકરસંક્રાંતિ
(૫) નસીબદાર (૬) આંગણું (૭) ભાષાંતર (૮) વિશ્લેષણ

**સ. ૨.** **નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) વેઠ ઉતારવી | (અ) હિંમત હારી જવી |
| (૨) બાંધછોડ કરવી | (આ) સ્થિર થવું |
| (૩) ઝાવાં નાંખવાં | (ઇ) જેવું તેવું કામ કરવું |
| (૪) પાણીમાં બેસી જવું | (ઈ) ખૂબ મહેનત કરવી |
| (૫) ઠરીઠામ થવું | (ઉ) સમાધાન કરવું |

**સ. ૩. 'પાકું' ના રૂપના દરેક શબ્દનો અર્થ કૌંસમાંના શબ્દનો ઉપયોગ કરીને લખો :**

**દા.ત.** પાકો રસ્તો (ડામર) **જવાબ :** ડામરનો રસ્તો

(પૂર્ણ, સાચું, કાયદેસર, તૈયાર, પરિપક્વ, કાયમી, પહોંચેલો, ચોખ્ખો, દઢ, ઘણો)

| | | | |
|---|---|---|---|
| (૧) પાકું ફળ | - ______________ | (૨) પાકો કંજૂસ | - ______________ |
| (૩) પાકો છોકરો | - ______________ | (૪) પાકું સીધું | - ______________ |
| (૫) પાકો ભરોસો | - ______________ | (૬) પાકું જ્ઞાન | - ______________ |
| (૭) પાકો રંગ | - ______________ | (૮) પાકું લખાણ | - ______________ |
| (૯) પાકું પાન | - ______________ | (૧૦) પાકો હિસાબ | - ______________ |

**સ. ૪. (અ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(ઢસરડો, પૂર્વગ્રહ, મેળાવડો, ત્રિકમ, નકલ)

(૧) ઘણા માણસોનો એકઠો થયેલો સમૂહ અથવા જલસો કે ઈનામ વિતરણ વગેરેનો સમારંભ - ______________

(૨) કોઈપણ ક્રિયાનું અનુકરણ - મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ - ______________

(૩) એક છેડે અણી અને બીજા છેડે પાનાવાળું ખોદવાનું હથિયાર - ______________

(૪) દિલ વિના સતત કામ કર્યા કરવાની સ્થિતિ - ______________

(૫) અગાઉથી બાંધવામાં આવેલો મત કે અભિપ્રાય જે પછી છૂટતો નથી - ______________

**(બ) એક શબ્દ લખો :**

(૧) ફાડ્યા વિનાનું લાંબું એકસરખું કાપડ - ______________________

(૨) કેરી, ચીકુ, સફરજનની નાની-પાતળી-ઊભી ફાડ - ______________________

(૩) દેશવિદેશના ખબર આપતું પત્ર - ______________________

(૪) જે ભણેલું ન હોય તે - ______________________

(૫) સાત દિવસ ચાલતી ભાગવતની કથા - ______________________

**સ. ૫. અર્થ બદલ્યા વગર નીચેનાં વાક્યોનું હકારાત્મક કે નકારાત્મક વાક્યમાં રૂપાંતર કરો :**

(૧) દાદા અંધારામાં ભૂતની વાતો કરતાં.

(૨) દાદા માંસાહારી ભોજન કરતાં નહિ.

(૩) ભાઈ -બહેન તાજા દાતણથી દાંત સાફ કરતાં.

(૪) દરેકને માબાપ પર વિશ્વાસ હોય.

(૫) મોંઘવારી કોઈનેય પોસાય નહિ.

(૬) મોગરાના અસલી ફૂલમાંથી સુગંધ આવે.

**સ. ૬. સમજીને લખો :**

(૧) મોસમે મોસમે ફળની ફેરી કરનાર - ____________________

(૨) ભળકડે પંદર ગાઉ દૂર છાપાં લેવા જનાર - ____________________

(૩) ત્રિવેદી સાહેબના ઘરના પછવાડેથી બ્રશ લઈ આવનાર -____________________

(૪) જૈનોના મેળાવડા થતા તે ગામ - ____________________

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય ફરીથી લખો :**

(૧) લેખિકાના મનમાં ઉદ્‌ભવતા 'કેમ'ના જવાબો ____________________

(અ) તેમને ચોપડીમાંથી મળે છે (આ) તેમને જીવનમાંથી મળે છે (ઇ) તેમના બાળપણમાંથી મળે છે

(૨) તેમનો જન્મ ____________________

(અ) કપરા દિવસોમાં થયો હતો (આ) ચીનના યુદ્ધ સમયે થયો હતો (ઇ) ભાવનગર જિલ્લામાં થયો હતો

(૩) ભાઈ-બહેનમાં ખુદ્દારી હોવાથી ____________________

(અ) કોઈની પાસે ક્યારેય કાંઈ માગતા નહિ (આ) જે મળે તે ખાઈ લેતા

(ઇ) ભાગ્યમાં વિશ્વાસ રાખતાં હતાં

(૪) માબાપે દીકરા-દીકરીને ____________________

(અ) સારું ખાવાનું અને કપડાં આપ્યાં હતાં (આ) સાચું બોલવાનું કહ્યું હતું

(ઇ) સારા સંસ્કાર આપ્યા હતાં

**સ. ૮. (અ) પાઠના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો :**

(૧) લાખ _________ કરું તોય ખોટું ના બોલી શકું.

(૨) ઉખાણાં અને કહેવતો, ભડલી વાક્યો અને પંચીકડાનો ભંડાર મારા _______ બહુ મોટી મૂડી છે.

(૩) નવરાત્રિ, હોળી, દિવાળી કે ____________ અમને કદી પારકા નો'તા લાગ્યા.

(૪) __________ પર લડી શકું પણ આમને સામને નહિ.

(૫) ઘરે જઈ યુનિફોર્મનો મા પર સીધો ઘા કરી __________ જાહેર કરી.

**(બ) કહો જોઈએ.**

(૧) ગામના ડાક્ટરની દીકરીનું નામ - ______________________

(૪) બાપુ ભાઈને બ્રશ મૂકવા લઈ ગયા તે વાહન - ______________________

(૨) સપ્તાહના દિવસોમાં છાપાંની નકલ ખપતી - ______________________

(૫) ટી.બી. હૉસ્પિટલ આવેલી છે તે ગામ - ______________________

(૩) લેખિકા અને તેમના મોટાભાઈ વચ્ચે ઉંમરનો તફાવત - ______________________

(૬) લેખિકા છાપાં લેવા આ ગામે જતાં - ______________________

**સ. ૯. નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) મને કોઈ ધર્મના માણસ બનવામાં કદી રસ ના પડ્યો.

(૨) કેવા તો અદ્‌ભુત દિવસો હતા બાળપણના !

(૩) ડહાપણની દાઢ અમારે ભાઈબેનોને જરાક વેલી જ ઊગી ગયેલી.

(૪) પાંચમા ધોરણથી સફેદ બુસકોટ અને ભૂરું સ્કર્ટ ફરજિયાત બન્યાં.

(૫) મંત્રોચ્ચાર કે હોમહવનમાં મારી પણ સરખી જ ભાગીદારી રહેતી.

**સ. ૧૦. 'કીડીને કણ અને હાથીને મણ' કહેવતને તમારા શબ્દમાં સમજાવો.**

**સંભાષણ ★** વિદ્યાર્થીઓના જૂથ બનાવીને આપેલા તહેવારો વિશે સમૂહમાં ચર્ચા કરો : જન્માષ્ટમી, શીતળાસાતમ, ગણેશચતુર્થી.

**પ્રકલ્પ ★** પાઠમાં આવેલા તળપદા શબ્દોની યાદી બનાવો. તેની સામે તે શબ્દના પ્રમાણભાષાના શબ્દો લખો : આ યાદીમાં તમારા ઘરમાં બોલાતા ઓછામાં ઓછાં પાંચ તળપદા શબ્દનો ઉમેરો કરી તેની માટેના પ્રમાણભાષાના શબ્દ પણ લખો.

**ઉપક્રમ ★** લેખિકાને પોતાના બાળપણમાંથી 'કેમ'ના જવાબો મળે છે. તે પ્રશ્નો જેવા તમને ક્યા ક્યા પ્રશ્નો સતાવે છે તેની યાદી કરો. ઓછામાં ઓછા પાંચ પ્રશ્નો લખો.

## ભાષિક સમજ

★ **નીચેના વાક્યોનું બહુવચન કરો :**

(૧) મને ઝઘડો કરવો ગમતો નહિ.
(૨) વાંચ્યા પછી છાપું મેજ પર પડી રહેતું.
(૩) મારો ભાઈ ભણવામાં કાચો હતો.
(૪) અમારો દિવસ સારો ગયો.

★ **'પણ' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવી અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા.ત. : ડાહ્યું - ડહાપણ    વાક્ય : વિદ્વાન માણસો ડહાપણના ભંડાર સમા હોય છે.

(૧) ભોળું (૨) ઘરડું (૩) શાણું (૪) નાનું

★ **નીચેના બે વાક્યોને 'પછી' શબ્દથી જોડો.**

દા.ત. : હું ખાઉં છું. હું હાથ-મોઢું ધોઉં છું. (પછી) જવાબ : હું ખાધા પછી હાથ-મોઢું ધોઉં છું.

(૧) ભાઈ રમીને આવે છે. ભાઈ અભ્યાસ કરે છે.
(૨) અમે ભણી લીધું. ગામમાં લાઇટ આવી.
(૩) બાપુજીએ કોઈનું બ્રશ જોયું. બાપુજીનું મગજ છટક્યું.
(૪) બા તાકો લાવતી. અમારા માટે કપડાં સીવતી.

## નોંધ

★ ભડલી વાક્ય : દૂદડ નામના પ્રાચીન જ્યોતિષીની ભડલી નામની પુત્રીએ રચેલા આગાહીવાળા દોહરા. (વરસાદ કેવો થશે કે વર્ષ કેવું જશે તે અંગે આગાહી.)

★ વાંભ : શરીરના મોરાને સમાંતર બેઉ બાજુ હાથ સીધા લંબાતાં બંને બાજુની મધ્યમાં ટચલી આંગળીના છેડા સુધી લંબાતાં બંને બાજુની મધ્યમાં ટચલી આંગળીના છેડા સુધીની લંબાઈનો આકાર.

★ તલબાવળ : કડછા સ્વાદનો ઊતરતી કોટીનો બાવળ.

★ રસનું ધોયું : રસ ધરાવતું. ધોયું એટલે હઠીલું, મમતીલું, મમતાવાળું.

★ ચચરાટ : બળતરા કે દાઝ જેવો અનુભવ.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### માની શીખ

અમે દાદીમાને મા કહેતા. તેમને વારંવાર યાદ કરવાનું બન્યા કરે છે. ત્યારે આકરી લાગતી છતાં ઉપયોગી શીખ અનેક વાર સાંભરી આવે છે. તે જે કહેતાં હતાં તે છેલ્લાં ચાલીસ-પચાસ વર્ષથી જોતી આવું છું કે તેવું ને તેવું પ્રસ્તુત રહ્યું છે. અને વ્યવહારુ પણ.

કિશોરાવસ્થામાં માને મોંએ જેનો વારંવાર ઉલ્લેખ થતો તે : 'કોઈને ચામ વહાલું નથી, કામ વહાલું છે. આગળ પડીને કામ કરી દઈશ, તો સૌ કોઈ બોલાવશે. જ્યાં જઈએ ત્યાં 'લાવો, હું કરું.' કહીએ, જેથી સામાને વહાલાં લાગીએ.' હકીકત છે કે ઘરમાં કે બહાર, નોકરીમાં કે સામાજિક કાર્યમાં 'ચામ વહાલું નથી, કામ વહાલું છે.' તે જોતી આવી છું.

કૉલેજના પહેલા વર્ષે, પહેલા વર્ગમાં બીજે નંબરે આવી ત્યારે મારાથી સહજપણે ઘરમાં હર્ષ પ્રદર્શિત થઈ ગયેલો. ત્યારે માએ મને ઠપકારી હતી : 'એમાં આટલું ફુલાવાનું શું ? ભણીએ એટલે સારી રીતે પાસ તો થવું જ જોઈએ ને ? એમાં શું ધાડ મારી હોય તેમ ક્યારની ફરે છે તે !'

– ઇલા પાઠક

શિક્ષકમિત્રો,

અનુક્રમણિકામાં પિરિયડોની ફાળવણી આપેલી છે તે માત્ર માર્ગદર્શન માટે છે. પાઠ કે કવિતાની લંબાઈ પ્રમાણે તેમાં ફેરફાર કરવા કે ઓછા-વધારે કરવા માટે પૂર્ણ સ્વાતંત્ર્ય છે.

બાળપણ – જીવનનો ઉત્તમોત્તમ સમય.

8FT1NX

# છંદ

## ★ ભૂમિકા :

કવિતાનું વાંચન ઓછું કરતાં હોવાથી તેમાં યોજાતા 'છંદ'ના મેળનો આપણને અનુભવ હોતો નથી. પરિણામે કવિતાની રચનાના શબ્દોનો આનંદ આપણે માણી શકતા નથી.

દા.ત.
- ઓ ઈશ્વર તુજ નામ મોટું છે ભજિયે તને. ગદ્યની જેમ વાંચી શકાય. પરંતુ
- ઓ ઈશ્વર, ભજિયે તને મોટું છે તુજ નામ. કાવ્યપંક્તિની જેમ ગાઈ શકાય છે.

નોંધ : બંનેમાં શબ્દો સરખા હોવા છતાં તેની રચનામાં ફરક છે.

**યાદ રાખો :** લયમાં ગાઈ શકાય તેવી શબ્દોની રચનાને 'છંદ' કહે છે.

**છંદના પ્રકાર**

- **માત્રામેળ છંદ** – માત્રાની સંખ્યા પર આધારિત
- **અક્ષરમેળ છંદ** – અક્ષરોની સંખ્યા પર આધારિત

## ★ છંદના અભ્યાસ માટે મુખ્ય પાંચ બાબતો શીખવી અનિવાર્ય છે.

(૧) લઘુગુરુ (૨) માત્રા (૩) ચરણ (૪) યતિ (૫) ગણ

### (૧) લઘુગુરુ :

વ્યાકરણની ભાષામાં હ્રસ્વ અક્ષરને 'લઘુ' અને દીર્ઘ અક્ષરને 'ગુરુ' કહેવાય છે.

- હ્રસ્વ – અ, ઈ, ઉ, ઋ
- દીર્ઘ – આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

- કોમલ અનુસ્વાર હોય ત્યારે લઘુ આવે. દા.ત. કુંવર, સુંવાળું.
- તીવ્ર અનુસ્વાર હોય ત્યારે ગુરુ આવે. દા.ત. બિંદુ, સુંદર.
- જોડાક્ષરમાં થડકો ન લાગે ત્યારે લઘુ આવે. દા.ત. અદ્ધર, જિલ્લો
- જોડાક્ષરમાં થડકો લાગે ત્યારે ગુરુ આવે. દા.ત. કન્યાદાન, રમ્ય
- વિસર્ગ આવે ત્યારે પણ ગુરુ આવે. દા.ત. દુઃખ, અધઃપતન
- છેલ્લો અક્ષર લઘુ હોય તોપણ ગુરુ ગણાય.

### (૨) માત્રા :

'લઘુ'ની '૧' માત્રા આવે. 'ગુરુ'ની '૨' માત્રા ગણાય.

- હ્રસ્વ સ્વર : અક્ષર – લઘુ અક્ષર – માત્રા ૧
- દા.ત. કુસુમ = માત્રા ૩ હ્રસ્વ – ગિ રિ ધ ર = માત્રા ૪
- દીર્ઘ સ્વર – ગુરુ અક્ષર – માત્રા ૨
- દા.ત. વંદના = માત્રા ૫ દીર્ઘ – લી લો = માત્રા ૪
- કોમળ અનુસ્વાર = કુંવર = માત્રા ૩
- જોડાક્ષર થડકો = સું દ ર = માત્રા ૪
- જોડાક્ષરમાં થડકો – કન્યા દા ન = માત્રા ૬
- જોડાક્ષરમાં થડકો નહિ – જિલ્લો = માત્રા ૨
- વિસર્ગ = અંત : કરણ = માત્રા ૭

**(૩) ચરણ :** દરેક પંક્તિને ‘ચરણ’ અથવા ‘પદ’ કહેવાય.

**(૪) યતિ :** યતિ એટલે વિરામ, ચરણમાં જયાં અટકવાનું આવે તેને ‘યતિ’ કહેવાય.

**(૫) ગણ :** અક્ષરમેળ છંદ શીખતી વખતે તમે શીખશો. માત્રામેળ છંદમાં તેની જરૂર નથી.

### સ્વઅધ્યયન કરો.

★ માત્રા મૂકી તેનો સરવાળો કરો : દા.ત. ભા નુ મ તિ = માત્રા ૬

(૧) હવન (૨) દેવકી (૩) સુનંદા (૪) નવોઢા (૫) કુંવર

★ તમારા ૧૦ મિત્રોના નામ લખી ઉપર માત્રા કરો.

### (૧) ચોપાઈ છંદ :

- ચાર ચરણ હોય.
- માત્રા – દરેક ચરણની માત્રા ૧૫ હોય.
- યતિ – ૮મી અને ૧૫મી માત્રા પછી.

★ યાદ રાખો :

દરેક ચરણનું માપ સરખું.

૧૪મી માત્રા ગુરુ – ૧૫મી માત્રા લઘુ

૧ ૨

દા.ત : ભા ત. ચરણને અંતે પ્રાસ.

ઉદા. :

૧ ૧ ૨ ૨ |૨ ૧ ૧| ૧ ૧ |૨ ૧<br>
દ રિ યા થી|ડું ગ ર| પ ર |જા ય

૨ ૨ |૨ |૨ ૧ ૧ ૨ |૨ ૧<br>
કે ડી|ત્યાં|ના ન ક ડી|થા ય

૧ ૨ ૧ ૨| ૨ |૨ ૨ |૨ ૧<br>
ત રુ વ રો| ત્યાં |ઢો ળે |છાં ય

૨ |૨ ૨ |૨ ૧ | ૧ ૨ ૨ ૧<br>
ને |ઠં ડો |વા યુ | લ હે રા ય

### (૨) દોહરો છંદ :

- બે ચરણ, પણ તેના ચાર ખંડ.
- માત્રા – દરેક ચરણની માત્રા ૨૪ હોય.
- યતિ – ૧૩મી અને ૨૪મી માત્રા પછી.

★ યાદ રાખો :

પહેલા અને ત્રીજા ખંડની માત્રા – ૧૩

બીજા અને ચોથા ખંડની માત્રા – ૧૧

પહેલો = ત્રીજો ખંડ

બીજો = ચોથો ખંડ

- દરેક ખંડની ૧૧મી માત્રા લઘુ જ આવે.
- બીજા – ચોથા ખંડમાં છેલ્લા બે અક્ષર ગુરુ-લઘુ આવે.
  ચરણને અંતે પ્રાસ.

ઉદાહરણ :

લી લો|પ ણ|પો પ ટ | ન હીં,|કા ળો|પ ણ|ન હિ|કા ગ<br>
૨ ૨ |૧ ૧ |૨ ૧ ૧ | ૨ ૧ |૨ ૨ |૧ ૧ |૧ ૧ |૨ ૧

પાં ખો|પ ણ |પં ખી|ન હીં,|ઊ ડે | ન હિ|પ ણ |ના ગ<br>
૨ ૨ |૧ ૧ |૨ ૨ |૧ ૨ |૧ ૨ | ૧ ૨ |૧ ૧ |૨ ૧

## સ્વાધ્યાય

**સ. ૧. માત્રા લખી સરવાળો કરો.**

(૧) આકાશે તારાની ભાત<br>
(૨) સહાય પણ તેવી મળે<br>
(૩) તેવી બુદ્ધિ થાય.<br>
(૪) વાડામાંથી પાડું એક

**સ. ૨. છંદ ઓળખી પ્રકાર લખો :**

(૧) વાદળની ચાદર ઓઢીને,<br>
સૂરજ જ્યારે પોઢી જાય;<br>
ભટુરિયાં શા તારલિયા લૈ,<br>
ચંદા આભે રમવા જાય.

(૨) મુખ સમ કો મંગલ નહીં,<br>
મૃત્યુ સમી નહીં હાણ;<br>
જગ સમ કો જંગલ નહીં,<br>
સત્ય સમી નહિ વાણ.

# ૧૫. વાદળજી વાયડાઈ મેલો


નેહા પુરોહિત


૬ ઑગસ્ટ, ૧૯૭૩ના રોજ અમરેલી જિલ્લાના ચલાળા ગામે તેમનો જન્મ અને ઉછેર જૂનાગઢમાં થયો. છેલ્લાં ૨૨ વર્ષથી તેઓ ભાવનગરમાં સ્થાયી થયાં છે. બી.એસ.સી.નો અભ્યાસ કર્યો હોવા છતાં તેઓ સાહિત્યના સર્જન ક્ષેત્રે સક્રિય છે. ૨૦૧૪ની સાલમાં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પરપોટાની જાત' પ્રકાશિત થયો. કાવ્ય ઉપરાંત તેઓ વાર્તા અને બાળસાહિત્યનું સર્જન પણ કરે છે. આકાશવાણી, દૂરદર્શન તથા જાહેર કાર્યક્રમોમાં અવારનવાર કાવ્યપઠન કરે છે. તેમણે વિવિધ સ્પર્ધાઓમાં પારિતોષિકો મેળવ્યા છે. સ્થાનિક ચેનલમાં તેમની બાળવાર્તાઓ સમયાંતરે પ્રસારિત થાય છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કવિતામાં કવયિત્રી વાદળોને વરસવાની વિનંતી પોતાની આગવી શૈલીમાં કરે છે. સૂરજ પોતાની પૂરી તાકાતથી અગ્નિવર્ષા કરી રહ્યો છે. ચારેબાજુ સૂરજના કોપાયમાન થવાની ચર્ચા થાય છે. ધરતીમાતા સૂકાઈને ઉઝરડાઈ ગઈ છે. પવન પણ એટલો બધો દાઝેલો છે કે તેનામાં ધરતીને ઠંડક આપવાની શક્તિ બચી નથી.

કવયિત્રી મોરને મલ્હાર રાગને બદલે કેદાર રાગથી ટહુકવાની વિનંતી કરતાં કહે છે કે, 'તું એવા સૂર છેડ કે જેથી વરસાદ અનરાધાર વરસીને સહુ કોઈને શાતા આપે.' તે જ રીતે વાદળને વરસી જઈને ધરતીના લીલી ચૂંદડી ઓઢવાના કોડ પૂરા કરવા કહે છે. કારણ કે ધરતી માતા સોળે શણગાર સજવા માટે આતુર છે.

અંતમાં કવયિત્રી સાગરના શિષ્ય સમા વાદળને વિના વિલંબે વરસી જવાની વિનંતી કરે છે.

હવે વાદળજી વાયડાઈ મેલો,
ધરતીની સાથ વીજ-વારિનો ખેલકુંભ પૂરી તાકાત લઈ ખેલો.
હવે વાદળજી વાયડાઈ મેલો.

સૂરજનું માનસિક સંતુલન ખોરવાયું એવું કંઈ આભે ચર્ચાય છે !
પાગલના કોપથી નમણી રુપાળી મા ધરતી ઉઝરડાતી જાય છે.
વાયરો શું ઠારે ધરાને, જ્યાં રોમરોમ તાપથી એ ય દાઝેલો.
હવે વાદળજી વાયડાઈ મેલો !

રુડાં એંધાણ છે આભમાં ગાભ સોળ આનીનો અહિથી વરતાય,
મોરલાને વીનવું કે મેલી મલ્હાર, સૂર કેદારી આજે થૈ જાય !

એવી તે તાન છેડ સાંબેલાધારે એય વરસી પડવાને થાય ઘેલો !
હવે વાદળજી વાયડાઈ મેલો !

ઝૂકી વાદળજી, કે ચૂમો ધરાને એને લીલવણી ચૂંદડીના કોડ,
સોળે શણગાર સજી લેવા આતુર એણે હાથવગો રાખ્યો છે મોડ !
આવી નઠારાઈ શોભે જ્યાં કહેવાતું મેઘ તો છે સાગરનો ચેલો !
હવે વાદળજી વાયડાઈ મેલો !

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓ પાસે તેમને આવડતા કોઈપણ વર્ષાગીતનું સામૂહિક ગાન કરાવવું. અતિવૃષ્ટિ (લીલો દુકાળ) અને અનાવૃષ્ટિ (સૂકો દુકાળ) વિશે વિસ્તૃત ચર્ચા કરવી. ચર્ચા માટેના મુદ્દા કા.પા.ઉપર લખવા. પશુ, પંખી, લોકો, ખેડૂતોને સૂકા દુકાળથી કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેનું વિસ્તૃત વિવરણ કરવું. અસહ્ય ગરમી, પાણી-પાણીના પોકાર, ભૂખમરા જેવી પરિસ્થિતિનું વર્ણ કરવું. આવી પરિસ્થિતિમાં મેઘરાજને વિનવવા માટે થતાં હોમ-હવન, પ્રાર્થના, ભજન વગેરેની પણ ચર્ચા કરવી. અહીં કવયિત્રીએ વાદળને પોતાની વાયડાઈ છોડીને વરસી જવાની વિનંતી કરી છે તેની સમજ પ્રશ્નોત્તર દ્વારા આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં આપેલા શબ્દ શોધો :**

(૧) દામિની (૨) ગુસ્સો (૩) વિદ્યાર્થી (૪) સમતોલ
(૫) પાણી (૬) પવન (૭) ઇચ્છા (૮) નિશાની

**સ. ૨. રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં ઉપયોગ કરવો.**

(૧) હાથવગું રાખવું (૨) વાયડાઈ મેલવી (૩) માનસિક સંતુલન ખોરવાવું (૪) રોમ રોમ દાઝવું

**સ. ૩. શબ્દભેદ ઓળખીને અર્થભેદ સ્પષ્ટ કરો :** દા.ત. સૂર - કંઠ સુર - દેવ

(૧) વધૂ - ________ વધુ - ________ (૨) ગૂણ - ________ ગુણ - ________
(૩) પાણી - ________ પાણિ - ________ (૪) ચીર - ________ ચિર - ________

**સ. ૪. કાવ્યમાંથી 'વ'થી શરૂ થતાં બારાખડીના બધાં શબ્દો શોધો અને તે વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો.**

**સ. ૫. જેમ સોળ શણગાર તેમ નીચેના માટેનો શબ્દ કૌંસને આધારે લખો :**

(૧) સાત _________ (વસિષ્ટ, વિશ્વામિત્ર વગેરે) (૨) નવ _________ (અંબા, બહુચર વગેરે)
(૩) ચૌદ _________ (નીલમ, માણેક, પન્ના વગેરે) (૪) બાર _________ (મેષ, મકર, મીન વગેરે)
(૫) પાંચ _________ (તાંબુ, કાંસુ, વગેરે)

સ. ૬. **સમજીને લખો :**

(૧) **ધરતી સાથે ખેલકુંભ રમવા આવનાર**

(૨) **કાવ્યમાં ઉલ્લેખાયેલા રાગ**

સ. ૭. **(અ) કાવ્યને આધારે યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
| --- | --- |
| (૧) નમણી રૂપાળી | (અ) મેઘ |
| (૨) સાંબેલાધાર | (આ) એંધાણ |
| (૩) રુડાં | (ઇ) વરસાદ |
| (૪) સાગરનો ચેલો | (ઈ) ધરતી |
| (૫) હાથવગો | (ઉ) મોડ |

**(બ) યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :**

(૧) ધરતીની સાથ વીજ-વારિનો __________________ પૂરી તાકાત લઈ ખેલો.

(૨) રુડાં __________________ છે આભમાં ગાભ સોળ આનીનો અહિથી વરતાય

(૩) એવી તે તાન છેડ __________________ એય વરસી પડવાને થાય ઘેલો !

(૪) સોળે શણગાર સજી લેવા __________________એણે હાથવગો રાખ્યો છે મોડ.

સ. ૮. **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) સૂરજના કોપથી ધરતી __________________

(અ) સૂકાઈ જઈ તેમાં ઉઝરડા પડે છે (આ) સૂકાવાથી પાણી માંગે છે (ઇ) વધુ તપે છે

(૨) સૂરજના માનસિક સંતુલન ખોરવાયાની ચર્ચા __________________ થાય છે.

(અ) ધરતી પર (આ) આભમાં (ઇ) લોકોમાં

(૩) વરસાદને રીઝવવા માટે ગવાતો રાગ ------------------

(અ) ભૈરવી (આ) મલ્હાર (ઇ) કેદાર

(૪) મોરના સૂરથી વરસાદ ------------------વરસવા ઘેલો બને છે.

(અ) ધોધમાર (આ) સાંબેલાધારે (ઇ) મુશળધાર

સ. ૯. **(અ) ઘટનાને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) સૂરજના માનસિક સંતુલન ખોરવાઈ જવાની આભમાં ચર્ચા થાય છે.

(૨) ધરતીને લીલી ચૂંદડી ઓઢવાના કોડ છે.

(૩) વાદળને ધરતી સાથે પાણી અને વીજળીનો ખેલ ખેલવા કહે છે.

(૪) પવન સૂર્યના પ્રખર તાપને ઠારી શકતો નથી.

**(બ) નીચેના અર્થ દર્શાવતી પંક્તિ શોધીને લખો :**

(૧) વીજળી અને પાણીને સાથી બનાવી ધરતી સાથે રમતની શરૂઆત કરો.

(૨) સૂર્યના તાપથી દાઝેલી ધરતીને પવન પણ શાતા આપી શકતો નથી.

(૩) સોળે શણગાર સજવાની આતુરતા હોવાથી તેણે મોડિયો પણ તૈયાર રાખ્યો છે.

(૪) વાદળજી તમે ધરતીના લીલી ચૂંદડી ઓઢવાના કોડ પૂરવા પધારો.

**સ. ૧૦. 'વાદળજી વાયડાઈ મેલો' શીર્ષકની યથાર્થતા તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.**

**સંભાષણ ★** જો વરસાદ ન પડે તો ......... વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ ★** વર્તમાનપત્રોમાંથી કે સામયિકોમાંથી અતિવૃષ્ટિના ચિત્રો શોધીને પ્રોજેક્ટ બુક તૈયાર કરો.

**ઉપક્રમ ★** 'ખેડૂતો' અને 'વરસાદ' આ બે શબ્દો આધારે એક નાનકડો પ્રસંગ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **સાચા શબ્દ ફરતે ગોળ કરો :**

(૧) સંતૂલન સંતુલન શંતુલન (૨) ઊઝરડો ઉજરડો ઉઝરડો

(૩) સાંબેલાધાર શાંબોલાધાર સામ્બેલાદાર (૪) લીલવણી લિલવણી લીલવણિ

★ **નીચેના નામ માટે કાવ્યમાં વપરાયેલા વિશેષણ શોધીને લખો :**

(૧) ______ એંધાણ (૨) ______ચૂંદડી (૩) ______શણગાર (૪) ______સંતુલન

★ **આપેલા બંને વાક્યો કૌંસમાંના શબ્દનો ઉપયોગ કરીને જોડો :**

દા.ત. : પુષ્કળ તાપ પડે છે. (થી)------ ધરતી સૂકી ભઠ બની ગઈ છે.

જવાબ : પુષ્કળ તાપ <u>પડવાથી</u> ધરતી સૂકી ભઠ બની ગઈ છે.

(૧) સાંબેલાધાર વરસાદ પડે છે. (ને કારણે)
ચારે તરફ પાણી પાણી થઈ ગયું છે.

(૨) વરસાદના એંધાણ વરતાય છે. (થી)
મોરલાઓ ટહુકી રહ્યાં છે.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વાદળની રેલગાડી

વાદળની રેલગાડી આવે રે લોલ
પવનભાઈ પોત્તે ચલાવે રે લોલ
ગરજીને વ્હીસલ વગાડે રે લોલ
ટહુકાઓ સિગ્નલ દેખાડે રે લોલ
ડબ્બામાં છલકાતા છાંટા રે લોલ
મેઘધનુષ એના છે પાટા રે લોલ
સ્ટેશન આવે તો જરા થોભે રે લોલ
ભીંજાતા ગામ કેવા શોભે રે લોલ
ખળ ખળ ખળ ઝરણાંઓ દોડે રે લોલ
ઊંચા બે પર્વતને જોડે રે લોલ
ખેતર કયે ખેડૂતજી આવો રે લોલ
મનગમતા સપનાઓ વાવો રે લોલ
કૂંપળબાઈ દરવાજા ખોલે રે લોલ
લીલ્લુંછમ લીલ્લુંછમ બોલે રે લોલ

– કૃષ્ણ દવે

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને વર્ણન કરો.




વાદળ પાસેથી વરસતાં શીખવાનું છે.



# ૧૬. સાચું ઘી

**ગિરીશ ગણાત્રા**

૫ ઑગસ્ટ, ૧૯૪૦ના રોજ સૌરાષ્ટ્રના હળિયાદ ગામે તેમનો જન્મ થયો હતો. એલ.એલ.બી.ના અભ્યાસ બાદ તેઓ અમદાવાદ ખાતે બૅંક ઑફ બરોડામાં જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત થયા.

'તુરંગોને પેલે પાર', 'મધુ પેપ્પી પૂતળી', 'સાહસ પાડે સાદ', 'સાગરરાજની સંગાથે' વગેરે તેમની સાહસકથાઓને ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. 'ઢીંગલાભાઈનાં પરાક્રમો' જેવી બાળકથાઓનું સર્જન પણ તેમણે કર્યું છે. તેમનાં 'ગોરસ કથા' ખૂબ લોકભોગ્ય બની હતી. ૧૯ ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ તેઓ અવસાન પામ્યા હતાં.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિનું મુખ્ય પાત્ર 'વજી' વધુ પૈસા કમાવાની લાલચે અપ્રામાણિકતા અને અનીતિ આચરતા ખચકાતી નથી. ગ્રાહકોનો વિશ્વાસ સંપાદિત કરવા માટે પોતાના એકના એક દીકરાના સોગંદ ખાતા પણ તે વિચાર કરતી નથી. વધારે પૈસા મેળવવા તે ગ્રાહકો સાથે છેતરપીંડી કરે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે, 'ખોટું કામ કરનારને, ફળ પણ તેવું થાય; બાવળ બારણે વાવીને, કેરી કેમ ખવાય ?' એમ ઈશ્વર અયોગ્ય અને અનીતિભર્યા કામનું ફળ આપે જ છે. તે ન્યાયે તેને કુદરતની આકરી સજા ભોગવવી પડે છે. પોતાના એકના એક દીકરાનું અકસ્માતમાં મૃત્યુ થાય છે. કુદરતના આવા કારમા આઘાતથી તેનું હૃદય પરિવર્તન થાય છે. તે પ્રાયશ્ચિતના તાપમાં પોતાની અનીતિને અને અપ્રામાણિકતાને ભસ્મ કરી નાંખે છે. તેની આંખ સાચા અર્થમાં ખૂલી જાય છે. તે ઘી વેચવાનો ધંધો છોડીને બીજો ધંધો પ્રામાણિકપણે શરૂ કરે છે. આમ કુદરતે મારેલી થાપટમાંથી તે પાઠ ભણે છે અને પ્રામાણિકતાના સથવારે સદ્‌માર્ગે વળી જાય છે.

એનું નામ વજી,


આ વજીબાઈ એના ગંદાગોબરા છોકરાને કાખમાં નાખી ઘી વેચવા આવે – ક્યારેક સૌરાષ્ટ્ર તો ક્યારેક સાબરકાંઠાનું; ક્યારેક કચ્છ તો ક્યારેક ગીરનું. નાનકડા ઍલ્યુમિનિયમના દેગડામાં બેથી ત્રણ-ચાર કિલો ઘી લઈ વેચવા નીકળે. એના ઘરાકો કાલબાદેવીથી કાંદિવલી સુધી પથરાયેલા. બપોરના બારથી ચાર-સાડાચારના ગાળામાં એ દેખા દે, જ્યારે ગૃહિણીઓ ઘરકામથી પરવારી છાપું લઈ આડી પડી હોય ત્યારે. બરાબર એવે વખતે વજી ટહુકો કરે –

'બે'ન, ઘી લેવું છે ? તાજું, ચોખ્ખુ, ચોટીલાનું ઘી છે. તમારો નાનકો ખાશે તો રાભડા જેવો થઈ જશે...'

ઘીનાં વખાણ સાંભળી ગૃહિણી ઊભી થાય. આજુ-બાજુની પાડોશણો પણ ભેગી થાય. નાનકડી એક વાટકીમાં ઘી નીકળે. સૌ એની સોડમ માણે. હાથ પર ઘસે, ફરી ફરીને સૂંઘે ને દાણાદાર ઘી જોઈને પૂછે :

'અલી, ક્યાંથી લાવી ?'

'ચોટીલાથી. આ ગગાના બાપા આ વખતે ચોટીલા ગ્યા'તા તે ભાઈએ તાણ્ય કરીને દસ શેરનું દેગડું બાંધી દીધું.' એમાંથી પાંચ શેર ઘી અમારાં વાલકેશ્વરનાં શેઠાણીને આપ્યું. બાકી રહ્યું તે અહીં લઈ આવી. આ બાજુયે



અમારે ઘરાક સાચવવાં જોઈએ ને...!'

પછી તો વાટકીમાં આંગળીઓ બોળાય, ઘી ચખાય, ને વળી જો કોઈને શંકા જાય તો રૂની વાટ મંગાવી, ઘીમાં ઝબકોળી એનો દીવો કરાય ને વજી પૂછે, 'લ્યો બે'ન, કરી લ્યો ખાતરી. જરાય તડતડે છે ? આ ગગાના સમ. આ સાત ખોટના છોકરાના સોગ'દ, જો ખોટું' ઘી વેચ્યું તો...'

એ પછી ઘરમાંથી તપેલીઓ નીકળે, ત્રાજવાં-તોલાં મંગાવાય, ઘડા થાય ને ઘી જોખાય. જોતજોતામાં વજીનું દેગડું ખાલી થઈ જાય.

વજીએ આજ સુધીમાં કેટલા કિલો ઘી વેચ્યું હશે એ તો એક વજી જ જાણે. એના ઘીના બંધાણી ઘરાકો વજીની અમુક સમયે અચૂક રાહ જુએ. પણ વચમાં વજી દેખાણી જ નહિ. લગભગ છ-આઠ મહિના થઈ ગયા હશે. એ પછી દેખાણી ત્યારે એના હાથમાં કંતાનનો એક મોટો થેલો હતો ને થેલામાં કીડી-મંકોડા-વાંદા મારવાનો પાઉડર, ફિનાઈલની બૉટલો અને વાસણો ઊજળાં કરવાના પાઉડરનાં પૅકેટ હતાં.

'ઘણા દિવસે તું દેખાણી, વજી. ક્યાં બહારગામ ગઈ'તી?'

'ના રે શેઠ, મુંબઈમાં જ છું. ટિકિટભાડાના પૈસા કંઈ રેઢા પડ્યા છે ?'

'તો પછી ધંધો બદલ્યો કે શું ? ઘીમાંથી ફિનાઈલ પર વળી ક્યારથી આવી ગઈ ?'

જવાબમાં એની આંખમાંથી રેલા નીતર્યા. પછી સાડલાથી આંખ સાફ કરી બોલી, 'ફિનાઈલ લેવું છે શેઠ, હાઈ ક્લાસ કોલિટીનું છે...'

'પણ આ ઘીનો ધંધો કેમ બંધ કર્યો એ વાત કર, પછી ફિનાઈલની વાત.'

'શેઠ, છોકરો પાછો થ્યો...' કહી એ ફરી રડી પડી.

'અરર ! .... બહુ ખોટું થયું ! કંઈ રોગ હતો ?'

'નખમાંય રોગ નો'તો. રસ્તામાં દોડવા ગ્યો ને ગાડીની હટફેટે આવી ગ્યો... બસ, ત્યારથી આ ઘીનો ધંધો બંધ કર્યો છે...'

'હશે ! છોકરો એનું નસીબ લખાવીને આવ્યો, તેટલાં વરસ જીવ્યો. બીજું શું ?'

'ના રે ના, શેઠ, છોકરાના ખોટા ખોટા સોગંદ ખાઈને બધાને ઘી ભટકાડ્યુ'તું, તે ઉપરવાળો એમ શેં સાંખી લ્યે ? બહુ સમ ખાધા'તા તે એમાં જ દીકરો ગ્યો. કોઈ દી ખોટા સમ ખાવા નહિ : ને ખોટી વસ્તુ કરવી નહિ એવું નીમ લીધું છે...'

'તે તારું ઘી...'

'શાનું શેઠ ? વનસ્પતિ હતું, વનસ્પતિ ! અમારા જ ગામનો એક જણ વનસ્પતિ ઘીની ફેક્ટરીમાં કામ કરતો'તો. એની પાસેથી ઘીનું કીટુ.' વેચાતું લેતી. ઈ ત્યાં ચોરી કરે ને હું અહીં. ઘરમાં આ કીટાને ઉકાળીએ. એમાં મૂળિયાં પાંદડાં નાખી નિતારીએ. સોડમ લાવવા એક જાતના તેલનાં ટીપાં નાખીએ... અમારો હાથકસબ જ એ બધો. એવું ખોટાડું ઘી લઈ, ગગાના સમ ખાઈ ખાઈને એને સાચા ઘીમાં ખપાવતી'તી ને મહિને સાતસેં આઠસેં રૂપિયા પાડી લેતી'તી. હવે તમે જ ક્યો, શેઠ, ઉપરવાળો આ બધું શે' સાંખી લ્યે ? એણે છોકરાને ઉપાડી લઈ આંખ ઉઘાડી દીધી. તે આજનો દી ને કાલની ઘડી – ઘી વેચવું જ બંધ કર્યું. એ ખોટો ધંધો હવે બંધ કરી દીધો... લ્યો ત્યારે ફિનાઈલ લેવું છે કે પાઉડર લેવો છે ?'

વજીની આંખમાંથી પ્રાયશ્ચિત નીતરી રહ્યું...

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલા પ્રામાણિકતાના મૂલ્યને પોષક એવી અન્ય વાર્તા કે પ્રસંગો કહેવા. વિદ્યાર્થીઓ જાણતા હોય તો તેમની પાસેથી પણ સાંભળવા અને અન્યને સંભળાવવા. પ્રસ્તુત વાર્તાના વિષયવસ્તુને આકર્ષક શૈલીમાં વાર્તા રૂપે જ સ્પષ્ટ કરવું. તેમ કરતાં કરતાં લઘુ પ્રશ્નો પૂછીને તેમજ વિદ્યાર્થીઓના અંગત અભિપ્રાયને જાણવા માટે સક્રિય ચર્ચા કરવી. 'વજી'ની જગ્યાએ અન્ય કોઈ હોત તો શું કરત અથવા તો આપણે હોઈએ તો શું કરવું જોઈએ તેની ચર્ચા ખુલ્લા દિલે કરીને વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાના મૂલ્યને સારી રીતે દઢ કરવાનો સકારાત્મક પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં આપેલા શબ્દ શોધો :**

(૧) બગલ (૨) સુગંધ (૩) ગ્રાહક (૪) પસ્તાવો

(૫) સાડી (૬) વ્રત (૭) દીકરો (૮) નસીબ

**સ. ૨. અર્થ બદલ્યા વગર વાક્ય ફરીથી લખો :**

(૧) <u>તાજા</u> ઘીમાંથી સરસ સોડમ આવે છે.

(૨) પર્વત પર <u>ચઢવું</u> કપરું છે.

(૩) <u>ઠંડો</u> પવન શરીરને આનંદ આપે છે.

(૪) વાડીનો રખેવાળ <u>પ્રામાણિક</u> છે.

(૫) ધંધામાં <u>નફો</u> થાય તો આનંદ થાય.

(૬) માલિકના <u>વિશ્વાસપાત્ર</u> બનવું જોઈએ.

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) નખમાંય રોગ ન હોય તેવો –
(૨) ચૂકી ન જવાય તેવું –
(૩) ઘી ને તાવ્યા પછી નીચે જામી ગયેલો કચરો –
(૪) પાણી ભરવાનું સાધન –

**સ. ૪. રૂઢિપ્રયોગને તેના અર્થ સાથે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) આંખ ઉઘાડી દેવી | (અ) સહન કરવું |
| (૨) પાછું થવું | (આ) આગ્રહ કરવો |
| (૩) સાંખી લેવું | (ઇ) અથડાઈ જવું |
| (૪) તાણ કરવી | (ઈ) ભાન કરાવવું |
| (૫) હડફેટે આવી જવું | (ઉ) મૃત્યુ પામવું |

**સ. ૫. દૂધમાંથી ઘી બનાવવાની ક્રિયાને ક્રમમાં ગોઠવો :**

(૧) વલોવવું (૨) દૂધ ગરમ કરવું (૩) તાવવું
(૪) દોહવું (૫) મેળવવું (૬) ઠંડુ કરવું

**સ. ૬. લખો :**

(૧) ઘી વેચવા આવનાર –
(૨) ઘી લેવા ભેગા થનાર –
(૩) તાણ કરીને દસ શેરનું દેગડું બાંધી આપનાર –
(૪) પાંચ શેર ઘી લેનાર –
(૫) ગાડીની હડફેટે આવી જનાર –
(૬) વજીને ધંધો બદલવાનું કારણ પૂછનાર –

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) 'વજી' ____________________ ઘી વેચતી હતી.
(અ) સાબરકાંઠાં, કચ્છ, ગીર જેવાં સ્થાનેથી લાવેલું (આ) બજારમાંથી સસ્તા ભાવે લાવેલું
(ઇ) ઘરના દૂધાળાં પ્રાણીઓનાં દૂધમાંથી બનાવેલું

(૨) વજીએ ઘી નો ધંધો બદલી નાંખ્યો. કારણ કે ____________________.
(અ) ઘીના ધંધામાં બરકત રહી નહોતી (આ) નવા ધંધામાં બરકત વધારે હતી
(ઇ) ખોટા કામની સજા મળી અને તેનો દીકરો મરી ગયો

(૩) ઘી ચોખ્ખું છે તે સાબિત કરવા ____________________.
(અ) ચાખવા આપતી (આ) ખોટના દીકરાના સોગંદ ખાતી (ઇ) તે ઘીનો દીવો કરતી

(૪) વજી વનસ્પતિ ઘીના કીટામાંથી ચોખ્ખું ઘી મેળવવા ____________________.
(અ) ઘીના કીટાને ઉકાળી તેમાં મૂળિયાં, પાંદડાં નાખી ભેળસેળ કરતી
(આ)ઘીના કીટામાં બજારમાંથી લાવેલું થોડું ચોખ્ખું ઘી અને વનસ્પતિ ઘીની ભેળસેળ કરતી
(ઇ) ઘીના કીટામાં શીંગદાણાનું તેલ નાંખી ભેળસેળ કરતી

(૫) આ પાઠ આપણે બોધ આપે છે કે ____________________.
(અ) ભેળસેળ કરી વધુ પૈસા કમાઈ શકીએ (આ) લોકોને જાળમાં ફસાવતાં શીખવું જોઈએ
(ઇ) ખોટાં કામ કરવાથી ઈશ્વર સજા કરે અને નુકસાન થાય

સ. ૮. વિચારીને લખો :

(૧) 'વજીનો ટહુકો' – ટહુકામાં ઉચ્ચારાયેલું વાક્ય
(૨) ઘીને બદલે વજીએ સ્વીકારેલો નવો ધંધો
(૩) ઘી લેતા પહેલા ગૃહિણીઓ ઘીની કસોટી કરતી તે રીત
(૪) વજીના દીકરાના મૃત્યું કારણ
(૫) વજીએ ખોટું કામ ન કરવાનું નીમ લીધાનું કારણ

સ. ૯. વાવો તેવું લણો, દાનત તેવી બરકત, જેવી કહેવતો આ પાઠના વિષયવસ્તુ સાથે તમે કેવી રીતે અનુબંધિત કરો છો તે તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

**સંભાષણ** ★ 'અહીંનું કર્યું અહીં જ ભોગવો' વિષય ઉપર વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ અમૂલ ડેરીની નીચેની વસ્તુઓના ખાલી રેપર કે ડબ્બા મેળવો અને તે ચાર્ટ પેપર ઉપર ચોંટાડો. સામે તેની ઉત્પાદન તારીખ, પેકીંગ તારીખ, કિંમત, તે બનાવવા માટેની સામગ્રી વગેરે ઉપયોગી માહિતી લખીને ચાર્ટ બનાવો. (૧) બટર (૨) ચોકલેટ (૩) શીખંડ (૪) પનીર

**ઉપક્રમ** ★ 'ગિરીશ ગણાત્રા' ની અન્ય નાની વાર્તાઓ ઇન્ટરનેટ પરથી મેળવીને વાંચો.

## ભાષિક સમજ

★ નીચેના વાક્યોનું ભૂતકાળમાં રૂપાંતર કરો :

(૧) વજી કાખમાં છોકરાને લઈ ઘી વેચવા નીકળે છે.
(૨) તું ઘીનો ધંધો કેમ બંધ કરે છે ?
(૩) પાંચ શેર ઘી વાલકેશ્વરના શેઠાણીને આપ્યું છે.
(૪) હું ખોટું બોલીને ઘી વેચું છું.

★ વિરુદ્ધ જાતિના શબ્દો યોગ્ય રીતે જોડો :

| વિભાગ 'અ' | | વિભાગ 'બ' | |
|---|---|---|---|
| (૧) | શેઠ | (અ) | ગૃહિણી |
| (૨) | ગૃહસ્થ | (આ) | સન્નારી |
| (૩) | સજ્જન | (ઇ) | સામ્રાજ્ઞી |
| (૪) | સમ્રાટ | (ઈ) | શેઠાણી |

★ અધોરેખિત નામનો પ્રકાર જણાવો :

(૧) આ ચોટીલાનું <u>ઘી</u> છે.
(૨) ઘીની <u>સોડમ</u> તો માણી જુઓ.
(૩) ઘી લેવા બધી <u>ગૃહિણીઓ</u> ભેગી થતી.
(૪) <u>ચોટીલાનો</u> ડુંગર કાઠિયાવાડમાં છે.
(૫) અકસ્માત થતાં <u>ટોળું</u> ભેગું થઈ ગયું


## હું વાંચું ......... તમે પણ વાંચો.

### તો પણ

જેને બાંધવા તમારાં અમૂલ્ય વર્ષો ખર્ચો છો
તેને એક રાત માત્રમાં તોડી પાડવામાં આવે –
– તો પણ બાંધવાનું, રચવાનું ચાલુ રાખો !
પ્રામાણિકતા અને નિખાલસતા તમને ટીકા પાત્ર બનાવે
– તો પણ સદૈવ પ્રામાણિક અને નિખાલસ રહો !
આજે તમે જે ભલું કરો છો ને આવતી કાલે ભુલાઈ જશે.
– તો પણ ભલું કરવામાં પાછી પાની ના કરશો !
જે નૂતન છે તે નૂતન હોય અથવા
પુરાણા વિચારો જ નૂતન સ્વરૂપે હોય
– તો પણ નવીનતા માટે મથતા રહો !
જીવનમાં સિદ્ધિનાં શિખરો સર કરશો
તો જૂઠા મિત્રો અને દાના દુશ્મનો મળશે
– તો પણ સિદ્ધિ હાંસલ કરવાનું ના છોડશો !
તમે સત્કાર્યો કરશો તો પણ લોકો
તમારા પર તકસાધું દોષારોપણ કરશે
– તો પણ સત્કર્મો તો કરતા જ રહેજો !
તમારામાં જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપશો
તોય દુનિયા તમારા મોઢા પર લાત મારશે
– તો પણ તમારું શ્રેષ્ઠ દુનિયાને આપો !

– જોસેફ મેકવાન

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરી એક વાર્તા લખો.



ધંધામાં અનીતિ સર્વનાશ નોતરે છે.

8GBSS8

## પુસ્તક સમીક્ષા

મિત્રો, તમે ચોથા ધોરણથી પૂ.સાને ગુરુજી લિખિત અને નટવર પટેલ અનુવાદિત 'શ્યામની મા' પુસ્તકનું એક-એક પ્રકરણ શીખી ગયા છો તે યાદ છે ને ? ધો. ૪માં 'ભૂતદયા', ધો.૫માં 'મૂંગા ફૂલ', ધો.૬માં 'પાતળ' અને ધો.૭માં 'પવિત્ર આંસુ' જેવા પાઠો તમે શીખી ગયા છો. જો ભૂલી ગયા હો તો ફરી એકવાર આ બધાં જ પ્રકરણ વાંચી જાઓ. આ પુસ્તકના અન્ય પ્રકરણો વાંચવાનું પણ તમને અવશ્ય મન થશે. આ પુસ્તકમાં કુલ ૪૫ પ્રકરણો છે.

★ કોઈપણ પુસ્તકની સમીક્ષા કેવી રીતે થાય તેનું ઉદાહરણ અહીં આપેલું છે. આ સમીક્ષા વાંચ્યા પછી તમે જે પુસ્તક વાંચ્યું હોય તેની સમીક્ષા તમારા શબ્દોમાં લખીને તમારા વર્ગશિક્ષકને ચોક્કસ બતાવશો.

## સમીક્ષા

'શ્યામની મા' પુસ્તકના દરેક પ્રકરણને 'રાત્રિઓ' નામ આપેલું છે. કારણ કે આ પુસ્તકનું લેખનકાર્ય રાત્રે થયું છે. લેખક સાને ગુરુજીનું નામ શ્યામ અને તેમની માતાનું નામ યશોદા હતું. માતૃપ્રેમના મંગલસ્તોત્ર સમા આ પુસ્તકનું દરેક મહારાષ્ટ્રીયનના હૃદયમાં એક ધર્મગ્રંથ જેવું સ્થાન છે.

લેખકે આ પુસ્તકમાં સદ્‌ગુણો અને સૌંદર્યોને સરળ ભાષામાં વર્ણવીને યુવાપેઢીને અમૂલ્ય ભેટ આપી છે.

મૂળ મરાઠી ભાષાના આ પુસ્તકનો ઘણી ભાષામાં અનુવાદ થયેલો છે અને ૫૦ થી પણ વધારે આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે.

૨૩૦ પાનાના આ પુસ્તકના દરેક પાને રત્નકણિકા નજરે ચડે છે. તેથી જ વારંવાર વાંચવાનું મન થાય છે.

એક ગ્રામ્યજીવન જીવતી અભણ માતા સહજતા અને સરળતાથી પોતાના સંતાનોનાં જીવનમાં ઉચ્ચ મૂલ્યોનું સિંચન કરી શકે છે. શ્યામને નાની ઉંમરથી જ સમજ આપી કે, 'નાના-મોટાનો ભેદ ભૂંસી નાંખવો જોઈએ.'

માટીમાં પોતાના ભીના પગ મૂકશે તો ગંદા થઈ જશે એવા ચોખલિયાવેડા કરતાં શ્યામને મા અકળાયા વગર શાંતિથી સમજાવે છે કે, 'શ્યામ, પગ ગંદા ન થાય એનું આટલું ધ્યાન રાખે છે તો મન ગંદુ ન થાય એનું પણ એટલું જ ધ્યાન રાખજે હોં ! ભગવાનને કહેજે તને ચોખ્ખી દાનત આપે.'

એક વખત આંગણામાંના ઝાડ પરથી પક્ષીનું નાનકડું બચ્ચું ટપ કરતું પડ્યું. ખૂબ ઊંચેથી પડવાને કારણે તેને ખૂબ માર વાગ્યો હતો. એને તકલીફમાં જોઈને શ્યામનું હૈયું વલોવાઈ ગયું. તેને જીવાડવાના ખૂબ પ્રયત્નો કરવા છતાં એ મરી ગયું, ત્યારે દુઃખી શ્યામને સાંત્વના આપતાં મા કહે છે, 'મનમાં ઓછું ન આણીશ. તે એને કેટલું વહાલ કર્યુ ?' ભગવાન પણ તને વહાલ કરશે. કીડી, મંકોડાને, પશુપંખીને જે કંઈ આપો એ સો ગણું કરીને ભગવાનજી પાછું આપે છે.

રોજિંદા જીવનના આવા કેટલાય નાના-મોટા પ્રસંગોમાંથી મરમ શોધી કાઢીને એક મા પોતાના પુત્રને આદર્શ અને સાચો માનવ બનાવવા માટે ઘાટ ઘડતી જાય છે. એનું ઉત્તમ દૃષ્ટાંત આ પુસ્તક છે. ચોરી ન કરવી, જૂઠું ન બોલવું, માતા-પિતા કે અન્ય વડીલો સાથે કેવું વર્તન હોવું જોઈએ, ભાઈ-બહેન, મિત્રો, ઘરના કામકાજ કરતા નોકરિયાત વર્ગ-દરેક સાથેનું વર્તન સૌહાર્દપૂર્ણ હોવું જોઈએ. માએ અનેક વાતો પોતાના સંતાનોને પોતાના વાણી-વર્તન એટલે કે આચરણ દ્વારા શીખવી હતી.

પુસ્તક વાંચતી વખતે વારંવાર આપણી આંખો છલકાઈ ઊઠે છે. આપણાથી પણ શ્યામની માતાને અહોભાવપૂર્વક આપોઆપ જ વંદન થઈ જાય છે.

# किशोर





**कथा, कविता, कादंबरीका, एकांकिका, दीर्घकथा, गंमतगाणी, ललित, छंद, चरित्र, विज्ञान, देश-देशांतर, लोककथा**

*लोकप्रिय व अभिरुचिसंपन्न किशोर मासिकातील चाळीस वर्षांतील निवडक साहित्यांवर आधारित 'निवडक किशोर'चे १४ खंड*







किंमत प्रत्येकी
₹१६३/-
(30% सूट)

वरील खंड पाठ्यपुस्तक मंडळाच्या सर्व भांडारांत विक्रीसाठी उपलब्ध आहेत. १४ खंडांची एकूम किंमत ₹ १६००/-





किशोर

**वरील खंडांच्या खरेदीसाठी मंडळाच्या पुढील विभागीय भांडारांशी संपर्क साधा.**

पुणे (०२०- २५६५९४६५), मुंबई (गोरेगाव) (०२२-२८७७१८४२), औरंगाबाद (०२४०- २३३२१७१), नागपूर (०७१२-२५२३०७८/ २५४७७१६), नाशिक (०२५३- २३९१५११), लातूर (०२३८२- २२०९३०), कोल्हापूर (०२३०- २४६८५७६), अमरावती (०७२१-२५३०९६५), पनवेल (०२२- २७४६२६४५)



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता आठवी (गुजराती)

₹ 49.00